શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૨મું
જાન્યુઆરી : ૨૦૧૯ ● અંક : ૦૭
પાના નં. ૧ ● કુલ પેજ : ૫૨

૧૫ જાન્યુઆરી, ૨૦૧૯ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૧-૨૦૧૯ કિંમત : રૂા. ૧૮/-







આ અંકના સૌજન્યદાતા

સૂર્યરથ
આધુનિક અગન બંબા

રીંગ રોડ ચાર રસ્તા પાસે, ઓઢવ રોડ, અમદાવાદ.
કલર કોટેડ નાળીવાળા પતરા, આધુનિક અગન બંબા વગેરે.

ONE CENTRE
Gujarat's no. 1 Retail Chain

Gujarat's No. 1 Retail Chain
Ahmedabad & Other Places in Gujarat

તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) ● દિનેશભાઈ આર. મહેતા ● ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬. ● ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.



Sunil R. Suthar, SID, CEPT : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600

**HOME DESIGN**
**FURNITURE**
Showroom & Mfg. of Wooden Furniture

Office : Shop No. 102, 1st Floor, Sarthak-II, Opp. Rajpath Club, S.G. Highway, Ahmedabad-380 051.
Factory : Plot No. 64-65-66, Swagat, 3, Industrial Estate, Kuha - Kanbha Road, Kuha, Ta. : Dascroi, Dist. : Ahmedabad.
E-mail : homedesign3202@gmail.com

*Specialist for*
Dining Table
Sofa Set
Bedroom Set

**જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....**

આપના પરિવારમા આવતા વિવિધ પ્રસંગોએ તેમજ કુદરતી મુશ્કેલભર્યા અવસરોએ આપના અમુલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલાવવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકો છો અથવા પ્રતિનિધિઓને રૂબરૂ બોલાવી શકશો.

**શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન**

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
કાર્યાલય શ્રી અશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલો માળ, ઓફિસ નં. ૧૨૭ । ૧૩૦
ભુજ - કચ્છ (ગુજરાત), ૩૭૦ ૦૦૧ ફોન : ૦૨૮૩૨ - ૨૨૭૩૦૪ મો. : ૦૯૯૦૪૮૩૧૫૧૪

મુંબઈ ઓફિસ :
માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
૩૦૭ । ૩૧૧ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુળ ધામ હોટલની બાજુમા, મુંબઈ ૪૦૦ ૦૦૪
૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦, ૯૯૨૦૨ ૯૮૭૨૬, ૯૯૧૩૯ ૫૩૮૫૬

મૂકેશભાઈ સાવલા : ૯૮૨૫૦ ૩૪૫૬૯
સાગર સાવલા : ૯૪૭૯૧ ૧૩૦૯૪

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદને તથા તેના મુખપત્ર 'કચ્છશ્રુતિ'ને શુભેચ્છા....**

**શ્રી મૂકેશભાઈ એમ. સાવલા**
૧૦, શૈલરાજ બંગ્લોઝ, આમ્રપલાસ બંગ્લોઝ,
ફન રીપબ્લિકની પાછળ,
રામદેવનગર, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

Maheshbhai M. : 92272 11715
SGI
Parag Kataria M. : 99247 19527

**SWASTIK GUM INDUSTRIES (INDIA)**

■ Manufacturers & Exporters of ■
Premium Quality Gluten Free Rice Flour,
Guar Gum Powder, Guar Meal & its Variants
Spices & Other Agro Products

Registered Office
328, G.V.M.S.A.V., Odhav, Ahmedabad-382 415, Gujarat, India.
Tel. : +91 79 22900063/64 Fax : +91 79 22900065
E-mail : swastikgum@gmail.com Web : www.swastikgum.com

iolite

**SCHOOL MANAGEMENT SOFTWARE**

**IOLITE SOFTWARES PRIVATE LIMITED**
406, Tilakraj Complex, B/h Center Point, Panchavati,
Ellisbridge, Ahmedabad - 380 006, Gujarat, India.
T +91-79-2646 4846, 2644 1050, M +91-92270 00105
E rahul@iolitesoftwares.com, www.iolitesoftwares.com

ip
**INDOTEX PAINTS**
• DURABLE • DECORATIVE • PROTECTIVE

Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (O) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

જીવદયા   કરૂણા   અહિંસા   લુણી   પાંજરાપોળ

**શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર**
(લુણી - મુંબઈ) કુ. જ્યોતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ
પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર
બિમાર પશુ-પક્ષીઓનુ દવાખાનુ
એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક

બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન

કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્સન, ગોકુળધામ હોટલની બાજુમાં, અલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦
કાર્યક્ષેત્ર : ગામ - લુણી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૭૦

INSTA-POWER
Humble Efforts to Provide Quality Power
www.comfortinstapower.com
ISO 9001:2008, Certified Company



**DISTRIBUTION TRANSFORMER**
11 KV, 22 KV & 33 KV Class
upto 7000 KVA, Confirming to
IS-2026, IS-1180, 2014

**OTHER PRODUCTS**
■ Furnace Transformer ■ Lighting Transformer ■ Isolation Trnasformer
■ Online UPS ■ Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA


WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB


**COMFORT INSTA-POWER LTD.**


| Corp. & Regd. Office | Works 1 (Anjar - Kutch) | Works 2 |
|---|---|---|
| Vadodara. Mo. : 9825374323 | Mo. : 9925203489 | (Waghodia - Vadodara) |



www.artnirman.com
A Project by: ART Nirman Ltd.
श्री विष्णुधारा GARDENS
2&3 BHK | SHOPS | OFFICES
WITH ALL BRANDED FITTINGS
FOR THOSE WHO CARE FOR QUALITY
The Limitless Luxury Living
The landmark housing project @ Gota.
SAMPLE HOUSE READY
100%* LOAN PAPERS AVAILABLE
ALL USEFUL AMENITIES
RED APPLE MEDIA
Lush Green Landscaping | Affordable Luxury | Blissful Living
WITH ALL USEFUL LUXURIOUS AMENITIES
Attractive Garden
Kids Play Area
Club House
Community Hall
Jogging Track
4 Star Guest House
Basement Parking
Multi Purpose Court
SITE OFFICE : BEHIND EULOGIA HOTEL, OFF. S.G. HIGHWAY, GOTA, JAGATPUR, AHMEDABAD.
FOR BOOKING / INQUIRY CALL ▸ 88 66 71 44 99 | 88 66 38 44 99


# સૌંદર્યલક્ષી શ્રેષ્ઠ પ્રકાશનો







**આ પ્રકાશનો અંગ્રેજી, હિન્દી અને મરાઠી ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે.**

**દરેક બુકસેલરને ત્યાં મળે છે.**

NAVNEET®

Like us on /navneet.india | www.navneet.com

**નવનીત એજ્યુકેશન લિમિટેડ**


ONE CENTRE®
Gujarat's no. 1 Retail Chain
DEAL SE!
ONE CENTRE®
Gujarat's no. 1 Retail Chain
159
ની બધીજ વસ્તુઓ
મફત
499 અને 799
ની ખરીદી પર
14 STORES 8 CITIES
AHMEDABAD
Kalasagar Shopping Mall, Satadhar Cross Roads
Dev Arc Mall, Nr. Iscon Cross Roads
Arved Transcube Plaza, Ranip Bus stand
ANAND
Nilamber Complex, Vidhyanagar Road
BARODA
Ved Transcube Plaza, Central Bus Stop
Southwest Central mall , Sun Pharma Road
BHUJ
Seven Sky Mall, Airport Road,
MEHSANA
Shiv Ganga-2, Opp. D-Mart, Panchot Circle,
PALANPUR
Adinath complex, Deesa Road
RAJKOT
Opp. Crystal Mall, Kalawad road
SURAT
Wood Square, LP Savani Road, Adajan
Rahul Raj Mall, Dumas Road
DR WORLD, Parvat Patiya
Madhuram Arcade, Dindoli
8000055944 | onecentreretail.com


કલર કોટેડ નાળીવાળા પત્તરા
40" પહોળાઈમાં આપની લંબાઈ મુજબ
सूर्यरथ ®
આધુનિક અગન બંબા
सूर्यरथ
FIRE WOOD GEYSER
લાકડા, ગેસ તથા ડીઝલથી ચાલતું વોટર હિટર
ઘર, હોટલ, હોસ્ટેલ, ધર્મશાળા, મસ્જીદ તથા ફેક્ટરી માટે ઉપયોગી
ગેસ ફાયર ઓટોમેટીક. ૮૦ થી ૧૦૦ લીટર ફક્ત એક સ્વીચથી ઓપરેટ થાય.
PNG OR LPG GAS
40 થી 2000 Ltrs. સુધીના મોડેલ
"सूर्यरथ", રીંગ રોડ ચાર રસ્તા પાસે, ઓઢવ રોડ, અમદાવાદ.
Mo. : 9825031148, 99252 33273
E-mail : suryarath@ymail.com • Web.: www.suryarath.com

**વર્ષ-૩૨ ● અંક - ૭**
**૧૫ જાન્યુઆરી, ૨૦૧૯**

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
**Email : kutchhisamaj@gmail.com**
●
**Kutchshruti Available on**
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**
૨ વર્ષ : રૂા. ૫૦૦/-
૫ વર્ષ : રૂા. ૧૦૦૦/-
આજીવન : રૂા. ૧૫૦૦/-
ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

# આ અંકમાં....

## વિભાગ-૧

**તંત્રી સ્થાનેથી**
- ગુજરાત રાજ્યની નર્મદા યોજનાના અંતિમ ચરણનું વિહંગાવલોકન ........... **અશોક મહેતા**....૯
- શ્રી કચ્છી સમાજ અમદાવાદ : સરસ્વતી સન્માન સમારોહ ....૧૩

**કચ્છ**
- ભૂકંપ પછીનું કચ્છનું અર્થકારણ – ૨ .............................. **CA ડૉ. રાજેશ ખંડોલ**....૧૫
- કચ્છમાં પૃથ્વીનો યુગો જૂનો ઈતિહાસ ભૂંસાઈ રહ્યો છે ........... **સુચિતા બોઘાણી કનર**....૧૯
- આઝાદ ભારતની ટપાલ ટિકિટમાં કચ્છ .......................... **ચંદ્રવદન મહેતા 'સારસ'**....૨૩

**ગુજરાતી કથાગીતો**
- માતાના ઘવાયેલા હૈયાને વાચા આપતું ગીત 'આંધળી માનો કાગળ' ........ **સંકલન : જીના વીરેન શેઠ**....૨૫

**જબાન**
- શબ્દશોધ : અંગ્રેજી શબ્દોની ગુજજુગ્રાફી – (૬) ............................ **તુલસી કંસારા**.....૨૮

**સન્માર્ગ**
- બાળપણ જ સારું હતું.......... **ભોલાભાઈ ગોલીબાર**.....૨૯

**લઘુકથા**
- બોધવાણી .......... **નીતિન એચ. સંઘવી**.....૩૦

**સ્વાસ્થ્ય**
- ૨૧મી સદીમાં માનસિક બાળ ઉછેર – (૩) ............... **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક**....૩૧
  **ડૉ. દિપ્તી શાહ (ગડા) મનોચિકિત્સક અને બાળ મનોચિકિત્સક**

**સફળતા**
- જીવનની પ્રાથમિકતાઓ.. .......... **જાદવજી કાનજી વોરા**.....૩૩

**વિવિધતા**
- મહેસુલી તંત્રના અન્યાય સામે દિવાની અદાલતે આપેલ ન્યાયિક ચુકાદો : ન્યાય મેળવવામાં ત્રણ દાયકાની પરેશાની વેઠતો ખેડૂત..... **શશીકાંત ઠક્કર, એડવોકેટ**....૩૪
- અન્ય સંસ્થાઓના સમાચાર .......... ....૩૫
- શબ્દ શોધ : ક્રમાંક - ૭૯ .......... **પ્રદીપ જોષી - આદિપુર**....૩૬
- હાસ્ય મજાક સાથે જ્ઞાનવૃધ્ધિ : એ..એ...એ... કાપ્યો છે... ........... **ભાવના એ. ઝવેરી**....૩૭
- પ્રતિભાવ .......... ૩૯

**મેઘ ધનુષ**
- મૃત્યુનું કહેણ ● ભુજવાસીઓએ ઉજવી દુષ્કાળગ્રસ્ત દિવાળી... ....... **પ્રા. સૂર્યકાંત ભટ્ટ**....૪૩
- ઉપેક્ષા : **નવીન ત્રિપાઠી 'અલ્પ'** .......... ...૪૩
- દર્દ (તસ્બીહ) : **હુસેન ખત્રી 'કમરે' કચ્છી** ● તું મોબાઈલમાં મસ્ત રહેજે : **નિખિલ ઠક્કર**... ...... ૪૪
- ...મંદી : **અરવિંદ સોમૈયા** .......... ૪૪
- પાણી બચાવવાની વાત : **મહાભાઈ આર. વોરા** .......... ૪૫

## વિભાગ-૨

- પરિવાર સમાચાર .......... ૪૬
- સમાજ સમાચાર .......... ૪૬
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ .......... ૪૮

# ૧૯૭૫ થી વ્યવસાયલક્ષી તાલીમ આપતી એકમાત્ર સંસ્થા



આપ પણ ફેશન ડીઝાઈનર બની શકો છો ?

## ફેશન ડીઝાઈનીંગ, ગારમેન્ટ મેકિંગ અને બ્યુટી પાર્લર ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

## S.S.C. - H.S.C.

પાસ-નપાસ અને ગ્રેજ્યુએશન પછી શું ?

એન્જીનીયરીંગ ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

**ડીપ્લોમા એન્જી. થઈ શકો છો.**
**સરકાર માન્ય તેમજ ખાનગી**

ટી.વી. - ડી.વી.ડી., ઈલેક્ટ્રોનીક્સ, મોબાઈલ રીપેરીંગ, વાયરમેન, ઈલે. મોટર રીવાન્ડીંગ, ઈલેક્ટ્રીશીયન, રેફ્રીજરેશન એન્ડ એસી. રીપેરીંગ, ડ્રાફ્ટમેન સીવીલ, મિકેનિકલ, ટર્નર, ફીટર શીખો.

# ડી. એન. પોલીટેકનીક

સંપર્ક :

પટેલ વાડી, બાપુનગર. : મો. ૮૧૨૮૮૪૧૭૮૦
રાયપુર : ફોન : ૦૭૯-૨૨૧૬૧૪૦૩ મો. ૯૬૦૧૬૦૫૬૩૧
નરોડા : ફોન : ૦૭૯-૨૨૮૧૪૨૩૫
મણીનગર : મો. ૭૮૭૪૦૩૧૮૬૦
મેઘાણીનગર : મો. ૯૬૦૧૧૭૭૪૮૯
દેહગામ : ૮૧૨૮૮૪૧૫૬૪

**કચ્છી સમાજ - અમદાવાદ પરિવારને ૨૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.**

તંત્રીલેખ

# ગુજરાત રાજ્યની નર્મદા યોજનાના અંતિમ ચરણનું વિહંગાવલોકન



અશોક મહેતા

- ***યોજનાના આયોજન :***

*ગુજરાત અને મધ્ય પ્રદેશની વચ્ચે નર્મદા યોજનાના પાણી ફાળવવા માટે વર્ષ ૧૯૬૯માં જળપંચની રચના કરવામાં આવી. ૧૯૭૯માં તેનો ચુકાદો આવ્યો. આ ચુકાદાના હિસાબે ગુજરાતને ૯.૦૦ M.A.F. પાણી ફાળવવામાં આવ્યું. તેમાંથી ૭.૯૪ M.A.F. પાણી ખેતી માટે, ૦.૮૬ M.A.F. પાણી પીવા / ઘર વપરાશ માટે અને ૦.૨ M.A.F. પાણી ઉદ્યોગો માટે ફાળવવામાં આવ્યા. ખેતી માટેના ૭.૯૪ M.A.F. પાણીથી ગુજરાતની ૧૮ લાખ હેક્ટર જમીનના વિસ્તારમાં ખેતી માટે પાણી પહોંચાડી, તેના દ્વારા કેટલેક સ્થળે વર્ષમાં એક પાક અને કેટલેક સ્થળે બે પાક લેવાના આયોજન વિચારાયેલ હતા.*

- ***યોજનાનો અંદાજિત ખર્ચ :***

*ત્યારબાદ ગુજરાતની આ યોજનાના એસ્ટીમેટ બનાવવામાં આવ્યા કે જેની કિંમત એ સમયે રૂા. ૬,૦૦૦ કરોડ થયેલ હતી. પ્રોજેક્ટની કાર્યવાહી માટે સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડની રચના કરવામાં આવી અને ભગીરથ કાર્યનો આરંભ કરી દેવામાં આવ્યો. એ સમયે ગુજરાતની જનતા ખૂબ જ ઉત્સાહિત હતી અને તેના સારા પરિણામોની અપેક્ષા સેવવામાં આવી હતી.*

- ***યોજનાની વિભાગીય ઓફિસો :***

*ચુકાદાના ૩૯ વર્ષ બાદ આજે એટલે કે વર્ષ ૨૦૧૯માં આ પ્રોજેક્ટની શું પરિસ્થિતિ નિર્માણ થવા પામેલ છે તેનું વિહંગાવલોકન આપણે આ લેખ દ્વારા કરીશું.*

*સરદાર સરોવર નર્મદા નિગમે આ પ્રોજેક્ટની સ્થળ પરની કાર્યવાહી માટે વિવિધ ૩૮ જેટલી વિભાગીય ઓફિસોની રચના કરેલ છે કે જેના દ્વારા આ કાર્યવાહી આગળ ચાલી રહેલ છે. આ ૩૮ વિભાગીય ઓફિસો સિવાય સમગ્ર યોજનાના સંચાલન માટે અન્ય અનેક ઓફિસોની પણ રચના કરવામાં આવેલ છે. આ દરેક ઓફિસના સ્ટાફના પગાર વગેરે ખર્ચ તથા અન્ય વહીવટી ખર્ચ ગંજાવર પ્રમાણમાં રહેવા પામેલ છે.*

- ***યોજનાના છેલ્લા તબક્કાના પરિણામો :***

*ગુજરાતના આ અતિ મહત્ત્વના પ્રોજેક્ટની પૂરેપૂરી જાણકારી મેળવવા આ ૩૮ વિભાગીય ઓફિસો પર "કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ" દ્વારા જાહેર અધિકાર અધિનિયમના કાયદા હેઠળ આર.ટી.આઈ. અરજી જુલાઈ-૨૦૧૮ના અંતભાગે કરવામાં આવેલ હતી. લગભગ દોઢ મહિના બાદ ૧૯ વિભાગીય ઓફિસોના પ્રત્યુત્તર આવી ગયેલ હતા. અન્ય ઓફિસોના પ્રત્યુત્તર આવવાના બાકી રહે છે અથવા ઈરાદાપૂર્વક જવાબ આપવાનું ટાળવામાં આવે છે. આ ૧૯ વિભાગીય ઓફિસોના પ્રત્યુત્તર પરથી ૩૮ ઓફિસોની કાર્યવાહીના સમીકરણો બનાવવામાં આવ્યા (કારણકે ડિસેમ્બર-૨૦૧૮ના અંત સુધી પણ હજુ અનેક ઓફિસોએ જવાબ આપેલ નથી) કે જેના તારણો ખૂબ જ ચોંકાવનારા સાબિત થઈ રહેલ છે. જે યોજનાના ખૂબ જ ગુણગાન ગાવામાં આવે છે તેના છેલ્લા તબક્કાના પરિણામો ખૂબ જ નિરાશાજનક સાંપડી રહેલ છે.*

- ***યોજનાનો અનેકગણો ખર્ચ :***

*સૌપ્રથમ તારવણ એ આવે છે કે રૂા. ૬૦૦૦ કરોડની મૂળ યોજનાની સામે અત્યાર સુધી રૂા. ૬૦,૦૦૦ કરોડનો ખર્ચ થઈ ચૂકેલ છે. છતાં તેના ધાર્યા પરિણામો મેળવી શકાયેલ નથી અને તેમાં અનેક ઉણપ રહી જવા પામેલ છે.*

- ***પાણી મંડળીઓ :***

*યોજનામાં એ રીતે વિચારવામાં આવ્યું હતું કે આ પાણીનો વપરાશ કરતા ખેડૂતોની, તેની આજુબાજુના ૧૦-૧૨ ગામની એક ખેડૂત મંડળી (પાણી મંડળી) બનાવવામાં આવે. નિગમ આ મંડળીને વોલ્યુમેટ્રિક પદ્ધતિથી પાણી પહોંચાડે. મંડળી, એ પાણી જે-તે ખેડૂત સભ્યના ખેતરો સુધી પહોંચાડે. નિગમ પાણી મંડળીને તેના વપરાશના પ્રમાણમાં બીલો આપે. મંડળી જે-તે ખેડૂત પાસેથી તેના વપરાશના પ્રમાણમાં બીલ બનાવી તેના ચાર્જ વસુલ કરે. આ પ્રકારની અંદાજિત ૪૫૦૦ મંડળીઓની રચના કરવાના આયોજનો વિચારાયેલ હતા કે જેની સામે અત્યાર સુધી માત્ર અંદાજિત ૨૮૦૦ મંડળીઓની રચના થઈ શકેલ છે. બાકીની મંડળીઓની રચના કરવાની આજે પણ બાકી રહેવા પામેલ છે. જે અંદાજિત ૨૮૦૦ મંડળીઓની રચના કરવામાં આવેલ છે, તેમાંની મોટાભાગની મંડળીઓ હજુ સુધી કાર્યરત થવા પામેલ નથી કે જેના પરિણામે ખેડૂતોને જોઈએ તે પ્રમાણમાં પાણી પહોંચાડી શકાતા નથી અથવા તો બિલકુલ પહોંચાડવામાં આવતા નથી. જ્યાં ખેડૂત મંડળીઓની રચના કરવામાં આવેલ નથી એ વિસ્તારોના મોટાભાગના વિસ્તારોમાં તો બિલકુલ પાણી પહોંચાડાતા નથી. ખેડૂતોના ખેતર સુધી શાખા, પ્રશાખા, વિશાખા કેનાલો બનાવવામાં આવેલ ન હોવાથી કે પાઈપ લાઈન નાંખવામાં આવેલ ન હોવાથી ખેડૂતોના ખેતરો સુધી પાણી પહોંચાડી શકાતા નથી. મતલબ કે આ યોજનાનો હેતુ સાધી શકાતો જ નથી.*

- ***કેટલા વિસ્તારમાં પાણી પહોંચ્યા?***

*આયોજન મુજબ ૧૮ લાખ હેક્ટર વિસ્તારમાં આ પાણી પૂરતી માત્રામાં એટલે ૨૦ ઈંચના ડેલ્ટાથી પહોંચાડવાના હતા કે જેની સામે વર્ષ ૨૦૧૬-૧૭ સુધી માત્ર ૬,૨૫,૦૦૦ હેક્ટર વિસ્તારમાં આ પાણી પહોંચાડાયા છે અને તે પણ જરૂરિયાત કરતા ખૂબ જ ઓછી માત્રામાં આ પાણી પહોંચાડવામાં આવેલ છે. જે ૬,૨૫,૦૦૦ હેક્ટર વિસ્તારમાં આ પાણી પહોંચાડાયા તેમાં નર્મદા નિગમ દ્વારા શાખા-પ્રશાખા વગેરે દ્વારા પહોંચાડાયેલ પાણી તેમજ ડીઝલ પંપથી ખેડૂતો ગેરકાયદેસર કે કાયદેસર રીતે લઈ જતા પાણી – એ બંને પ્રકારે મળીને ઉપરોક્ત વિસ્તારની ગણના કરવામાં આવેલ છે.* ***જ્યાં ૧૮ લાખ હેક્ટર વિસ્તારમાં પાણી પહોંચાડવાના હતા ત્યાં વર્ષ ૨૦૧૬-૧૭ના અંતે માત્ર ૬,૨૫,૦૦૦ હેક્ટર વિસ્તારમાં પાણી પહોંચાડી શકાયા તે આ યોજનાની ખૂબ જ મોટી ક્ષતિ અને અક્ષમતાના દર્શન કરાવે છે.***

- ***સિંચાઇના પાણીની આવક :***

*નિગમના નિયમ પ્રમાણે એક હેક્ટર વિસ્તારમાં એક વખત પાણી પહોંચાડવાનો ભાવ રૂા. ૩૨૮/- છે. આ હિસાબે એક પાક માટે એકથી વધુ વખત પાણીની જરૂરિયાત રહે છે અને તેની ગણતરી કરીએ તો ૧૮ લાખ હેક્ટર જમીનમાં પાણી પહોંચાડવા માટે નિગમનું ટોટલ બીલ રૂા. બે અબજ સત્યાસી કરોડનું દર વર્ષે બની શકે. પ્રોજેક્ટના અત્યાર સુધીના રૂા. ૬૦,૦૦૦ કરોડના ખર્ચ પછી નિગમે વર્ષ ૨૦૧૬-૧૭માં અંદાજિત માત્ર રૂા. ૩૫ કરોડના બીલ બનાવેલ છે અને તેની સામે માત્ર રૂા. ૩,૩૦,૦૦,૦૦૦/- (રૂપિયા ત્રણ કરોડ ત્રીસ લાખ)નું પેમેન્ટ આવેલ છે.* ***આ રીતે જ્યાં દર વર્ષે રૂપિયા બે અબજ સત્યાસી કરોડની આવક થવાની હતી તેની સામે માત્ર રૂપિયા ત્રણ કરોડ ત્રીસ લાખ અંદાજિત ઉપજાવી શકાયેલ છે.*** *આ*

સામે નિગમના સ્ટાફના તથા અન્ય વહીવટી ખર્ચાઓનું શું? અત્યારે તો જાહેર જનતાના ટેક્ષના નાણામાંથી જ નિગમ ચાલે છે. તાજેતરમાં જ વર્તમાનપત્રોમાં એ સમાચાર પ્રસારિત થયેલા હતા કે ગત વર્ષ દરમિયાન નિગમે રૂા. ૯૦૦ કરોડનું નુકસાન કરેલ છે. પાણી જેવી અમૂલ્ય વસ્તુ જેના દ્વારા વિતરણ કરવામાં આવે છે એ નિગમની આ પરિસ્થિતિ તેના અધિકારીશ્રીઓની નિષ્કાળજીના જ દર્શન કરાવે છે.

- **પાણીનો વપરાશ અને બાકી રહેતું પાણી :**

નિગમે ખેતી માટે ૭.૯૪ M.A.F. પાણીનો ઉપયોગ કરવાનો રહે છે. વર્ષ ૨૦૧૬-૧૭માં નિગમ પાસે ૧૮ લાખ હેક્ટરમાં ખેતી થઈ શકે તેટલું સિંચાઈ માટેનું પૂરતું પાણી હતું. જે સામે ૬,૨૫,૦૦૦ હેક્ટર વિસ્તારમાં પૂરતા જથ્થામાં પાણી આપવામાં આવે તો તે પાણીનો વપરાશ ૨.૮૩ M.A.F.થી વધુ ના થઈ શકે. આ રીતે ૭.૯૪ M.A.F. પાણીના જથ્થામાંથી ૨.૮૩ M.A.F. પાણીનો જથ્થો બાદ કરવામાં આવે તો બાકી ૫.૧૧ M.A.F. પાણી બચવું જોઈએ. તે સામે નિગમે જવાબ આપેલ છે કે ૫.૧૧ M.A.F. પાણીના બદલે માત્ર ૦.૧૭ M.A.F. પાણીનો જથ્થો આગલા વર્ષ માટે કેરી ઑવર કરવામાં આવેલ છે. **આ રીતે ૪.૯૪ M.A.F. પાણીના વપરાશનો નિગમ કોઈ સંતોષજનક જવાબ આપી શકતું નથી.** જાહેર જનતાને આ ૪.૯૪ M.A.F. પાણીનું શું કરવામાં આવ્યું તે જાણવાનો પૂરેપૂરો અધિકાર છે. અધિકાર અધિનિયમના કાયદા હેઠળ નિગમને આ પ્રશ્ન પૂછવામાં આવેલ છે. તેમ છતાં નિગમ આ પ્રશ્ને મૌન છે. મતલબ એ કે નિગમ આ પ્રશ્નનો જવાબ આપવા માંગતું નથી. તેની પાસે આ બાબતે કંઈક છુપાવવા જેવું છે. જનતાએ આ પ્રશ્નનો જવાબ મેળવવો હોય તો પબ્લિક ઈન્ટરેસ્ટ લીટીગેશન કર્યા સિવાય અન્ય કોઈ પર્યાય બાકી રહેતો નથી.

- **સમીક્ષા :**

ગુજરાત રાજ્યની "સરદાર સરોવર નર્મદા નિગમ"ની નર્મદા નદીના સિંચાઈ માટેના પાણી, ગુજરાતના ખેતરે ખેતરે પહોંચાડવાની આ પ્રોજેક્ટના લગભગ છેવાડે આવી ગયેલ કાર્યની આ પરિસ્થિતિ છે કે જે જાણીને કોઈના પણ દિલમાં ગ્લાનિ ઉત્પન્ન થાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થવા પામેલ છે.

ગુજરાતના દરેક રાજકીય પક્ષને તથા દરેકે દરેક જાહેર કાર્યકરને આ બાબતે ઉંડાણમાં ઉતરવાનું ઈજન આપવામાં આવે છે અને નિગમના કાર્યવાહી યોગ્ય દિશાના પરિણામો મેળવે તેવા પ્રકારના પ્રયાસો જારી રાખવા અનુરોધ કરવામાં આવે છે.

નિગમ ઉપરોક્ત દરેક પ્રશ્નોના તેના આંકડાકીય ખુલાસો કરે તે આવકાર્ય રહેશે.

જે ગ્રીન યોજના થકી ગુજરાત ખરેખર ગ્રીન બની શકે તેમ હતું તેમ છતાં આ સંપૂર્ણ પ્રોજેક્ટના અંતિમ ચરણમાં આ પ્રકારની દુર્દશા અને કફોડી પરિસ્થિતિ ઉત્પન્ન થઈ તેનો રંજ ગુજરાતના દરેક નાગરિકને થવા પામેલ છે. હજુ પણ શક્ય હકારાત્મક કાર્યવાહીની અપેક્ષા રાખવામાં આવે છે.

## નર્મદા યોજનાની આંકડાકીય માહિતી પર એક દૃષ્ટિપાત

★ **રૂા. ૬,૦૦૦ કરોડની મૂળ યોજના પાછળ રૂા. ૬૦,૦૦૦ કરોડથી પણ વધુ રકમના ખર્ચ બાદ પ્રોજેક્ટની અંતિમ પરિસ્થિતિ ખૂબ જ નિરાશાજનક છે.**

★ **૪૫૦૦ "પાણી મંડળી" રચનાના આયોજનો પછી અને યોજનાના ૩૯ વર્ષ પછી પણ માત્ર ૨૮૦૦ મંડળીઓની રચના થઈ શકેલ છે અને તેમાંથી પણ મોટાભાગની મંડળીઓ નિષ્ક્રિય છે.**

- ★ *૧૮ લાખ હેક્ટર વિસ્તારમાં પાણી પહોંચાડવાના બદલે માત્ર ૬,૨૫,૦૦૦ હેક્ટર વિસ્તારોમાં પાણી પહોંચાડી શકાયા છે.*
- ★ *ખેતી માટે ૭.૯૪ એમ.એ.એફ. પાણીના પૂરતા જથ્થા સામે વર્ષ ૨૦૧૬-૧૭માં ૨.૮૩ M.A.F. પાણી વાપરી શકાયું છે તે આ યોજનાની નિષ્ફળતા દર્શાવે છે.*
- ★ *૭.૯૪ M.A.F. પાણીના જથ્થામાંથી ૨.૮૩ M.A.F. પાણીનો વપરાશ અને ૦.૧૭ M.A.F. પાણી કેરી ઓવર કર્યા બાદ બાકી રહેતા સિંચાઈના ૪.૯૪ M.A.F. પાણીનું શું કરવામાં આવ્યું તેનો નિગમ તરફથી કોઈ પણ પ્રકારનો પ્રત્યુત્તર મળી શકતો નથી.*
- ★ *જ્યાં અંદાજિત દર વર્ષે સિંચાઈના પાણીના રૂા. ૩ અબજના બીલ બનવા જોઈએ તેની સામે વર્ષ ૨૦૧૬-૧૭માં માત્ર રૂા. ૩૫ કરોડના બીલ બન્યા છે અને પેમેન્ટ તો રૂપિયા ત્રણ કરોડ ત્રીસ લાખનું જ આવેલ છે. આ કેવા પ્રકારનો વહીવટ?*

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

## કાળુ નાણું કેમ જનરેટ થાય છે?

ભારતમાં કાળા નાણાં બનવાની પ્રક્રિયા આજે પણ ચાલુ છે. કાળા નાણાં બનવા પાછળ સરકારના કાયદા જ જવાબદાર ઠરે છે. એક કરોડની આવક પર ચાલીસ ટકા ઈન્કમટેક્ષ ભરવાનો આવતો હોવાથી ચાલીસ લાખ રૂપિયા સરકારમાં જમા કરાવી દેવા પડે! ચાલીસ લાખ, એ નાની રકમ નથી. તે ગુમાવવા કોઇ પણ તૈયાર ન થાય. ચાલીસ લાખ ગુમાવવા પડતા હોય તો એક કરોડ રૂપિયાની આવક એ જાહેર ન કરે એ સ્વાભાવિક છે અને જાહેર ન કરેલું નાણું કાળું બની જાય છે.

આ રીતે કાળુ નાણું તો વધે જ છે, સાથે ભ્રષ્ટાચારને પણ વેગ મળે છે. કાળું નાણું વગે કરનાર, ઈન્કમટેક્ષ અધિકારીને લાંચ આપે છે.

કોઈને ત્યાં ઈન્કમટેક્ષની રેડ પડી હોય અને દોઢસો કરોડનું બિનહિસાબી નાણું પકડાયું હોય તો એને પૂરા સાંઈઠ કરોડ રૂપિયા ટેક્ષરૂપે સરકારને આપી દેવા પડે. સાંઈઠ કરોડ રૂપિયા, એ જેવી તેવી નાની રકમ નથી. એને બચાવવા અધિકારીને દસ લાખ રૂપિયાની લાંચ આપે તો અધિકારી માટેય દસ લાખ રૂપિયા નાની રકમ નથી. સરકારનું ભલું કરવામાં પોતાના હાથમાં એક સામટી દસ લાખ રૂપિયા આવતા હોય તો કોઇ અધિકારી એ રકમ જતી ન કરે અને રેડ પાડી છે એને સાર્થક કરવા પંદર કરોડનું બિનહિસાબી નાણું જાહેર કરવામાં આવે એટલે વેરાપાત્ર વ્યક્તિને પંદર કરોડ સામે છ કરોડ રૂપિયા ટેક્ષના ભરવા પડે અને દસ લાખ લાંચના આપ્યા હોય એટલે વેરા પેટે ભરવાપાત્ર સાંઈઠ કરોડને બદલે છ કરોડ દસ લાખમાં ચેપ્ટર ક્લોઝ થઈ જાય!

ટેક્ષના દર ચાલીસ ટકાના બદલે પાંચ ટકા જ રાખવામાં આવે તો બિનહિસાબી નાણું સારી એવી માત્રામાં ઘટી શકે અને પૂરેપૂરો ટેક્ષ ભરાય અને અધિકારીઓ સાથે લાંચનો ભ્રષ્ટાચાર પણ અટકે. ■

## મુખપૃષ્ઠ તસવીરો

આ અંકમાં મુખપૃષ્ઠ પરની ચાર તસવીરો પૈકી બે તસવીરો **માનિની** તથા **હેમાની તેજસ મજીઠિયા** (આરંગેત્રમ નૃત્ય)ની છે. જ્યારે બીજી બે તસવીરો **પુષ્પાબેન કે. શાહ** દ્વારા તૈયાર થયેલ પેઈન્ટિંગ્સની છે.

*બંને પ્રસંગોના વિગતવાર અહેવાલ આ અંકમાં સમાજ સમાચાર વિભાગમાં પ્રકાશિત કર્યા છે.*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## ॥ સરસ્વતી સન્માન સમારોહ ॥

## નિમંત્રણ

*શ્રી કચ્છી સમાજ - અમદાવાદના, અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી પરિવારોના તેજસ્વીવિદ્યાર્થીઓને સન્માનવા માટેના કાર્યક્રમનું આયોજન કરેલ છે. અમદાવાદ - ગાંધીનગર સ્થિત દરેક કચ્છી પરિવારને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ આપવામાં આવે છે.*

**તારીખ : શનિવાર, તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૧૯ ● સમય : બપોરના ૩.૦૦થી ૫.૦૦**
**સ્થળ : મહેંદી નવાઝ જંગ હોલ, પાલડી, અમદાવાદ.**

## પ્રેરક ઉપસ્થિતિ

★ **શ્રી જયંતિભાઈ પરબતભાઈ પટેલ** — પ્રમુખશ્રી, અમદાવાદ ઝોન, અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
★ **શ્રી પ્રફુલચંદ્ર કર્મસિંહ ટાંક** — ચેરમેનશ્રી, કચ્છ ગૂર્જર ક્ષત્રિય સમાજ - અમદાવાદ
★ **શ્રી મહેન્દ્રભાઈ હરજીવનદાસ મોરબિયા** — ફાઉન્ડર ચેરમેન, ધી ભુજ મર્કેન્ટાઇલ કો.ઓ. બેંક લિ.
★ **શ્રી ધવલભાઈ કે. આચાર્ય** — મેનેજિંગ ડાયરેક્ટર, રોયલ ગ્રુપ
★ **વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયી ઉદ્‌બોધન : શ્રી હિમાંશુભાઈ ઠક્કર દ્વારા (કેરિયર કાઉન્સેલર)**

*આ કાર્યક્રમ દરમિયાન વર્ષ ૨૦૧૮ની પરીક્ષાઓમાં અવ્વલ ક્રમાંકે ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓનું નીચે મુજબના સૌજન્ય દાતાશ્રીઓના વરદ્ હસ્તે સન્માન કરવામાં આવશે.*

| અભ્યાસ | શ્રેષ્ઠતા પારિતોષિકના સૌજન્ય દાતાશ્રીઓ |
|---|---|
| વિશિષ્ટ પ્રતિભા પારિતોષિક | શ્રીમતી મંજુલાબેન હરખચંદ સાવલા |
| ઉચ્ચ અભ્યાસ શ્રેષ્ઠતા પારિતોષિક | શ્રી ધનસુખલાલ વીરજી સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ (ઝરિયા - ધનબાદ) |
| ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) | શ્રીમતી મંજુલાબેન હરખચંદ સાવલા |
| ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ) | શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ |
| ધોરણ-૧૦ | શ્રીમતી મંજુલાબેન હરખચંદ સાવલા |
| કન્યા શ્રેષ્ઠતા પારિતોષિક (ધો.-૧૦ અને ધો.-૧૨) | માતુશ્રી ઝવેરબેન રંગવાલા |
| ધોરણ-૯ | શ્રી રમેશભાઈ રવજીભાઈ ધોરાઈ (મુલુંડ - મુંબઈ) |
| ધોરણ-૮ | માતુશ્રી વિમળાબેન શાંતિલાલ શાહ |
| ધોરણ ૧ થી ૭ | શ્રી કચ્છી સમાજ - અમદાવાદ |


*કાર્યક્રમ પૂર્ણ થયે સહુને સમૂહમાં અલ્પાહારનો લાભ લેવા વિનંતી કરવામાં આવે છે.*
*અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત દરેક કચ્છી પરિવારને આ કાર્યક્રમમાં સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી કરવામાં આવે છે.*

**હિમાંશુ ઠક્કર**
માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

# જ્ઞાન, આનંદ અને વિચારથી સમૃદ્ધ કરનારાં, વૈવિધ્યપૂર્ણ પુસ્તકો

**તાજેતરમાં ભારતની સાહિત્ય અકાદમીના પુરસ્કારથી સન્માનિત શરીફા વીજળીવાળાનાં વસાવવા જેવાં અને ભેટ આપવા જેવાં પુસ્તકો**




| | |
|---|---|
| વિભાજનની વાર્તાઓ(દ્વિતીય આવૃત્તિ પ્રકાશ્ય) | |
| વિભાજનની ગુજરાતી વાર્તાઓ | 175 |
| વિભાજનની વ્યથા (મુલાકાતો) | 250 |
| વ્યથાની કથા | 270 |
| સઆદત હસન મન્ટો : કેટલીક વાર્તાઓ | 250 |
| જેણે લાહોર નથી જોયું એ જન્મ્યો જ નથી (લે. અસગર વજાહરત, નાટક) | 100 |
| સુકાતો વડ (નવલકથા) મંઝૂર એહતેશામની | 250 |
| જયંત ખત્રીનો વાર્તાવૈભવ | 160 |
| સંબંધોનું આકાશ (જીવનપ્રેરક) | 100 |
| બાની વાતું (સંસ્મરણો) | 80 |
| શતરૂપા (મા વિષયક) | 250 |
| સરદાર : અસરદાર (રમૂજો) | 10 |
| સન્મુખ (મુલાકાતો) | 240 |

**સ્વામી સચ્ચિદાનંદ લિખિત**

**ખોટા ઉપદેશોનાં ખોટા પરિણામ** 70
અધ્યાત્મના નામે ગુમરાહ કરનારા ઉપદેશો સામે ચેતવણી આપતું તાજું-માર્મિક ચિંતન

**ગંગાસતીની અમરવાણી** 250
વીજળીના ચમકારે મોતી પરોવી લેવાનું જ્ઞાન આપતાં ગંગા સતીનાં ભજનોનું રસદર્શન

**દર્શના ધોળકિયા લિખિત**

**શ્વાસમાં વાગે શંખ** 225
ધર્મની વિવિધ વિભાવનાઓની સંગત કરાવતું જ્ઞાન અને અધ્યાત્મના સંગમ જેવું પુસ્તક

**કાંતિલાલ કાલાણી લિખિત**

**યથાર્થતાની ઉપાસના** 100
યથાર્થની સમજણ દ્વારા તેની ઉપાસનાનો માર્ગ બતાવતું વાસ્તવલક્ષી પુસ્તક

**રાજકુમાર ટોપણદાસણી લિખિત**

**હે, વત્સ !** 165
ગુરુ-શિષ્ય સંબંધનું માહાત્મ્ય બતાવતું પુસ્તક

**મૃદુલા મારફતિયા લિખિત**

**છાંદોગ્ય ઉપનિષદ** 350
હિન્દુધર્મનો જ્ઞાનખજાનો એટલે ઉપનિષદ. એ ખજાનાની ચાવી આપતું અનોખું પુસ્તક

**જીના વીરેન્દ્ર શેઠ સંપાદિત**

**ગુજરાતી કથાગીતો** 130
ગુજરાતી-હિન્દી ભાષાનાં જાણીતાં અને લોકપ્રિય કથાકાવ્યો

**રમેશ સંઘવી લિખિત**

**બ્રહ્મ સત્યથી જગત સત્ય ભણી** 100
બ્રહ્મ સત્ય છે તો જગત પણ સત્ય છે એવું નવું સત્ય સમજાવતું પુસ્તક

**ડૉ. મહેબૂબ દેસાઈ લિખિત**

**સૂફીજન તો તેને રે કહીએ** 90
ઇસ્લામ ધર્મની આંગળી પકડીને દિવ્યતાનાં શિખરો ચઢવાની પ્રેરણા આપતું પુસ્તક

**ચંદ્રકાન્ત મહેતા લિખિત**

**સુખી જીવનનું સીક્રેટ** 125
**ઉન્નત જીવનનું એવરેસ્ટ** 125
જીવનને સુખી જ નહિ, ઉન્નત બનાવવાની પ્રેરણા આપતાં તદ્દન નવાં બે પુસ્તકો

**ડૉ. રિઝવાન કાદરી લિખિત**

**સરદાર પટેલ એક સિંહપુરુષ** 500
સરદાર પટેલની વિરાટ પ્રતિભાની રસપ્રદ અને રોમાંચક ઐતિહાસિક વાતોનું પુસ્તક

**રોહિત શાહ લિખિત**

**પ્રસન્ન દામ્પત્યની સપ્તપદી** 201
દામ્પત્યજીવનની ખાટીમીઠી સચ્ચાઈઓ સ્વીકારીને તેને મોજભર્યું બનાવવાની પ્રેરણા આપતા લેખોનું ભેટ આપવા લાયક પુસ્તક

**ડૉ. આશિષ ચોક્સી લિખિત**

**પિતા આત્મવિશ્વાસનો એવરેસ્ટ** 80
જીવનમાં પિતાના ત્યાગ અને સમર્પણનું મહત્ત્વ સમજાવતું પુસ્તક

## ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગૂર્જર

**અમારાં સંપર્કસૂત્રો**

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001
ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15
ફોન : 26934340, મો. 9825268759
ઇમેલ : gurjarprakashan@gmail.com

# ભૂકંપ પછીનું કચ્છનું અર્થકારણ – ૨

• CA ડૉ. રાજેશ ખંડોલ •

*ભૂકંપ પછી કચ્છનું અર્થકારણ-૧ અંગેનો લેખ આપણે 'કચ્છશ્રુતિ'ના ડિસેમ્બર-૨૦૧૮ના અંકમાં વાંચી ગયા. હવે આ લેખનો ભાગ-૨ અત્રે પ્રસ્તુત છે.* *– તંત્રી મંડળ*

## • ઔદ્યોગિક વિકાસ :

કેન્દ્ર અને રાજ્ય સરકારે ભૂકંપગ્રસ્ત વિસ્તાર માટે જાહેર કરેલ કર માફીની યોજનાને કારણે ૨૦૦૧ પછી કચ્છમાં ઘણા નવા ઉદ્યોગોની સ્થાપના થઈ છે. ઉદ્યોગોના માલ આયાત-નિકાસ માટે જરૂરી એવાં યોગ્ય બંદર પણ નજીકમાં હોવાથી અને બળતણ માટે લીગ્નાઈટ પણ કચ્છમાંથી જ ઉપલબ્ધ થતો હોવાથી સારા એવા ઉદ્યોગોની સ્થાપના છેલ્લા દાયકામાં થઈ છે. ઔદ્યોગિક વિકાસના કારણે તેમની આસપાસની જમીનોના ભાવ જે બજારના હિસાબે એકરના ભાવમાં હતી એ દસથી પંદર લાખ રૂપિયે એકર સુધી પહોંચી ગઇ છે. તેનો સીધો લાભ નાના ખેડૂતો અને જમીન માલિકોને થયો છે. જો કે છેલ્લાં ત્રણ વર્ષથી ચિત્ર ફરી મંદીનું થઈ ગયું છે, પણ જેમણે જમીનો વેચી તેમના રૂપિયાને કારણે અર્થતંત્રને વેગ સાંપડ્યો છે.

ભારતમાં જંગલો કાપવાનો મનાઇ હુકમ આવ્યા બાદ લાકડું મહદ્ અંશે આયાત થાય છે. તે પણ દેશનો મોટા ભાગનો હિસ્સો કંડલા અને મુંદ્રા બંદરેથી જ આયાત થાય છે. કંડલા - ગાંધીધામ - ભચાઉના ૪૦ કિ.મી.ના પરિસરમાં હાલે નાની-મોટી મળીને અંદાજિત ૧૦૦૦ ટીમ્બરની ફેક્ટરીઓ કાર્યરત છે.

કચ્છે મીઠાનાં ઉત્પાદન અને નિકાસ માટે હરણફાળ ભરી છે. મીઠાંની નિકાસ કંડલા, મુંદ્રા અને જખૌ એમ ત્રણ બંદરોએથી થઈ રહી છે. કચ્છમાંથી અંદાજિત દર વર્ષે ૫૦થી ૬૦ લાખ મેટ્રિક ટન જેટલાં મીઠાંની નિકાસ થાય છે.

એક અંદાજ મુજબ ધરતીકંપ પછી કચ્છમાં કુલ ૩૦,૦૦૦ કરોડથી પણ વધારે રૂપિયાનું રોકાણ ઉદ્યોગો દ્વારા કરવામાં આવેલ છે. આ રોકાણ મહદ્ અંશે ૨૦૧૦ સુધી જ થયું છે.

## • પ્રવાસન ઉદ્યોગ :

ભારતના મિલેનિયમ સ્ટાર અમિતાભ બચ્ચન જ્યારથી ગુજરાત ટુરીઝમના બ્રાન્ડ એમ્બેસેડર થયા છે ત્યારથી લોકોના મુખે 'કચ્છ નહીં દેખા, તો કુછ નહીં દેખા' સાંભળવા મળે છે. છેલ્લાં થોડાં વર્ષોથી "રણોત્સવ"નું આયોજન થઈ રહ્યું છે. જેના આયોજનમાં વર્ષોવર્ષ સુધારો થતો જોવા મળે છે.

'રણોત્સવ'ના બે મહિના દરમ્યાન ભુજની લગભગ તમામ હોટેલોમાં બધા જ રૂમો ભરાઈ જાય છે. આટલી મોટી સંખ્યામાં પ્રવાસીઓની આવનજાવનના કારણે ટ્રેન, બસ, ટિકીટ બુકિંગ, હોટેલ, રેસ્ટોરાં, હસ્તકળા જેવા આનુવાંશિક ઉદ્યોગોને પણ સારા પ્રમાણમાં ધંધો મળે છે.

ગુજરાત રાજ્યની માન્ય સંસ્થા GITCO દ્વારા બહાર પાડવામાં આવેલ આંકડાકીય માહિતી મુજબ કચ્છમાં ૨૦૧૫-૧૬માં આ પ્રમાણેની સંખ્યામાં પ્રવાસીઓ આવ્યા હતા :

| *ક્રમ* | *સ્થળ* | *કુલ પ્રવાસીઓની સંખ્યા* |
|---|---|---|
| ૧. | ભુજ | ૫,૬૫,૦૦૦ |
| ૨. | ગાંધીધામ | ૩,૫૦,૫૩૫ |
| ૩. | મુંદ્રા | ૬૫,૨૯૬ |
| ૪. | નારાયણ સરોવર | ૭,૮૯,૦૦૦ |
| ૫. | માતાના મઢ | ૧૩,૧૯,૦૦૦ |
| ૬. | માંડવી | ૧,૩૬,૮૯૨ |
| | *કુલ પ્રવાસી* | *૩૨,૨૫,૭૨૩* |

ઉપરોક્ત સ્થળોમાંથી માતાના મઢ અને નારાયણ સરોવર સિવાય જે પ્રવાસીઓ હોટેલમાં રોકાયા હતા, તે જ સંખ્યા દર્શાવી છે.

ઉપરોક્ત પાંચ મુખ્ય ક્ષેત્રોમાં કચ્છનો વિકાસ થયો છે.

નવી સદીના વ્યાપારનું સ્વરૂપ ખૂબ જ ઝડપથી બદલાઈ રહ્યું છે. એ ઝડપ સાથે તાલ મિલાવવા કેટલાંક સૂચનો છે જેની વ્યવસ્થિત ચર્ચા કરીને હકારાત્મક રીતે અમલ થાય તો હજી પણ વધારે ઉત્તમ આર્થિક વિકાસની શક્યતાઓ છે.

- **ખેતી ક્ષેત્રનાં સૂચનો :**

★ કચ્છના કુલ ક્ષેત્રનો માત્ર ૧૫ ટકા જેટલો જ વિસ્તાર ખેતીના ઉપયોગમાં લેવાય છે. અંદાજિત હજી પણ ૩૮ ટકા જેટલો વિસ્તાર એવો છે જ્યાં સિંચાઈની યોગ્ય વ્યવસ્થા થાય અને જો યોગ્ય રાજકીય નિર્ણયો લેવાય, તો ખેત ઉત્પાદન બમણું થવાની શક્યતાઓ જોઈ શકાય છે.

★ કચ્છની મોટાભાગની જમીન રાસાયણિક ખાતરનો ખૂબ જ ઓછો ઉપયોગ કરે છે. એટલે ઓર્ગેનિક સીરીયલ અને કઠોળના ઉત્પાદનને વધારી શકાય અને કચ્છને ઓર્ગેનિક ઉત્પાદનના 'હબ' તરીકે પ્રોત્સાહન આપી શકાય.

★ કચ્છમાં એવા પ્રોસેસીંગ યુનિટ્સ નાખવાની જરૂર છે જેમાં ખેત પેદાશોનું પ્રોસેસીંગ કરી "વેલ્યુ એડેડ પ્રોડક્ટ"માં રૂપાંતર કરી શકાય અને સારી કિંમત મેળવી શકાય. ઉદાહરણ તરીકે ટમેટાં, કેરી, ખારેક કે દાડમ જેવાં ફળોની કુદરતી લાઈફ બેથી ત્રણ દિવસની જ હોય છે. પણ જો કોઈ પ્રોસેસ દ્વારા તેમનો મહત્તમ ઉપયોગ થઈ શકે તો હજી પણ ખેડૂતોને વધારે સારી કિંમત મળી શકે.

★ કેરી, ખારેક જેવા બાગાયતી પાકોની નિકાસ માટે કેટલીક સરકારી અને માન્ય સંસ્થાઓનાં પ્રમાણપત્ર મેળવવા પડે તેમજ કેટલીક પ્રયોગશાળાઓમાં ટેસ્ટીંગ કરાવવું પડે. આ ઉપલબ્ધતા કચ્છમાં ન હોવાથી નિકાસમાં રૂકાવટ આવે છે. આવી માળખાકીય સુવિધાઓ જો કચ્છમાં વિકસાવવામાં આવે, તો હજી પણ વધારે નિકાસ થઈ શકે તેમ છે.

- **બંદર અને માલ પરિવહનનાં સૂચનો :**

★ કચ્છનાં બંદરો ગલ્ફ અને પૂર્વના દેશોને જોડતાં બંદરો છે. દુનિયાની મોટી કંપનીઓ (મલ્ટીનેશનલ કંપનીઓ) જેવી કે સોની, જનરલ મોટર્સ, કોડાક, કેટર પીલર જેવી કંપનીઓને કચ્છમાં તેમનું દુનિયાનું ડિસ્ટ્રીબ્યુશન સેન્ટર (વિતરણ કેન્દ્ર) સ્થાપવા માટે આકર્ષી શકાય. તે માટે સંયુક્ત પ્રયાસો કરીને જરૂરી માળખાંકીય સુવિધાઓ ઉપલબ્ધ કરવી જરૂરી છે.

★ બંદર અને ગોડાઉનો વચ્ચે જોઈએ તેવી રેલ અને રોડની સુવિધા નથી. જેથી આયાત-નિકાસમાં રૂકાવટ આવે છે.

★ બંદરની આસપાસનાં ગોડાઉનોમાં દેશી ઢબે માલનું સ્ટોરેજ થાય છે. જો સ્ટોરેજ ક્ષેત્રમાં આધુનિકરણ થાય, તો કાર્યક્ષમતામાં વધારો થતાં કુલ ખર્ચ ઘટી જાય અને આયાત-નિકાસની પ્રવૃત્તિને વધારે ફાયદો થાય.

★ **ખાણ - ખનીજ ક્ષેત્રમાં સૂચનો :**

અતિ પુરાણી ઢબે થતા ચાઈના ક્લે, સિલિકા અને બેન્ટોનાઈટના ઉત્પાદનના કારણે ખૂબ જ ઓછી રીકવરી મળે છે. માલનો બગાડ પણ ખૂબ થાય છે. જો આધુનિક ટેકનોલોજીનો સમજપૂર્વક ઉપયોગ થાય, તો કાર્યક્ષમતામાં વધારો થાય અને એ જ કિંમતમાં વધારે ઉત્પાદન મળવાની શક્યતા રહેલી છે.

★ હાલમાં ઉચ્ચકક્ષાની લેબ ટેસ્ટીંગ માટે કચ્છમાં જરૂરી સુવિધા ઉપલબ્ધ નથી. જો જી.એમ.ડી.સી. જેવી સંસ્થા ન નફો, ન નુકસાનના ધોરણે આવી સુવિધા પૂરી પાડે તો આ ઉદ્યોગોને ખૂબ ફાયદો થાય તેમ છે.

★ પાનન્ધ્રો અને અકરી મોટી પાવર પ્રોજેક્ટમાંથી નીકળતી ફ્લાય એશ પર્યાવરણના નુકસાનકર્તા છે. પણ તેનો ઉપયોગ ટાઈલ્સ, ઈંટો, બ્લોક વગેરે બનાવવામાં થઈ શકે તેમ છે. સરકારી ધોરણે આવા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની જરૂર છે.

- **ઔદ્યોગિક ઉત્પાદન :**

★ ઔદ્યોગિક જમીનની ફાળવણી તેમજ ઉદ્યોગોને લગતા જરૂરી પરવાનાઓ મેળવવામાં થતી બિનજરૂરી ઢીલ અને સરકારી કર્મચારીઓની કનડગતના કારણે ફેક્ટરી ચલાવવી એક માથાના દુઃખાવા સમાન બની જાય છે. સરકારી અને રાજકારણીઓની નીતિ, વૃત્તિ અને કામ કરવાની મંદ ગતિ – આ ત્રણે બાબતના ખરાબ સંયોજન અને વિશ્વની સ્પર્ધાત્મક ઝડપ એ બધા સાથે તાલ મેળવીને પરિણામ લાવવું લગભગ અશક્ય બનતું જાય છે. સરકારી નીતિઓમાં વિદેશની માફક "વન વિન્ડો ક્લિયરન્સ" પધ્ધતિ અપનાવવાની જરૂર છે.

★ ખાણ, ખનીજ અને મીઠાંના ઉદ્યોગો અંદરના ગામડાઓમાં સ્થપાયેલ છે. ત્યાંથી બંદર જવા માટે યોગ્ય રસ્તા કે રેલ માર્ગની સુવિધાઓમાં જો વધારો કરવામાં આવે, તો અર્થતંત્ર વધારે વેગવંતુ બની શકે તેમ છે.

★ પર્યાવરણને નુકસાનકર્તા ન હોય તેવા ઉદ્યોગો માટે વીજદરમાં ખાસ રાહત આપી શકાય.

- **પર્યટન ક્ષેત્રના સૂચનો :**

★ ભુજ વિમાની સેવા માટે સીધું મુંબઈ સાથે જ જોડાયેલ

છે. ભુજથી રાજકોટ અથવા તો અમદાવાદ સાથે જોડતી એક પણ ફ્લાઇટ નથી.

★ ભુજનું સૌરાષ્ટ્ર સાથે કોઈ જ કનેક્શન નથી. એટલે જ તો ધંધાકીય દૃષ્ટિએ જેટલું અમદાવાદ અને મુંબઈથી જોડાણ છે, તેની સરખામણીમાં સૌરાષ્ટ્ર સાથે જોડાણ નહિંવત્ છે.

★ ભુજથી મુંબઈની ત્રણ ટ્રેન છે. તે મોટાભાગે ફુલ જ હોય છે. તે જ પ્રમાણે રોજ ત્રણ ફ્લાઇટ છે, તે પણ મોટાભાગે ફુલ હોય છે. વળી તેની ટિકીટ રૂા. ૪૦૦૦/-થી નીચે મળતી નથી. રણોત્સવ, લગ્નગાળો અને વેકેશનમાં આ સુવિધાઓમાં ધરખમ વધારો કરવાની જરૂર છે.

★ કચ્છના સફેદ રણની સફારીનો અનુભવ એ કદાચ દુનિયાના પ્રવાસીઓ માટે અલગ અને વિશિષ્ટ કહી શકાય તેવો અનુભવ છે. પણ એ કક્ષાના માર્કેટિંગનો અભાવ છે. વિશ્વના પ્રવાસીઓને આકર્ષી શકે તેવું સ્થળ હોવા છતાં જોઈએ તેવી જાહેરાત અને પ્રવાસીઓની તમામ સગવડ સાચવી લે એવી માળખાકીય સુવિધાઓમાં વધારે સુધારાની જરૂર છે.

★ રણોત્સવના કારણે પ્રવાસીઓની સંખ્યામાં વધારો થવા છતાં પણ જરૂરી સલાહ સૂચનો મળી શકે એવી વ્યવસ્થાનો દેખીતો અભાવ છે. કચ્છની ભૌગૌલિક પરિસ્થિતિથી અજાણ પ્રવાસી માટે સરકાર કે કોઈ ખાનગી સંસ્થા દ્વારા જરૂરી માર્ગદર્શન આજના સમય પ્રમાણે મળી રહે એનો પણ સ્પષ્ટ અભાવ છે. તેની સીધી અસર આવનાર પ્રવાસીઓ પર પડે છે. ખાનગી સંસ્થાઓ અથવા તો સરકારે આ બાબતને ગંભીરતાથી લઈને રાજસ્થાન સરકારના ટુરિઝમ ખાતાની લગતી સેવાઓમાંથી ઘણું અનુકરણ કરવાની જરૂર છે.

● **સમાપન :**

ઉપરોક્ત પાંચે ક્ષેત્રમાં જણાવેલ સૂચનો મારી સમજ પ્રમાણેનાં છે. એટલે વ્યવહારિક રીતે અમલમાં મૂકી શકાય કે કેમ તે પ્રશ્ન જરૂર ઉદ્ભવે, પણ જો નિખાલસ અને ખુલ્લી ચર્ચાઓ કરી હકારાત્મક રીતે થોડા ફેરફારો સાથે પણ જો અમલમાં મૂકવા માટેનાં નક્કર પગલા ભરવામાં આવે તો કચ્છને ચોક્કસ ફાયદો થાય.

કોઈ પણ મહત્ત્વના આર્થિક નિર્ણયો સાચા આંકડાઓને ધ્યાનમાં રાખીને લેવામાં આવે તો જ સફળ થવાની શક્યતાઓ વધી જાય છે. કચ્છ વિશેની મોટાભાગની આંકડાકીય માહિતીઓ ઉપલબ્ધ હોવાથી કચ્છની ભૌગોલિક પરિસ્થિતિનો લાભ લઈ જો કેટલાક મહત્ત્વના નિર્ણયો લેવાય તો આવનારા વર્ષોમાં કચ્છ ન તો માત્ર વિસ્તારની દૃષ્ટિએ સૌથી મોટો જિલ્લો બની રહે, પણ વિકાસની દૃષ્ટિએ પણ ભારતનો નંબર એક જિલ્લો બને એવી આશા રાખી શકાય.

***(સંપૂર્ણ)***

***ક્યારેય કોઈને પણ પોતાની જાત વિશેની સફાઈ નહીં આપવાની. જે લોકો આપણને ઓળખે છે કે જે આપણને ચાહે છે તેમને સફાઈની જરૂર નથી અને જે ઓળખતા નથી, જે આપણી ઈર્ષ્યા કરે છે કે જેને આપણા માટે કડવાશ છે તેમને સફાઈ આપીને કોઈ મતલબ નથી કારણકે તે તો માનવાના જ નથી.***

## વૃક્ષની ચીસ

***– રજનીકાંત ઓઝા***

લીલુંછમ ઘટાદાર વૃક્ષ ઊભું હતું. વૃક્ષના પાંદડાં ખડખડાટ હસતા હતા. વૃક્ષની ડાળીઓ પર ખિસકોલીઓ દોડાદોડ કરતી રમતી હતી.

પંખીઓ વૃક્ષ પર બેસી કલરવ કરતા હતા અને માળામાં બેઠેલા પંખીઓના બચ્ચા પાંખ પ્રસારી આકાશ તરફ ઉડવા થનગની રહ્યા હતા.

આમ આખો વૃક્ષ પરિવાર મોજમજા, મસ્તી કરતો જોવા મળતો હતો. બપોર થવા આવી હતી. વૃક્ષની નીચે છાયામાં એક માણસ ઘસઘસાટ ઊંઘતો હતો.

થોડીવાર પછી ધડામ ધડામ કરતા અવાજ સંભળાવા લાગ્યા. પંખીઓ ચીસાચીસ કરતા હતા. માળામાં બેઠેલા બચ્ચાઓ બચવા માટે ફાંફા મારતા હતા. આખો વૃક્ષ પરિવાર ભયભીત થઈ ગયો હતો!

શું થયું, શું થયું?

જોયું તો... એક માણસ કુહાડી વડે વૃક્ષની છાતી ચીરી રહ્યો હતો - વૃક્ષને કાપી રહ્યો હતો. વૃક્ષ રાડારાડ કરી રહ્યું હતું : બચાવો... બચાવો...

હા, આ એ જ માણસ હતો જે થોડીવાર પહેલા વૃક્ષની નીચે ઘસઘસાટ ઊંઘતો હતો!!

***મલ્લ શેરી, રિંગ રોડ, સોનીવાડ પાસે,***
***ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૮૮ ૯૫૮૭૦***



खईके पान महकवाला
महक गया,
मस्त मूड हमारा
MICHI'S®
Candies & Toffees
Maha Masti
MICHI'S®
Pan Mahek
₹ 1/-
PER PIECE
सब' मस्त है!
SUGAR BOILED CONFECTIONERY
Visit us on: http/www.jrjfoods.com//www.michis.in
Email: salessupport@jrjfoods.com facebook.com/MichisTreats
MichisTreats
JRJ FOODS PVT. LTD.
MANUFACTURER & MARKETER OF CONFECTIONERY PRODUCTS
Plant & Registered Office :
Plot Nos.: 314/315, Phase 1, GIDC - Chhatral, Taluka - Kalol,
Dist. - Gandhinagar 382 729. Gujarat, India.
+91 2764 234400 / 11 / 12 info@jrjfoods.com jrjfoods.com

# કચ્છમાં પૃથ્વીનો યુગો જૂનો ઇતિહાસ ભૂંસાઈ રહ્યો છે

• સુચિતા બોધાણી કનર •

કચ્છની ધરતીમાં અનેક પ્રકારના ખનીજો ધરબાયેલા છે તે તો બધા જ જાણે છે પરંતુ આ ખનીજો કાઢતી વખતે કરોડો, અબજો વર્ષ જૂના, પૃથ્વીની ઉત્પત્તિ વખતના અગણિત અને અદ્વિતીય ગણી શકાય તેવા ભૂસ્તરીય અવશેષોનો નાશ થઈ રહ્યો છે. કુદરતે બનાવેલા આ અવશેષો જો એક વખત નાશ પામશે તો પછી તેનું સર્જન ક્યારેય નહીં કરી શકાય. માનવીની ગુનાહિત બેદરકારીના કારણે આ અલભ્ય વારસો ખલાસ થઈ રહ્યો છે. તેને સાચવવાની અતિ જરૂર હોવા છતાં તે પ્રત્યે હજુ સરકારમાં જાગૃતિ આવી નથી. વિશ્વભરમાં આવા અવશેષો જીઓ પાર્કમાં સચવાઈ રહ્યા છે. ભારતમાં એક પણ જીઓ પાર્ક નથી. કચ્છ જીઓ પાર્ક માટે આદર્શ જગ્યા છે. અહીંની ધરતી આવા અવશેષો સાચવીને બેઠી છે. વિશ્વમાં ક્યાંય જોવા ન મળે તેવા અવશેષો જોવા માટે દેશ-વિદેશના સંશોધકો કચ્છ આવે છે. ભૂસ્તરશાસ્ત્રના પાઠ્ય પુસ્તકમાં હોય તેવા જ નમુના અહીં નરી આંખે નિહાળી શકાય છે. **વિશ્વમાં બીજી જગ્યાએ જે નમુના જોવા માટે દરિયાના પેટાળની સફર કરવી પડે તેવા જ નમુના કચ્છમાં જમીન પર જ જોવા મળે છે.** વૈશ્વિક ધરોહર કહી શકાય તેવા આ અવશેષો સાચવવા માટે કચ્છની વિશિષ્ટ સાઇટને જીઓ પાર્ક જાહેર કરીને તેનું જતન કરવાની જરૂર છે.

જીઓ પાર્ક એટલે એવો વિસ્તાર જ્યાં કુદરતી સંપદાનું વૈજ્ઞાનિક પદ્ધતિથી જતન થાય, ત્યાંની સંપદાનો વિવેકપૂર્ણ રીતે ઉપયોગ થાય તે બાબતનું ધ્યાન રખાય. આ વિસ્તારમાં અભ્યાસુઓ અને ભૂસ્તરશાસ્ત્રીઓ પૃથ્વીની ઉત્પત્તિથી માંડીને તેના વિકાસ અને હવે પછી આવનારી કુદરતી આપત્તિઓ વિશે જાણી શકે અને અભ્યાસ કરી શકે. આથી જ વિશ્વભરમાં આવા વિસ્તારોનું ભારે જતન થાય છે. યુનેસ્કો આવા વિસ્તારને વર્લ્ડ હેરિટેજ સાઇટ જાહેર કરે છે. અમેરિકા અને ચીન જેવા દેશોએ આવા અનેક જીઓ પાર્ક બનાવ્યા છે, જે વૈશ્વિક ધરોહરનું રક્ષણ કરે છે. ભારતમાં આવી અનેક સાઇટ છે જ્યાં આવી ધરોહર છે. પરંતુ દેશમાં હજુ એક પણ જીઓ પાર્કનું નિર્માણ થયું નથી. ગુજરાતમાં આવી ૧૫૦થી વધુ સાઇટ છે. તેમાંની કચ્છમાં આવેલી ૫૦-૬૦ સાઇટ એવી છે કે તેના જેવા અવશેષો વિશ્વમાં બીજે ક્યાંય નથી.

*કચ્છમાં ખાણો થકી ખનીજો મળે છે પરંતુ ખનીજ કાઢતી વખતે પૂરતી સલામતી રખાતી ન હોવાથી પ્રાગઐતિહાસિક કાળના ભૂસ્તરશાસ્ત્રીય મહત્ત્વના પુરાવા નાશ પામે છે. કરોડો વર્ષ પહેલાના સજીવોના જીવાશ્મિઓના રક્ષણ માટે કચ્છમાં જીઓ પાર્ક બનાવવાની માંગણી વર્ષોથી થતી આવી છે. પરંતુ કેન્દ્ર અને રાજ્ય સરકાર આ બાબતે ગંભીરતાથી વિચારતી નથી. સરકારની બેદરકારીના કારણે છેલ્લા થોડાં વર્ષોમાં ૫૦ ટકાથી વધુ અવશેષો નામશેષ થઈ ગયા છે.*

*દુનિયામાં ક્યાંય નથી તેવા અવશેષો કચ્છની ધરતીમાં ધરબાયેલા પડ્યા છે. જો અહીં દેશનું પ્રથમ જીઓ પાર્ક બને તો બાકી બચેલા અવશેષોને ભાવિ પેઢી માટે સાચવી શકાય. અહીં જીઓ ટુરિઝમ પણ સારી રીતે વિકસી શકે તેમ છે. તેમજ વિદ્યાર્થીઓ અને સંશોધકો અહીં અભ્યાસ અને સંશોધન કરી શકશે.*

અમેરિકા અને ચીન જેવા દેશોએ પોતાના દેશમાં રહેલી આવી ધરોહર સાચવવા મોટા-મોટા વિસ્તારોને જીઓ પાર્ક જાહેર કર્યા છે. જે માટે પદ્ધતિસરનું પ્લાનિંગ કરવામાં આવ્યું છે. આવા વિસ્તારમાંથી એક પથ્થર પણ ઉપાડવા પર સખ્ત પ્રતિબંધ હોય છે. ત્યાં સંશોધકો કે પર્યટકો જઇને વિશ્વની ઉત્પત્તિને લગતી વિગતો જોઈ શકે અને અલગ અલગ કાલખંડમાં પ્રકૃતિમાં થયેલા ફેરફાર અંગે જાણી શકે છે. જે - તે સમયમાં થઈ ગયેલા પ્રાણીઓ, પક્ષીઓ, વનસ્પતિઓ કે સૂક્ષ્મ જીવોના જીવાવશેષો અવલોકીને તે સમયની વિગતો વિશે અભ્યાસ કરી શકાય છે. **કચ્છ ભૂસ્તરશાસ્ત્રની દૃષ્ટિએ અતિસમૃદ્ધ પ્રદેશ છે. અહીં પૃથ્વીની ઉત્પત્તિ અને ત્યાર પછીના ટ્રાયાસિક, જુરાસિક, ટર્સરી, ક્વાટર્નરી જેવા કરોડો વર્ષો પહેલાના યુગના અવશેષો જોવા મળે છે.** તેના અભ્યાસ થકી દરિયો અને જમીનના સ્તરોમાં થયેલા ફેરફારો વિશે જાણી શકાય છે. પૃથ્વીની ઉત્પત્તિથી માંડીને હાલના સમયમાં પણ કચ્છનું ભૂપૃષ્ઠ સતત સક્રિય છે. અહીં અલગ અલગ સમયે જોવા મળેલા ભૂકંપ અને જ્વાળામુખીના લક્ષણો દેખાય છે.

વિવિધ પ્રકારના ફોલ્ટ અને ફોલ્ડ જેવી રચનાઓ પણ અહીં જોવા મળે છે. કચ્છના વિવિધ વિસ્તારોમાં ભૂસ્તરશાસ્ત્રના પાઠ્ય પુસ્તકોમાં જેનો અભ્યાસ કરાવાય છે તેવી વિગતો બહુ સહેલાઈથી જોઈ શકાય છે. **અહીં ૬૫૦થી વધુ પ્રજાતિના અવશેષ મળે છે.** આવી જૈવવિવિધતા હિમાલય જેવા વિસ્તારમાં પણ જોવા મળે છે. પરંતુ હિમાલય ખૂબ મોટા વિસ્તારમાં ફેલાયેલો છે જ્યારે કચ્છ માત્ર અંદાજે ૨૦૦ x ૨૦૦ કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલો છે. **છતાં અહીં જોવા મળતી અમુક વિશેષતા હિમાલય તો શું પરંતુ વિશ્વમાં અન્યત્ર ક્યાંય જોવા મળતી નથી.**

કચ્છના ભૂસ્તરશાસ્ત્રના અભ્યાસમાં જેમનું અમૂલ્ય પ્રદાન છે તેવા ભૂસ્તરશાસ્ત્રી ડૉ. એસ.કે. બિશ્વાસ કચ્છમાંથી ભૂસ્તરશાસ્ત્રીય અવશેષો લુપ્ત થઈ રહ્યા છે તેની વાત કહેતા ખૂબ ખેદ વ્યક્ત કરતાં જણાવે છે, 'અહીંના ભૂસ્તરશાસ્ત્રીય અવશેષો માત્ર ભારતમાં જ નહીં પરંતુ આખા વિશ્વમાં અનન્ય છે. આ વિસ્તારમાં ગાઢ જંગલો નથી તેથી કુદરતી રીતે જ આવા અવશેષો સહેલાઈથી જોઈ શકાય તેવી રીતે ખુલ્લા થયેલા છે. જેના કારણે જ અમે કચ્છને ભૂસ્તરશાસ્ત્રનું પાઠ્યપુસ્તક માનીએ છીએ. **અહીં ૬.૫ કરોડ વર્ષ પહેલાંના જીવાશ્મિઓ છે.** આ જીવાશ્મિઓની જાળવણીની કોઈ જ વ્યવસ્થા ન હોવાના કારણે અહીં આવનારા સંશોધકો, પ્રવાસીઓ કે સામાન્ય લોકો મરજી પડે તે રીતે લઈ જાય છે. અહીં એમોનાઇટ્સ ફોસીલ (કરોડો વર્ષો પહેલાના શંખલા જેવા, ગોલાકાર આકારના જળચર જીવોના અવશેષો) ઉપરાંત અનેક પ્રકારના નાના-મોટા, અતિસૂક્ષ્મ જીવાણુઓના અશ્મિઓ કાંપમાં દટાયેલા મળી આવ્યા છે. કચ્છનું ભૂમાળખું અતિ નિરાળું છે. જેનો અભ્યાસ ખૂબ ઉચ્ચ પ્રકારના સંશોધનમાં થઈ શકે છે. તેની જાળવણી અતિ આવશ્યક છે. પરંતુ ખનીજ મેળવવાની લ્હાયમાં આ અવશેષો નાશ પામી રહ્યા છે. **ઘડુલીથી નારાયણ સરોવરનો પટ્ટો ઘણો જ મહત્ત્વનો છે.** અહીં આવેલી બાબિયા ટેકરી પર પરવાળા જીવોના અવશેષો હતા. જેના કારણે ચંદ્ર પ્રકાશમાં આ આખી ટેકરી જાણે બરફની બની હોય તેવું લાગતું હતું. પરંતુ આ વિસ્તારમાં લિગ્નાઇટની ખાણમાં ખોદકામ ચાલુ થયું અને તેમાંથી નીકળેલા કચરાના કારણે આખી ટેકરી જ દટાઈ ગઈ. હવે દૂરથી તો આ ટેકરી દેખાતી જ નથી પરંતુ નજીકથી જોતાં તેમાંથી પરવાળાના જીવાશ્મિઓનો થયેલો નાશ ચોખ્ખો જોઈ શકાય છે. **ઇશ્વરે સર્જેલી આ રચના મનુષ્ય ફરી વખત સર્જી શકવાનો નથી.**'

તેઓ જીઓ પાર્ક અંગે વાત કરતાં કહે છે, 'નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી હતા ત્યારે ૨૦૦૭માં તેમને કચ્છમાં જીઓ પાર્ક બનાવી વૈશ્વિક ધરોહરનું રક્ષણ કરવા અને દેશના પહેલા જીઓ પાર્કનું સર્જન કરીને દેશના અન્ય રાજ્યોને પણ રાહ બતાવવા અપીલ કરી હતી. જીઓ પાર્ક અભ્યાસુઓ, સંશોધકો, વિદ્યાર્થીઓને તો ઉપયોગી છે જ પરંતુ તે પર્યટકોને પણ ખેંચી લાવી શકે છે. જીઓ પાર્કનું મુખ્ય મથક ભુજમાં રેહા, દયાપર, વાયોર, નખત્રાણા, નલિયા, નરા, ખાવડા, ભચાઉ, રાપર જેવા ૯ કેન્દ્રો રાખી શકાય. વિવિધ ઉદ્યોગો માટે ખનીજ એ પાયાની જરૂરિયાત હોવા છતાં ધરતીમાં ધરબાયેલા ખનીજનું ઉત્ખનન કરવું તેમ હું સૂચવતો નથી, પરંતુ વિવિધ સાઇટ પર અવશેષોની જાળવણી કરવા માટે થોડો – ૨ કિ.મી.નો પટ્ટો છોડીને ખોદકામ કરવું જોઈએ. જીઓ પાર્કની વિવિધ સાઇટ પર પ્રવાસીઓ આવે અને તેનું મહત્ત્વ સમજે તેવી રીતે સાઇટોને વિકસાવવી જોઈએ. અમારી રજૂઆતના પરિણામે આ દરખાસ્ત ગુજરાત ખનિજ વિકાસ નિગમને સુપરત કરવામાં આવી હતી. પરંતુ પછી કોઈ આગળ કાર્યવાહી જ ન થઈ. આખી યોજનાને અભેરાઇ પર ચડાવી દેવાઈ. તેના પરિણામે આજે કચ્છમાં ધરબાયેલી અલભ્ય એવી સંપત્તિનો સરેઆમ નાશ થઈ રહ્યો છે.'

ડૉ. બિશ્વાસની વાતને સમર્થન આપતાં કચ્છ યુનિવર્સિટીના ભૂસ્તરશાસ્ત્ર વભાગના વડા ડૉ. મહેશ ઠક્કર જણાવે છે, 'કચ્છના ભૂસ્તરશાસ્ત્ર અંગે ૧૮૭૨માં જીઓલોજીકલ સર્વે ઑફ ઇન્ડિયાના ઑફિસર એ.બી. વાયનેએ એક દળદાર પુસ્તક બહાર પાડ્યું હતું. તેના આધારે જ અત્યાર સુધી ઘણું કામ થયું છે. કચ્છના જીવાશ્મિઓથી સમાવિષ્ટ ભૂવિસ્તારને સાચવવા માટે અમે જી.એસ.આઈ.ને રજૂઆત કરી હતી. પરંતુ જીઓ પાર્ક બનાવવાનું કામ તેમના કાર્યક્ષેત્રમાં આવતું નથી કે નથી આ માટે કોઈ ગ્રાન્ટ ફાળવાતી. આ માટેનો કોઇ પ્રોગ્રામ પણ તેમની પાસે નથી. અત્યંત મહત્ત્વની એવી ૧૫૦ જેટલી સાઇટ સાચવવા માટે ગુજરાત સરકારને જણાવ્યું હતું. ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન અને ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશનને આ અંગે કંઈ પગલા લેવા ભારપૂર્વક જણાવ્યું હતું. પરંતુ પરિણામ શૂન્ય આવ્યું હતું. પાનન્ધ્રોમાં આવેલી કાળી નદીના પટમાં અસંખ્ય મહત્ત્વના જીવાશ્મિઓ છે. પહેલા જે નદી માત્ર અડધો કિ.મી. પહોળી હતી, તેનો પટ ખોદાઇને આજે ૧૦ કિ.મી.ની ખાણ બની ગયો છે. તેમાંના જીવાશ્મિઓનો નાશ થઈ ગયો છે. જો ૧-૨ કિ.મી.ના

વિસ્તારને છોડીને ખોદકામ કરાયું હોત તો તેનું જતન કરી શકાયું હોત. આ વિસ્તારમાં ૪ કરોડ વર્ષ જૂના લગુન ડિપોઝીટના (ખારા પાણીના તળાવમાં જમા થયેલા) જીવાશ્મિઓ અભ્યાસ માટે ખૂબ મહત્ત્વના હતા. નદીની બંને બાજુએ અઢી કિ.મી. છોડીને ખોદકામ કરવાનો નિયમ છે પરંતુ માત્ર ૫૦૦ મીટરના અંતરે જ ખોદકામ થાય છે. કાળી નદીની આસપાસ ઝેરી પાણી ભરેલું તળાવ સર્જાયું છે. તેના કારણે ભૂતળના પાણી પણ ખરાબ થઈ ગયા છે. આવું ભવિષ્યમાં ન થાય અને કરોડો વર્ષો જૂની ધરોહર સાચવી શકાય, તેનું ભાવિ પેઢી માટે જતન કરી શકાય તે માટે જ જીઓ પાર્ક જરૂરી છે. પરંતુ તે માટે નથી લોક પ્રતિનિધિઓ જાગૃત થતા કે નથી સરકારના મંત્રીઓ કે તેના અધિકારીઓ રસ બતાવતા. આથી આ અમૂલ્ય વારસાનું નજીકના જ ભવિષ્યમાં નામોનિશાન મીટાઈ જાય તો નવાઈ નહીં.

કચ્છ યુનિવર્સિટીના ભૂસ્તરશાસ્ત્ર વિભાગના પ્રોફેસર અને જીઓલોજિસ્ટ ગૌરવ ચૌહાણ પણ આવી જ વાત કરતાં જણાવે છે કે, 'કચ્છમાં ૨૦ કરોડ વર્ષનું ભૂસ્તર સહેલાઈથી જાણી શકાય છે. જેના કારણે આટલો જૂનો ઈતિહાસ જાણી શકાય તેમ છે. બે પ્લેટની હલનચલનના કારણે કચ્છની ધરતી સતત હલે છે. આવા નાના-મોટા ભૂકંપ માટે જવાબદાર એવી હજારો ફોલ્ટ અહીં છે. તેના અભ્યાસ પરથી ભૂકંપ અંગેની વધુ માહિતી મળી શકે તેમ છે. કાંપના થરના અભ્યાસથી કયા સમયે કેવા સજીવો અહીં વસતા હતા તેનો પણ ખ્યાલ આવી શકે તેમ છે. સામાન્ય રીતે દરિયામાં જોવા મળતા કોરલ રીફ (પરવાળા) અહીં જમીન પર જોવા મળે છે. ૫-૬ ફૂટ વ્યાસના એમોનાઇટ્સના અવશેષો અહીંથી મળી આવ્યા છે. જે-તે સમયે અહીં આવેલા બીજી યુનિવર્સિટીવાળા તે લઈ ગયા. આજે પણ અહીંથી અવશેષો ઉપાડવા પર કોઈ પાબંદી ન હોવાથી ગમે તે વ્યક્તિ ગમે તે અવશેષ ઉપાડી જાય છે. કચ્છમાંથી જીરાફ, ગેંડો, હાથી, મગર અને બકરી જેવા પ્રાણીના જીવાશ્મિઓ મળી આવ્યા છે. પણ તેની જાળવણી નથી થઈ. થોડા વર્ષો પહેલા ડાયનોસોરના પગના પંજાના હાડકાનું અખંડ અશ્મિ મળી આવ્યું હતું પરંતુ તે ક્યાં છે તેનો અતો પતો નથી. આ અશ્મિઓને સાચવવાની તાતી જરૂર છે.'

કચ્છમાંથી મળતા જીવાશ્મિઓ સાચવવા માટે યુનિવર્સિટીના ભૂસ્તરશાસ્ત્ર વિભાગમાં એક મ્યુઝિયમ બનાવાયું છે. જેમાં વિવિધ પ્રકારના અસંખ્ય અશ્મિઓ રખાયા છે. આ વર્ષે લોડાઈ પાસેના કાસ ડુંગર પરથી ડોલ્ફિન જેવા ઈક્થિયોસોર નામના જળચર પ્રાણીનું અખંડ અશ્મિ મળ્યું હતું. તેને આ મ્યુઝિયમમાં સાચવી રખાયું છે. પરંતુ જે અભ્યાસ ખુલ્લા આકાશ નીચે કુદરતી વાતાવરણમાં થઈ શકે તેવો અભ્યાસ મ્યુઝિયમના બંધ વાતાવરણમાં કરવો પડે તે દુર્ભાગ્ય જ કહેવાય. આજે દેશ-વિદેશના અનેક સંશોધકો અને અભ્યાસુઓ કચ્છના અશ્મિઓનો અભ્યાસ કરવા માટે આ મ્યુઝિયમમાં કલાકોના કલાકો ગાળે છે.

જો કચ્છને જીઓ પાર્ક તરીકે જાહેર કરાય તો જીઓ ટુરિઝમ પણ વિકસી શકે. અશ્મિને જોવા કે તેનો અભ્યાસ કરવા આવનારા પાસેથી નિયત ફી લઈને, ગાઈડ ઉપલબ્ધ કરાવીને સરકાર એક આર્થિક સ્રોત ઊભો કરી શકે, તો સાથે સાથે અમુક સમય માટે અભ્યાસ માટે કોઈ અશ્મિ આપીને તેની ફી પણ લઈ શકાય. કચ્છની ભૂકંપની ફોલ્ટ લાઈનો પર પ્રવાસીઓને લઈ જઈને ભૂકંપ કેવી રીતે થાય છે તે બતાવી શકાય. તેમજ કોરલ રીફ બતાવી શકાય. આમ આવકનો એક સ્રોત ઉભો કરી શકાય પરંતુ તે માટે જીઓલોજીકલ સાઇટને વિકસાવવી જોઈએ.

ભૂકંપ દિવંગતોની યાદમાં ૨૦૦ કરોડથી વધુ ખર્ચીને એક સ્મારક ભુજિયા ડુંગરની તળેટીમાં બની રહ્યું છે. તેવી જ રીતે કચ્છમાં કરોડો વર્ષોમાં દિવંગત થયેલા બીજા સજીવોની યાદમાં જીઓ પાર્ક પણ બનવું જોઈએ. પ્રો. મહેશ ઠક્કરના મતે જો તેમને રૂા. ૨૦૦ કરોડ ફાળવાય તો તેઓ ૫૦ જેટલી સાઈટ પર જીઓ પાર્ક વિકસાવી શકે. સરકારના હકારાત્મક અભિગમની સાથે સાથે તે દિશામાં આગળ વધવાની પણ તૈયારી હોવી જોઈએ. ■

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

| | |
|---|---|
| **નામ** / Name | : **શ્રી કચ્છી સમાજ – અમદાવાદ** / **Shri Kutchhi Samaj – Ahmedabad.** |
| **બેંક** | : **ધ ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપરેટિવ બેન્ક લિ.,** વ્યાપાર ભવન, મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૬. |
| **Bank** | : **The Bhuj Mercantile Co-operative Bank Ltd.** |
| **A/C No. :** | : **463009205080402 • IFS Code : HDFCOCBMCBJ** |

**સમાજ કાર્યાલય વોટ્સઅપ નંબર : ૯૬૦૧૨ ૭૫૦૭૮**




# ઝાડ હોય કે ડાળ,
# શાર્પેક્સ કરે શ્રેષ્ઠ દેખભાળ !

**શાર્પેક્સની શ્રેષ્ઠ ક્વૉલિટીની ડાળી કાપવાની કાતરોથી આંબો, બોર, લિંબૂની ડાળીઓ ખૂબ સરળતાથી અને ઝડપી કાપાય છે. જેના સારા કટીંગ અને ફીનીશીંગ સાથે ઝાડમાં સડો, જીવડા થવાની અથવા ફૂગ લાગવાની સમસ્યા રહેતી નથી.**

**શાર્પેક્સના આધુનિક મશીનોથી નિલગિરિ, સુબાબુલ અને મીલીયા દુબિયાના ઝાડ ૧૦૦ ગણી ઝડપથી કાપી શકાય છે.**

**નકામી ડાળીમાંથી સરળતાથી ખાતર બનાવતા ચીપર, શ્રેડર અને ઝડપથી ખાડા ખોદવાના મશીનો પણ ઉપલબ્ધ.**


બ્રાંચ કટર



પેટ્રોલ ચેઈન સો



ગ્રીન વેસ્ટ શ્રેડર

**શોરૂમ :** શાર્પેક્સ શોપ, 105, આરોહી કોમ્પ્લેક્સ, વર્લ્ડ ઑફ ટાઈટનની ઉપર, રસરંજનની પાસે, વિજય ચાર રસ્તા, અમદાવાદ.

**ફેક્ટરી :** પ્લોટ નં 1-5, એલ ટાઈપ એસ્ટેટ, જી.આઈ.ડી.સી, ઓઢવ, અમદાવાદ, 382 415, ગુજરાત. Toll-free: **1800-313-3303 | +91-9998333933**

કચ્છ


# આઝાદ ભારતની ટપાલ ટિકિટમાં કચ્છ

• ચંદ્રવદન જી. મહેતા 'સારસ' - ભુજ •

વિશ્વની પ્રથમ ટપાલ ટિકિટ ઈ.સ. ૧૮૪૦માં ઈંગ્લેન્ડમાં બહાર પડી, જે પેની બ્લેન્ક તરીકે ઓળખાય છે. તેના ૧૨ વર્ષ પછી અખંડ ભારતની પ્રથમ ટપાલ ટિકિટ તા. ૧-૭-૧૮૫૨ના સિંધ જિલ્લામાંથી બહાર પડી જે "સિંધ ડાક ટિકિટ" તરીકે ઓળખાય છે. ત્યાર પછી ૧-૧૦-૧૮૫૪થી ઓફિશિયલી ટપાલ ટિકિટ બહાર પડી.

તા. ૧૫-૮-૧૯૪૭ના ભારત દેશ આઝાદ થયો. પછી ભારતીય ટપાલ વિભાગ દ્વારા જુદા જુદા વિષયો ઉપર ખાસ ટપાલ ટિકિટો બહાર પાડવામાં આવી – આવે છે. આઝાદ ભારતની પ્રથમ ખાસ ટપાલ ટિકિટ તા. ૨૧-૧૧-૧૯૪૭ના બહાર પડી. ત્યાર પછી અનેક વિષયોને લગતી ટપાલ ટિકિટો બહાર પડતી રહે છે. ટપાલ ટિકિટ, એ એક ઈંચનો કાગળનો ટુકડો નથી, પણ જે તે દેશના ઈતિહાસનો અરીસો છે.

કચ્છનું ગૌરવ કહી શકાય તેવી કચ્છ જિલ્લાના અલગ અલગ વિષયોને લગતી જે ખાસ ટપાલ ટિકિટો બહાર પડી છે તેની વિગત આ પ્રમાણે છે.




### (૧) KACHCHH MUSEUM, Dt. 27-7-1978

**'કચ્છ મ્યુઝિયમ' તા. ૨૭-૭-૧૯૭૮**

ગુજરાત રાજયનું સૌથી જૂનું મ્યુઝિયમ 'કચ્છ મ્યુઝિયમ' જે કચ્છ જિલ્લાના પાટનગરમાં આવેલું છે તેને સને ૧૯૭૭માં સો વર્ષ પૂરા થયા. તેની શતાબ્દીને અનુલક્ષીને 'ભારતના મ્યુઝિયમ' શ્રેણીમાં દિલ્હી, કલકત્તા, હૈદ્રાબાદના મ્યુઝિયમો સાથે તા. ૨૭-૭-૧૯૭૮ના ભુજના મ્યુઝિયમમાં મૂકાયેલ ઈન્દ્રલોકના અધિપતિ, સપ્ત સુંઢાળો ઐરાવત જેમનું વાહન છે, તેવા ઈન્દ્રદેવના ઐરાવતની પ્રતિકૃતિવાળી બહુરંગી ખાસ ટપાલ ટિકિટ ૨૫ પૈસા (૦.૨૫ રૂા.)ના કિંમતની ૫૦ લાખની સંખ્યામાં ટિકિટો પ્રસિદ્ધ કરવામાં આવી. જેનું વિમોચન ભુજમાં મહાદેવ નાકા પાસે આવેલ કચ્છ મ્યુઝિયમના મકાનમાં ગુજરાત રાજયના વિધાનસભાના અધ્યક્ષ ભુજના વતની સ્વ. શ્રી કુંદનલાલ જસવંતરાય ધોળકિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ ટિકિટ ઉપરાંત તેની સાથે ફર્સ્ટ-ડે-કવર, મેક્ઝિમ કાર્ડ, ગ્રીટીંગ કાર્ડ પણ બહાર પાડવામાં આવ્યા હતા. કચ્છની આ પ્રથમ ટપાલ ટિકિટ, વિશ્વના ટપાલ ટિકિટ સંગ્રાહકોમાં તેની લોકપ્રિયતાના કારણે વિશિષ્ટ માંગ - માન ધરાવે છે. તે સાથે "જૈનીઝમ ફિલાટેલી" થીમમાં અગ્રેસર છે.

### (૨) SHYAMJI KRISHNA VARMA, Dt. 4-10-1989

**શ્યામજી કૃષ્ણવર્મા, તા. ૪-૧૦-૧૯૮૯**

આઝાદી પહેલા એક સમયે વિશ્વના ૫૦ દેશોના વહાણો જે બંદરે આવતા, એવા કચ્છ જિલ્લાના માંડવી બંદર - શહેરમાં જન્મેલા વ્યક્તિ વિશેષ એવા કચ્છી સપૂત, ભારતની આઝાદી લાવવામાં જેમનું મહત્ત્વનું યોગદાન છે તેવા ક્રાંતિવીર પંડિતજી સ્વ. શ્યામજી કૃષ્ણવર્મા - ક્રિશ્નવર્માના માનમાં ૬૦ પૈસાની કિંમતની, ૧૦ લાખની સંખ્યામાં તા. ૪-૧૦-૧૯૮૯ના રોજ ખાસ ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી હતી. જેનું વિમોચન પણ કચ્છના માંડવી ખાતે સને

૧૯૭૬માં જેની સ્થાપના થઈ, તેવા કચ્છ ફિલાટેલિક એસોસિએશનના પ્રમુખ સ્વ. શ્રી વાલજીભાઈ કરશનજી ઠક્કરના હસ્તે ગોકુલ રંગભવન હોલમાં રાખવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ફર્સ્ટ-ડે-કવર, બ્રોશર પ્રસિધ્ધ કરવામાં આવ્યા હતા તેમજ ટિકિટનું કેનોલેશન ભુજ હેડ પોસ્ટ ઓફિસ તરફથી કરી આપવામાં આવ્યું હતું.

**(3) RURAL INDIAN WOMEN, Dt. 15-10-1997**
**ભારતીય ગ્રામીણ મહિલા, તા. ૧૫-૧૦-૧૯૯૭**

તા. ૧૫-૧૦-૧૯૯૭ના રોજ ભારતીય ગ્રામીણ મહિલાની ટિકિટોનો ચારનો સેટ - બ્લોક રૂા. ૨ - ૬ - ૧૦ - ૧૧નો બહાર પાડવામાં આવ્યો હતો. જે બ્લોકમાં ગુજરાત રાજયના કચ્છ જિલ્લાના બન્નીના ઘાસીયા મેદાન તરીકે પ્રખ્યાત એવા વિસ્તારના લુડિયા ગામના એક હરિજન મહિલા બહેન શ્રી ખેતાબેનના પરંપરાગત વસ્ત્રો - દાગીના પહેરેલા દર્શાવતી તા. ૧૫-૧૦-૧૯૯૭ના રૂા. ૬/-ના મૂલ્યની ટિકિટ બહાર પાડવામાં આવી હતી.

ભારતમાં જીવંત વ્યક્તિઓની ટપાલ ટિકિટ ઉપર જૂજ વ્યક્તિઓને સ્થાન મળેલ છે. જેમાંના કચ્છના મહિલા શ્રી ખેતાબેનને સ્થાન મળેલ છે તે કચ્છ માટે ગૌરવ સમાન છે. આજે પણ શ્રી ખેતાબેન બન્નીના એ જ ઘાસીયા વિસ્તારના લુડિયા ગામે રહે છે. ગુજરાત, અરુણાચલ, કેરાલા, લદાખની ચાર મહિલાઓને સ્થાન મળેલ છે.

ભારતીય મહિલાઓની આ ચાર ટિકિટો પોસ્ટ ખાતા તરફથી "ઇન્ડિયન રૂરલ વુમેન ઇન ટ્રેડિશનલ કોસ્ચ્યુમ એન્ડ ઓર્નામેન્ટ્સ" પહેરેલી ભારતના ચાર પ્રદેશ – ગુજરાત, અરુણાચલ, કેરાલા અને લદાખ વિસ્તારની બહેનો હતી. જે પૈકી ગુજરાત રાજયમાં આપણા કચ્છ જિલ્લાના એક ગ્રામ્ય વિસ્તાર એવા લુડિયા ગામની બહેનને સ્થાન મળે તે ગૌરવની વાત છે.

**(૪) WILD ASS GHURKHAR, Dt. 10-5-2013**
**જંગલી ગધેડો, તા. ૧૦-૫-૨૦૧૩**

વન્ય પ્રાણી સૃષ્ટિ પૈકીના જંગલી ગધેડા ઘુડખર ભારતના વન્ય પ્રાણી સૃષ્ટિમાંથી લુપ્ત થતી જાતિ - પ્રજાતિ એવા "ઘુડખર" જેને જંગલી ગધેડા પણ કહેવાય છે, જે ભારતમાં માત્ર કચ્છના રણમાં અને લદાખમાં વસે છે. એ બંને પ્રાણી (૧) ઘુડખર - પૈકી ઘુડખરની રૂા. ૨૦/-ની અને (૨) 'કિઆંગ' (જંગલી પ્રાણી)ની રૂા. ૫/-ની ટપાલ ટિકિટ તા. ૧૦-૫-૨૦૧૩ના બહાર પડી અને તેની મિનિએચર સીટ પણ બહાર પડી છે. ઘુડખરની ટિકિટ ઉપર કચ્છના ઘુડખર પ્રાણીઓના ટોળા દર્શાવેલ છે.

**(૫)** કચ્છની હસ્તકલા વિશ્વવિખ્યાત છે. કચ્છી કલા - કારીગરોએ બનાવેલી હસ્તકલાની વિવિધ ચીજો પૈકી "હાથપંખા" 'હેન્ડ ફેન' જે ચામડામાંથી બારીકાઈથી બનાવવામાં આવે છે તે પંખાની ટિકિટ તા. ૩૦-૧૨-૨૦૧૭ના ૧૬ ટિકિટોના બ્લોકમાં સેટ પ્રસિદ્ધ થયો છે. રૂા. ૧૫/-ના મૂલ્યવાળી આ ટિકિટમાં કુલ્લે ૪ જાતના ચાર પ્રદેશોના પંખા દર્શાવવામાં આવ્યા છે.

કચ્છનો બન્ની વિસ્તાર હસ્તકલા કારીગરી માટે જગવિખ્યાત છે. એ વિસ્તારમાં તથા કચ્છના અન્ય વિસ્તારોમાં 'હાથપંખા' બનાવવામાં આવે છે. અલગ અલગ આકારોમાં સીવીને તેની કિનારીઓ રંગબેરંગી દોરા અને ઉનથી સજાવાય છે. તેનો દેખાવ સુંદર હોય છે. 'હાથપંખા'ની ટપાલ ટિકિટ પ્રસિદ્ધ થતાં દેશ વિદેશમાં 'કચ્છી પંખો' ખૂબ પ્રસિધ્ધિ પામ્યો છે.

સમગ્ર રીતે જોઈએ તો ભારતના ૪ વસ્તાર દિલ્હી, બંગાળ, રાજસ્થાન અને કચ્છ ગુજરાત એ દરેક પ્રદેશની ચાર-ચાર ટિકિટોનો કુલ ૧૬ ટિકિટોનો સેટ રૂા. ૨૪૦/-નો પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

**(૬)** ભારતીય ટપાલના ફિલાટેલી જગતમાં બે દેશોની ટિકિટ સંયુક્ત રીતે તા. ૧૭-૨-૨૦૧૮ના પ્રગટ કરવામાં આવી. જે પૈકી ગુજરાત રાજયના કચ્છ જિલ્લામાં આવેલ કંડલા બંદરની ટિકિટનું નામ સ્વ. શ્રી દીનદયાલ ઉપાધ્યાયના નામ ઉપરથી "દીનદયાલ પોર્ટ - કંડલા" જે ટિકિટનું મૂલ્ય રૂા. ૨૫/- છે. જયારે તેની સાથે જ સંયુક્ત રીતે જમણા ભાગે છપાયેલ છે તેનું નામ "શાહિદબહિસ્તી બંદરગાહ ચાબહાર" છે જે ટિકિટનું મૂલ્ય રૂા. ૫/- છે. જે ઇરાન દેશની છે.

આ સંયુક્ત ટપાલ ટિકિટના અગ્રભાગે બંને ટિકિટમાં "ભારત ઔર ઇરાન ઇસ્લામિક સ્વરાજ્ય સંયુક્ત ડાક ટિકિટ" એમ દર્શાવેલ છે.

આ રીતે અત્યાર સુધી સને ૧૯૭૮થી સને ૨૦૧૮ સુધી કચ્છ વિષયક ૬ ટપાલ ટિકિટો પ્રસિદ્ધ થઈ છે.

*૮૯, સંસ્કારનગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

*તમારી ચાલ સિંહ જેવી ટટ્ટાર હોવી જોઈએ. ઝુકીને નહીં ચાલવાનું.*
*આ તમારા આત્મવિશ્વાસના દર્શન કરાવે છે.*

ગુજરાતી કથાગીતો
મણકો-૨

## માતાના ઘવાયેલા હૈયાને વાચા આપતું ગીત

# 'આંધળી મા નો કાગળ'

• સંકલન : જીના વીરેન શેઠ •

*શ્રીમતી જીના વીરેન શેઠે જીવનને રસમય બનાવતા કથાગીતોનો રસથાળ "ગુજરાતી કથાગીતો" સ્વરૂપે પ્રગટ કરેલ છે. આ વિષય પર સંપૂર્ણ બુક બહાર પાડવી એ કદાચ ગુજરાતી સાહિત્યમાં આ પ્રથમ જ પ્રયાસ હશે કે જેનો યશ જીના વીરેન શેઠને આપવો ઘટે.*

*પ્રથમ એક પ્રચલિત લોકકાવ્ય પસંદ કરવું, એ કાવ્યની રજૂઆત બાદ તેના સર્જક વિશે નોંધ લખવી અને ત્યારબાદ કાવ્યની કથા વિશે વિશ્લેષણ કરવું અને છેલ્લે કાવ્યના સંદેશ વિશે પણ મિમાંસા કરવી.*

*આ એક અદ્વિતીય પ્રયાસ છે કે જે ધન્યતાને પ્રાપ્ત છે.*

*આ પુસ્તકમાં અમર કથાગીતો, પૌરાણિક કથાગીતો, ઐતિહાસિક કથાગીતો, ચરિત્ર કથાગીતો, ભક્તિમય કથાગીતો, બાળ કથાગીતો, અનુદિત કથાગીતો, લોક કથાગીતો, ફિલ્મી કથાગીતો અને લોકપ્રિય ગીતો એમ અલગ અલગ વિભાગના ૩૧ ગીતો પસંદ કરવામાં આવ્યા છે અને દરેક ગીતની પાછળ તેનું વિશ્લેષણ રજૂ કરવામાં આવેલ છે.*

*આ કથા ગીતોને "કચ્છશ્રુતિ"ના માધ્યમ દ્વારા વાચક વર્ગ સુધી પહોંચાડવાનો આ પ્રયાસ છે.*

*'કચ્છશ્રુતિ'ના ડિસેમ્બર-૨૦૧૮ના અંકમાં ઝવેરચંદ મેઘાણીનું સદાબહાર કથાગીત "ચારણ કન્યા" રજૂ કરવામાં આવેલ હતું. આ અંકમાં ગીતોના મણકા-૨ સ્વરૂપે ઈંદુલાલ ગાંધી રચિત "આંધળી માનો કાગળ" રજૂ કરવામાં આવેલ છે.*

*આશા છે કે વાચક વર્ગને કથાગીતોની મિમાંસા સ્વરૂપનો આ નવો વિભાગ જરૂરથી પસંદ પડશે.*

***– તંત્રી મંડળ***

અમૃત ભરેલું અંતર જેનું, સાગર જેવડું સત,
પૂનમચંદના પાનિયા આગળ ડોશી લખાવતી ખત,
ગગો એનો મુંબઈ ગામે,
ગીગુભાઈ નાગજી નામે.

લખ્ય કે માડી! પાંચ વરસમાં પહોંચી નથી એક પાઈ,
કાગળની એક ચબરખી પણ મને મળી નથી, ભાઈ!
સમાચાર સાંભળી તારા,
રોવું મારે કેટલા દા'ડા?

ભાણાનો ભાણિયો લખે છે કે ગગુ રોજ મને ભેળો થાય,
દન આખો જાય દા'ડિયું ખેંચવા રાતે હોટલમાં ખાય.
નિત નવાં લૂગડાં પે'રે,
પાણી જેમ પઈસા વેરે.

હોટલનું ઝાઝું ખાઈશ મા, રાખજે ખરચીખૂટનું માપ,
દવાદારૂના દોકડા આપણે કાઢશું ક્યાંથી બાપ!
કાયા તારી રાખજે રૂડી
ગરીબની ઈ જ છે મૂડી.

ખોરડું વેચ્યું ને ખેતર વેચ્યું, કૂબામાં કર્યો છે વાસ,
જારનો રોટલો જડે નહિ તે દી પીઉં છું એકલી છાશ.
તારે પકવાનનું ભાણું,
મારે નિત જારનું ખાણું.

દેખતી તે દી દળણાં-પાણી કરતી ઠામેઠામ,
આંખ વિનાનાં આંધળાને હવે કોઈ ન આપે કામ,
તારે ગામ વીજળી દીવા,
મારે આંહી અંધારાં પીવાં.

લિખિતંગ તારી આંધળી માના વાંચજે ઝાઝા જુહાર,
એકે રહ્યું નથી અંગનું ઢાંકણ, ખૂટી છે કોઠીએ જાર.
હવે નથી જીવવા આરો,
આવ્યો ભીખ માંગવા વારો.

***– ઇંદુલાલ ગાંધી***
***(૮-૧૨-૧૯૦૫થી ૧૦-૧-૧૯૮૬)***

• **સર્જક વિશે :**

ગુજરાતી ભાષાની આ અમર રચનાથી ભાગ્યે જ કોઈ

ગુજરાતી અજાણ હશે. તોપણ એક હકીકત એ પણ છે કે આ કાવ્ય જેટલું જાણીતું અને માનીતું છે એટલા જ એના સર્જકથી લોકો અપરીચિત છે.

માતાના ઘવાયેલા હૈયાને વાચા આપતી આ ઉત્તમ કૃતિના સર્જક છે ઇંદુલાલ ગાંધી. તેઓ કવિ હોવા ઉપરાંત નાટ્યકાર અને વાર્તાકાર પણ હતા. તેઓ મકનસર (મોરબી)ના વતની હતા. એમણે ગીતો, કથા-કાવ્યો, સૉનેટો આપ્યાં છે. એમની કવિતાની વાત થાય એટલે પહેલી જ નજર 'આંધળી માનો કાગળ' કાવ્ય પર પડે.

એમનાં ગીતોમાં એવું કશુંક છે કે જે વાંચતાની સાથે જ ગણગણવાનું મન થયા જ કરે. માણસના હોઠ એના ઉપાડને ગુંજ્યા કરે. પ્રસ્તુત કાવ્યનું લયમાધુર્ય માના હૃદયની વેદનાને કરુણતાથી છતી કરવામાં સફળ રહ્યું છે. પત્ર સ્વરૂપે કહેવાયેલી માતાના દિલની વાત દરેક વાચકના દિલ સુધી પહોંચી... હૃદય સોંસરવી ઊતરી જાય છે.

- **માની મમતા :**

મા એટલે ઇશ્વરનો અવતાર. એક વિદ્વાને કહ્યું છે કે ભગવાને સૃષ્ટિની રચના કરી માણસ પેદા કર્યો ત્યારે એના મનમાં જરૂર વિચાર આવ્યો હશે કે દુનિયા પર આવનાર દરેક નવા જીવનું ધ્યાન કોણ રાખશે? માટે એણે દરેક બાળક માટે એક મા બનાવી. મા બનાવીને ઇશ્વરે દરેક માણસ માટે ભગવાન જ બનાવ્યો છે.

મા તો વાત્સલ્યની અમર મૂર્તિ છે. તેની મમતા અલૌકિક છે. સંસારની કોઈ પણ વસ્તુ કે કોઈ પણ શક્તિ તે મમતાની તોલે ન આવી શકે. પુત્ર ઉંમરમાં ગમે તેટલો મોટો થાય, માના હૈયે તો તેની ચિંતા એકસરખી જ રહે છે. માતાને મન એનો પુત્ર કદી મોટો થતો જ નથી.

એવી અમૃત ભરેલા અંતરવાળી અને સાગર જેવડા સાચવાળી એક માના હૃદયની વ્યથાની કથા અહીં પત્રસ્વરૂપે કાવ્યરૂપે ઠલવાઇ છે.

- **મુંબઈની માયા :**

સદીઓથી લોકોને મોહમયી મુંબઈ નગરીનું જબરું આકર્ષણ રહ્યું છે. દેશભરમાંથી લોકો નોકરી-ધંધો કરવા મુંબઈ આવતા હોય છે અને મુંબઈ નગરી આવનાર તમામને પોતાના ખોળામાં સમાવી લેતી રહી છે.

મુંબઈ માટે કહેવાય છે કે અહીં રોટલો મળે, પણ ઓટલો મળવો મુશ્કેલ છે અને મુંબઈની કમાણી, મુંબઈમાં સમાણી.

મુંબઇના ખર્ચા, મુંબઈની ધાંધલ-ધમાલવાળી જિંદગી, મુંબઇનું ભેજવાળું વાતાવરણ, મુંબઇની સંકડાશ – આ બધું અને એની સાથે સુમેળ બેસાડીને જીવવું એ લોઢાના ચણા ચાવવા જેવું અઘરું કામ છે. છતાં મુંબઈની માયા, મુંબઈનો મોહ, અહીં રહીને પ્રગતિ કરવાની આશા અને સપનાં કંઈ કેટલાય લોકોને અહીં ખેંચી લાવે છે.

- **કાવ્યની કથા :**

ગામડાગામમાં રહેતી એક અભણ, આંધળી માતાનો પુત્ર પણ પેટિયું રળવા મુંબઈ ગયો છે. ડોશીના પતિનું નામ હતું નાગજી. ગગા (પુત્ર)નું નામ છે ગીગુભાઈ. પતિના મૃત્યુ પછી અંધ માતાનો એકનો એક સહારો છે પુત્ર. દીકરાને ભણાવી-ગણાવીને ગામમાંથી શહેરમાં મોકલનાર માતાને દીકરાના કોઈ જ સમાચાર ન મળતાં, તે દુઃખી અને વ્યથિત હૃદયે પોતાની વાત પાડોશમાં રહેતા પૂનમચંદના પુત્ર પાનિયા આગળ પત્ર દ્વારા લખાવે છે.

એ કાગળમાં દીકરાની યાદ છે, ફરિયાદ છે, પોતાની વ્યથા છે અને થોડી શિખામણ છે. પોતાની સઘળી ચિંતા એ કાગળમાં ઠાલવે છે. દીકરાનું શહેરમાં શું થયું હશે? એ કેમ હશે? એ શું ખાતો હશે? કેમ રહેતો હશે? આ સઘળાય પ્રશ્નો માને સતાવે છે.

પાંચ વરસમાં એની કોઈ જ ચિઠ્ઠી - ચબરખી પણ આવી નથી. એના તરફથી ન કોઈ સમાચાર આવે છે, ન તો રાતી પાઈ આવે છે. તેથી માની ચિંતા બમણી થઈ ગઈ છે. એની આંખનાં આંસુ સુકાતાં નથી.

ભાણાનો ભાણિયો કે જે પણ મુંબઈમાં રહે છે એના તરફથી ઊડતા સમાચાર મળ્યા છે એ પ્રમાણે તેના પત્રમાં એવી કંઇક વિગત હતી કે ગગુ રોજ ભેગો થાય છે. દિવસ આખો કામ કરવા જાય છે. રાતે હોટલમાં ખાય છે. નિત નવાં કપડાં પહેરી ફરે છે અને પાણીની જેમ પૈસા ખર્ચે છે.

આવા સમાચારથી ચિંતા કરતી મા લખાવે છે કે : હોટલનું ઝાઝું ખાઈશ મા, ખર્ચ કરવામાં પણ કાબૂ રાખજે. બહારનું ખાઈ માંદો પડીશ તો આપણે સારવારનો ખર્ચ ક્યાંથી કાઢશું? શરીરને સાચવજે કારણકે ગરીબ માટે એનું સ્વાસ્થ્ય જ એની સાચી મૂડી છે.

આટલું કહી હવે મા પોતાની દયનીય સ્થિતિનું વર્ણન કરે છે. તેને ખાવા-પીવા, પહેરવા-ઓઢવા, રહેવા અરે! આંખોથી જોવામાં પણ જે જે તકલીફો પડી રહી છે તેનું હૃદયદ્રાવક વર્ણન કવિ કાવ્યમાં કરે છે.

ગરીબીને લીધે છેલ્લાં વર્ષોમાં ઘર, ખેતર વેચી નાખ્યાં છે. કૂબામાં (ઘાસના ઝૂંપડામાં) રહેવાનું થયું છે. જારનો રોટલો ને છાશ પી ગુજરાન ચલાવે છે. તે પણ જો ક્યારેક નસીબમાં ન હોય તો ફક્ત છાશ પી લે છે.

આંખે દેખાતું હતું ત્યાં સુધી તો ગામના લોકોનું કામ પણ કરતી પણ હવે અંધ, ગરીબ, વૃદ્ધ સ્ત્રીને તો કામ પણ કોણ આપે? જાણે કવિ કહી રહ્યા છે કે આંખોથી જ અંધારું નહીં, જીવનમાં પણ ચારેબાજુ અંધારું છવાઈ ન ગયું હોય! શરીર પર પહેરવા એકેય કપડું નથી રહ્યું, કોઠીએ જાર ખૂટી ગઈ છે. હવે જીવવાનો કોઈ માર્ગ જ નથી રહ્યો. હવે તો ભીખ માંગવાનો વારો આવ્યો છે એમ કહી મા પત્ર પૂરો કરે છે. જાણે પોતાની દારુણ સ્થિતિનું આગળ વર્ણન જ ન કરી શકતી હોય એમ એના શબ્દો પણ જાણે ખૂટી પડે છે પણ દુ:ખ અને તકલીફનો કોઈ અંત આવતો જ નથી!

આમ, આંધળી માતાની મમતા, એની પરવશતા અને ઘરડે ઘડપણ ભોગવવી પડતી એકલતા એ આ કાવ્યનો સૂર છે.

- **કાવ્યનો સંદેશ :**

કાવ્યનો એક સંદેશ એમ કહે છે, 'કાયા તારી રાખજે રૂડી.'

એ શિખામણ, જે કાવ્યમાં મા-દીકરાને આપે છે, એ આપણાં બધાં માટે પણ એટલી જ સત્ય છે. કારણ જ્ઞાની - અનુભવી કહી ગયા છે કે પહેલું સુખ તે જાતે નર્યા.

અને બીજો સંદેશ એ કે માતા એટલે ગુણોનો ભંડાર. માતાના ગુણો ગણવા બેસીએ તો ગણિતના આંકડા પણ ઓછા પડે.

એવી માતા બીજું બધું સહન કરી શકે છે પણ પોતાના પુત્ર તરફથી થયેલી ઉપેક્ષા ક્યારેય સહન કરી શકતી નથી. એ ઉપેક્ષા એને તોડી નાખે છે અને એ પૂરમાં એ, એની સાથે કંઈ કેટલુંય તાણીને લઈ જાય છે.

માટે, મા ને તો ગમે તે પરિસ્થિતિમાં ન જ વિસરાય હોં!

*'માનવતા અને સંસ્કૃતિનું મહાવિદ્યાલય માતાનાં ચરણોમાં છે.'*

*– ફ્રેડરિક હેસ્ટ*

## બંધારણીય સુધારા કરતા, સત્તાધીશોની નિષ્ઠા જરૂરી છે

૨૨૫ વર્ષ પહેલાં તૈયાર કરાયેલા અમેરિકાના બંધારણમાં માંડ ૨૭ વાર સુધારા કરાયા છે, જ્યારે આપણે ૭૦ વર્ષમાં ૧૦૦ વાર સુધારા કર્યા છે અને આ પ્રોસેસ આજે પણ ચાલુ છે. બંધારણ ગમે તે હોય પણ જરૂરી નિષ્ઠા સત્તાધારીઓમાં હોવી જરૂરી છે.

WITH BEST WISHES FROM
MORBIA GROUP OF COMPANIES
SOFA WALA The Sofaz Expert
WORLD link IT Rental & Sales
furniture mall
SUKHLAL MORBIA & FAMILY
112, Dev Arc Complex,
ISCON Cross Road,
S.G. Highway, Ahmedabad.
M. : 98252 36494, 98252 27499

Splendid
P & G Enterprise
Kitchenware, Household Products & Corporate Gifts
157, Titanium City Centre Mall,
Opp. Seema Hall, Prahladnagar Road,
Ahmedabad-380 015.
(M) : 9106682565, 9724932540
E-mail : pandgenterprise@gmail.com
• PACKED & MARKETED BY •
P & G Enterprise
Sundha Estate, Sarkhej, Ahmedabad.
M. : 91066 82565

જબાન

# શબ્દશોધ

## અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી – (૬)




તુલસી કંસારા

**Garble = ગાર્બલ** = ખોટો ખ્યાલ ઉત્પન્ન થાય એ રીતે હકીકતને વિકૃત, ખોટા સ્વરૂપે રજૂ કરવી, સંદેશ, વાતચીત, વગેરેને અંગે ગોટાળો કરવો કે તેને વિકૃત સ્વરૂપ આપવું. અત્યારે સોશિયલ માધ્યમોમાં પણ કેટલીય હકીકતો આધારહીન અને જુઠી રીતે અનેક ગ્રુપોમાં ફરતી હોય છે. આપણે સમાચાર પત્રો અને ટી.વી. ચેનલોના માધ્યમો થકી જોઈએ છીએ કે આપણા દેશમાં ચૂંટણી સમયમાં અનેક બાબતોને વિકૃત સ્વરૂપ આપી તેનો પ્રચાર કરી ચૂંટણીઓ જીતવા સુધીના બનાવો બને છે. દા.ત. રાફેલ વિમાનોના સોદા બાબતમાં વડાપ્રધાન ઉપર છેલ્લા બે વરસથી કોંગ્રેસ જુઠ્ઠો પ્રચાર કરી રહેલ છે અને સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી પણ તેનો પ્રચાર ચાલુ છે જેને આપણે ગાર્બલ પ્રચાર કહી શકીએ. આવો જ એક શબ્દ જુઠા પ્રચાર માટે વાપરવામાં આવે છે. તેનું નામ છે **Goebbles propoganda** - ગોબલ પ્રચાર. ખરેખર તો જોસેફ ગોબલ કરીને હીટલરનો પ્રચાર મિનિસ્ટર હતો અને તેની બોલવાની ઢબ ખૂબ જ પ્રભાવશાળી હતી. તેથી લોકો તે કહે તેને સાચું જ માની લેતા હતા. પછી ભલે તે ગમે તેટલું જુઠ ફેલાવતો હોય. કદાચ રાફેલ કેસમાં તેમજ મધ્ય પ્રદેશના ખેડૂતોના દેવા માફીના કેસમાં કોંગ્રેસે આવું જ કરેલ છે.




**Grovel = ગ્રોવેલ** = (કોઈની આગળ) અધોમુખ પડવું, પોતાની જાતને હલકી ગણવી, જમીન પર અંગ ઘસડવું, –ની સામે ઊંધે મોઢે જમીન પર પડ્યા રહેવું, પોતાનું અહિત કરવું. મારો ક્લાસરૂમનો અનુભવ છે કે જ્યારે કોઈ સવાલ પૂછવામાં આવે ત્યારે મોટાભાગના લોકો તેનો જવાબ આપતા હિચકિચાતા હોય છે અને તેનો જવાબ આવડતો હોય તો પણ ખોટા પડવાના ડરને કારણે જવાબ આપતા નથી હોતા, તેમાંથી બચતા હોય છે. હું આવા લોકોને ‘સેલ્ફ ડિસ્કાઉન્ટીંગ’ મતલબ પોતાનામાં આવડતા હોવા છતાં પણ પોતાની જાતને ઓછી માનવી, નહીં આવડેનો ડર રાખવો, પોતાની જાતનું જ મૂલ્ય ઘટાડવું. આવા લોકોને આપણે ‘યસ મેન’ કહેતા હોઈએ છીએ. મંદિરોમાં કે મસ્જિદોમાં ઘૂંટણિયે પડવું કે દંડવત્ પ્રણામ કરવા અથવા તો પોતાના વડીલોને માન આપી નમવું તે અલગ વાત છે કારણકે તેમાં તમે ભગવાન પાસે પોતાની જાતને નહિવત ગણો છો, જે વ્યાજબી છે. પરંતુ રાજકારણમાં જે લોકો પોતાના નેતા સામે નમતા હોય છે, તેમને પગે પડતા હોય છે તે ગ્રોવેલ કહેવાય.



**Inebriate = ઈનીબ્રિઅટ.**



આ શબ્દ મૂળ લેટીન ભાષાનો છે. તેનો અર્થ થાય છે દારૂડિયો, દારૂ પીધેલો, નશો કરેલો, છાકટો, કેફમાં ચકચૂર વગેરે. આના પર્યાય છે **Drunk** = પીધેલો, **intoxicated** = ઈનટોક્સીકેટેડ = ઝેરીલો, ઝેરથી રોગીષ્ટ થઈ ગયેલો અને દારૂ પણ વધારે પડતો પીવાઈ જાય તો તે ઝેરની ગરજ સારે છે. આપણે ઘણી વખત ન્યુઝ પેપરમાં વાંચીએ છીએ કે લઠ્ઠો પીવાથી આટલા માણસો મરી ગયા. લઠ્ઠો એ દેશી દારૂ છે, જે અણઘડ રીતે બનાવવામાં આવે છે અને ક્યારેક ઝેરી બની જાય છે. આમેય અંગ્રેજીમાં એક કહેવત છે કે anything in excess is poision. મતલબ કોઈપણ બાબતમાં અતિ કરવામાં આવે તો તે ઝેર બની જાય છે! આમ તો આપણે બધા જાણીએ છીએ કે દારૂને સ્પિરીટ, આલ્કોહોલ, સુરા, કસુંબો વગેરે અનેક નામે ઓળખવામાં આવે છે અને તેનો ઈતિહાસ રામાયણ - મહાભારતના સમય જેટલો જૂનો છે. હિંદુસ્તાનમાં જૈનોના ભગવાન મહાવીર સ્વામીએ તેનો ત્યાગ કરવાનો ઉપદેશ આપેલ છે અને ઈસ્લામમાં તો તેની મનાઈ જ ફરમાવવામાં આવેલ છે. હાલે ભારતમાં દારૂબંધી માત્ર બિહાર, ગુજરાત અને નાગાલેન્ડ તેમજ કેન્દ્રશાસિત પ્રદેશ લક્ષદ્વીપમાં લાગુ પાડવામાં આવેલ છે. જ્યારે બાકીના બધા જ રાજ્યોમાં દારૂ વેચવાનું કાયદેસર છે. ■

સન્માર્ગ

# બાળપણ જ સારું હતું....



ભોલાભાઈ ગોલીબાર

## ઘડિયાળ ફક્ત પિતાજી પાસે હતી અને સમય બધા પાસે....

સજ્જનપ્રસાદ નામે એક સજ્જન, જે કર્મકાંડમાં ખૂબ જ વિશ્વાસ રાખતા હતા. સજ્જનપ્રસાદ નામ પ્રમાણે સજ્જન, સદાચારી અને ઈશ્વરભક્ત હતા. પણ ધર્મનું કોઇ વૈજ્ઞાનિક સ્વરૂપ પણ હોય છે એની એમને ખબર નહોતી.

રોજ સવારે પૂજા કરી સજ્જનપ્રસાદ હંમેશાં શંખ વગાડતા. આ અવાજ સાંભળીને પડોશમાં રહેતો ગધેડો કોઈ પોતાના મિત્રનો અવાજ સાંભળી ભૂંકતો હતો. ગધેડાને એ ખબર નહોતી કે સજ્જનપ્રસાદ આ શંખ ભગવાનને રાજી કરવા વગાડે છે. જ્યારે સજ્જનપ્રસાદને ગધેડો ભૂંકતો, તો એમ લાગતું કે આ ગધેડો ગયા જનમમાં કોઈ તપસ્વી હશે જેને એની કોઈ ભૂલના કારણે ભગવાને ગધેડો બનાવી પૃથ્વી પર ફરી મોકલ્યો છે. સજ્જનપ્રસાદે ગધેડાનું નામ ‘શંખરાજ’ રાખી દીધું.

એક દિવસ ગધેડો ન ભૂંક્યો. સજ્જનપ્રસાદને નવાઈ લાગી. એણે તપાસ કરી તો જાણવા મળ્યું કે ગધેડો મરી ગયો છે. સજ્જનપ્રસાદે ગધેડાના સન્માનમાં પોતાનું માથું મૂંડાવી નાખ્યું અને વિધિવત તર્પણ કર્યું. સાંજે સજ્જનપ્રસાદ એક વેપારીને ત્યાં ગયા. વેપારીએ સજ્જનપ્રસાદનું મુંડાયેલું માથું જોઈને પૂછ્યું, ‘સજ્જનજી, તમે માથું કેમ મુંડાવ્યું?’

સજ્જનપ્રસાદે કહ્યું, ‘અરે ભાઈ, શંખરાજના જીવનનો અંત આવી ગયો.’

વેપારી સજ્જનપ્રસાદનો યજમાન હતો. એણે પણ પોતાનું માથું મુંડાવી નાખ્યું. વાત જેમ જેમ લોકોમાં ફેલાતી ગઈ, બધા પોતાનું માથું મુંડાવતા ગયા. ગેરસમજ બહુ ખરાબ વસ્તુ છે. એક સૈનિક વેપારીને ત્યાં આવ્યો. એણે જોયું તો આખા ગામના લોકોએ માથા મુંડાવી નાખ્યા હતા. એને ખબર પડી કે શંખરાજ મહારાજ નથી રહ્યા, તો એણે પણ માથું મુંડાવી નાખ્યું. ધીરે ધીરે બધા સૈનિકોએ માથા મુંડાવી નાખ્યા. લશ્કરના ઑફિસરોને આ જોઈને નવાઈ લાગી. એમણે પૂછપરછ કરી. પૂછપરછ કરતા કરતા સજ્જનપ્રસાદના ઘર સુધી પહોંચ્યા. તપાસ કરતા ખબર પડી કે શંખરાજ કોઈ મહારાજ, પંડિત કે મહાજ્ઞાની કે તપસ્વી નહોતો; એ એક ગધેડો હતો. ઑફિસરોએ આ વાત જઈને બધા સૈનિકોને કરી. બધા સૈનિકોના માથા શરમથી ઝૂકી ગયા.

ઑફિસરે સૈનિકને કહ્યું, ‘આવા અનેક અંધવિશ્વાસ સમાજમાં એટલા માટે ફેલાયેલા છે કે એના મૂળ વિશે કોઇને ખબર જ નથી હોતી. ધર્મ પરંપરાવાદી નથી, સત્યની પ્રતિષ્ઠા માટે છે. ધર્મ એ સુધાર અને સમન્વયનો માર્ગ છે. એને જ માનવો જોઈએ. મિત્રો, આંધળુકિયું કે આંધળું અનુકરણ ન કરો. આંખો ખોલો...!

*ગોલીબાર પબ્લિકેશન્સ,*
*કાશીરામ ટેક્ષટાઈલ્સની પાછળ,*
*બોમ્બે હાઈવે, નારોલ, અમદાવાદ-૩૮૨ ૪૦૫.*
*ફોન : ૨૫૩૨૯૧૮૧, ૨૫૩૨૯૬૭૧*

## આળસથી બીમારી

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને કહ્યું છે કે ભારતની ૧૨૫ કરોડની વસ્તીમાંથી ૩૪ ટકા એટલે કે ૪૨ કરોડ લોકો આળસના કારણે બીમારીનો ભોગ બને છે. વિશેષ તો પુરુષો કરતાં સ્ત્રીઓમાં આ આળસનું પ્રમાણ બમણું સાબિત થયું છે. ૨૨ ટકા પુરુષો અને ૪૭ ટકા સ્ત્રીઓ શારીરિક શ્રમની આળસને કારણે ફિટનેસ ધરાવતા નથી. આને પરિણામે હાર્ટ ઍટેક, બ્લડ પ્રેશર, સ્થુળતા, ડાયાબિટીસ અને કેન્સર વધી રહ્યા છે. એક બાજુ જંક ફૂડની બોલબાલા છે, ત્યારે વિશ્વમાં બીજા ક્રમે ભારતમાં જાડા બાળકોનું પ્રમાણ છે. ૩૪ ટકા લોકો કશી કસરત કરતા નથી. તેને પરિણામે બીમારી એમના પર ત્રાટકવા તૈયાર છે. દેશના ત્રીજા ભાગની વસ્તીને આળસ બીમાર કરી રહી છે તે હકીકત શરમજનક ગણાય છે.

લઘુકથા

# બોધવાણી

• નીતિન એચ. સંઘવી •

એક વખત અકબર બાદશાહને વિચાર આવ્યો કે બીરબલ ખૂબ જ ચતુર અને હોંશિયાર છે. પરંતુ એવી મજાક જાહેર સભામાં કરું જેથી તેની ચતુરાઈનો ખ્યાલ આવી શકે અને નહિંતર સભામાં એની હાંસી થાય.

અકબરને સભામાં કહા : 'દેખો બીરબલ, હમને આજ એક બહુત અચ્છા સપના દેખા કી હમ દોનોં જંગલમેં શિકારકે લીયે જા રહે હૈં ઔર શિકારસે લૌટનેકે સમયપે અંધેરા બહુત હો ગયા થા. હમ દોનોં ઘોડે સે જા રહે થે ઔર અચાનક દો ખડ્ડે આયે જો અંધેરેમેં હમે દીખાઇ નહીં દીયે ઔર હમ દોનોં ખડ્ડેમેં ગીર પડે. જીસમેં એક છડ્ડા અત્તરસે ભરા થા ઔર દૂસરા કીચડસે. મૈં અત્તરકે ખડ્ડેમેં ગીરા ઔર તુમ કીચડકે ખડ્ડેમેં ગીર પડે ઔર મેરી આંખ ખૂલ ગઈ.'

સભામાં હાસ્ય લહેરાઇ ગયું.

ફિર બીરબલને કહા, 'જહાંપનાહ, મુઝે ભી વૈસા હી સપના આયા, જો આપકો આયા થા. હમ દોનોં અલગ અલગ ખડ્ડેમેં ગીર પડે. લેકિન આપકા સપના વહાં ખતમ હુઆ ઔર મેરા સપના થોડા આગે ચલા.'

અકબર : 'આગે ક્યા હુઆ, બતાઓ બીરબલ.'

બીરબલ : 'જહાંપનાહ, હમ દોનોં બાદમેં ખડ્ડેસે બહાર આયે ઔર મૈં આપકો ચાટને લગા ઔર આપ મુજે ચાટને લગે.'

સભામાં બધા ગંભીર થઈ ગયા.

બીરબલના જવાબ અને સપનાથી આપણે એ જોવાનું રહ્યું કે આપણને હોજ તો અત્તરનો મળ્યો પરંતુ આસ્વાદ શેનો માણીએ છીએ? ખોડિયું તો માનવનું મળી ગયું પરંતુ એ ખોળિયામાં રહીને આપણે પશુતાના કાર્યો તો નથી કરતા ને?

માનવ જીવનની અત્તરની સુવાસને બદલે ચારેબાજુ કાદવ-કીચડની બદબૂ તો ફેલાવતા નથીને? કહે છે, મનખા દેહ નહીં મિલતા બાર બાર...

આપણે માનવ જીવનને ઉજાગર કરી અને અન્યના જીવનમાં અત્તર જેવી સુવાસ પાથરીએ અને આપણા જીવનમાં - મનમાં હૃદયમાં વસેલી કટુતા, ક્રૂરતા, ઈર્ષ્યા, અદેખાઈના ભાવોને ત્યજી દઈએ.

૨૦૧૯ – નૂતન વર્ષના પ્રારંભે આવો આપણે સૌ સંકલ્પ કરીએ કે ભલે આપણે અમૃતના હોજમાં ન પડ્યા પરંતુ જીવન એવું જીવીએ કે એનો આસ્વાદ આપણે તો ભલે માણીએ, પરંતુ અન્ય સહવાસીઓને પણ આવા જીવનનો લાભ મળે એ માટે પરમકૃપાળુ પરમાત્માના ચરણોમાં વંદન કરીને માંગીએ કે હે પ્રભુ! તારા ગુણો તો અપાર છે. માત્ર એક ગુણ કે એક બિંદુનો આસ્વાદ મળે એવું સામર્થ્ય અમને પ્રાપ્ત થાઓ.

*પ્લોટ નં. ૭૪૬/૨, સેક્ટર-૨/સી,*
*ગાંધીનગર. મો. ૯૮૯૮૧ ૧૬૭૭૧*

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ' માટે જાહેરાતના માસિક દર**

| ક્રમ | વિગત | કલર | આખુ પાનું રૂા. | અડધું પાનું રૂા. | ૧/૪ પાનું રૂા. | અંદર બોટમ પટ્ટી |
|---|---|---|---|---|---|---|
| ૧. | અંકની અંદરનું પાનું | મલ્ટી કલર | ૫,૦૦૦/- | ૩,૦૦૦/- | ૨,૦૦૦/- | — |
| ૨. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦/- | ૧,૫૦૦/- | ૧,૦૦૦/- | — |
| ૩. | અંદર બોટમ પટ્ટી ૭'' x ૧'' | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦/- |

(૧) એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

(૨) એક સાથે **૦૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

(૩) એક સાથે **૦૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.


**વિઝિટિંગ કાર્ડ સાઈઝ જાહેરાતની વિગત**

**જાહેરાતની સાઈઝ** : ૯૦ mm x ૬૦ mm • **કલર** : મલ્ટી કલર

■ કવર પેઈજ નં.-૪ : રૂા. ૨૦,૦૦૦/- (વિઝિટીંગ કાર્ડ સાઈઝ)
■ કવર પેઈજ નં.-૩ : રૂા. ૧૫,૦૦૦/- (વિઝિટીંગ કાર્ડ સાઈઝ)
■ કવર પેઈજ નં.-૨ : રૂા. ૧૫,૦૦૦/- (વિઝિટીંગ કાર્ડ સાઈઝ)
■ અંદરનું પાનું : રૂા. ૧૦,૦૦૦/- (વિઝિટીંગ કાર્ડ સાઈઝ)

સ્વાસ્થ્ય

# ૨૧મી સદીમાં માનસિક બાળ ઉછેર – (૩)




ડૉ. મણિલાલ ગડા (મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા) (મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

બાળકના વ્યક્તિત્વના ઘડતર તથા વિકાસમાં માતા-પિતા તથા વડીલોનો સિંહફાળો હોય છે. યોગ્ય ઘડતર તથા યોગ્ય વિકાસ માટે માતા-પિતાના સ્વભાવ અને વલણમાંના ત્રણ મહત્ત્વના મુદ્દાઓ : (૧) બાળક માટે સમય ફાળવવો (Time), (૨) ગુણવત્તાભર્યો સમય (Quality Time), (૩) સલામતી (Security) વિશે અગાઉ જાણકારી મેળવી હતી.

*આ લેખમાં અન્ય મુદ્દાઓની છણાવટ કરીએ.*

## ૪. પોતાનું કાર્ય બાળક જાતે કરી લે :

ઉંમર પ્રમાણે બાળક પોતાનાં કાર્યો જાતે કરી લે એ માટે માતા-પિતાએ તાલીમ આપવી જોઈએ. બાળક પાસેથી એનાં કાર્યો કરવા માટે શરૂઆતમાં મદદ કરો. બાળકને કામ કરવા દો. એ ન કરી શકે તો જે ભાગ ન કરી શકે એ પૂરતી મદદ કરો. આથી બાળકને પોતાનાં કાર્યો જાતે કરી લેવાની ટેવ પડશે. શરૂઆતમાં બાળકને આ કાર્યો કરવા સમય લાગશે પરંતુ થોડા સમયમાં બાળક જાતે આ કાર્યો વ્યવસ્થિતપણે કરી લેશે. આ માટે માતા-પિતામાં ધીરજ હોવી જરૂરી છે. આ કાર્યો બાળક કરે ત્યારે બાળકને શારીરિક નુકસાન ન થાય, વાગે નહીં એનું ધ્યાન રાખવું જરૂરી છે. પોતાનાં કાર્યો જાતે કરવાથી બાળકમાં આત્મવિશ્વાસ વધે છે.

બાળકને જાતે કામ કરવામાં સમય વધારે લાગે છે. માતા-પિતામાં આ માટેની ધીરજ નથી હોતી. એટલે માતા-પિતા જાતે બાળકનું કામ કરી આપે છે. માતા-પિતાનો તત્પૂરતો સમય બચી જાય છે પણ લાંબાગાળે માતા-પિતાના આ વલણથી બાળકનું નુકસાન થાય છે. બાળક પોતાનાં દરેક કાર્યો માટે માતા-પિતા પર આધાર રાખતું થઈ જાય છે (Depending on Parents). દા.ત. બાળક જાતે જમી લે. શરૂઆતમાં બાળકને પોતાની જાતે જમવામાં સમય વધારે લાગશે, પોતાને ગંદું કરશે, કપડાં કદાચ ગંદાં કરશે. જો મમ્મી જમાડી આપે તો જમવાનું (એક કામ) ઝડપથી પતી જશે, બાળક ગંદું નહીં થાય. કદાચ એક કે બે રોટલી વધારે ખાશે. આ કારણથી મમ્મી કે વડીલો બાળકને જમાડી આપે છે. પરંતુ આ વલણથી બાળક વડીલો પર અવલંબિત રહે છે, સ્વતંત્ર રીતે પોતાનાં કાર્યો કરવાનું વલણ (attitude) આવતું નથી. ધીમે ધીમે બાળકને તાલીમ આપવાથી બાળક વ્યવસ્થિત રીતે પોતે જમી લેશે. જેનાથી એનો આત્મવિશ્વાસ વધશે. એને એકલા કોઈ મિત્ર કે સગાંવહાલાંના ઘરે રહેવું હશે તો સ્વતંત્ર રીતે જઈ શકશે. જેના લીધે એ બાળક વિષેની એક છબી ઊભી થશે કે આ બાળક શિસ્તબદ્ધ છે. જેથી એના વ્યક્તિત્વનું (Personality Development) ઘડતર થશે.

ઉંમર પ્રમાણે બાળક પોતાનાં કાર્યો કરી લે. સ્નાન જાતે કરી લે, કપડાં પહેરી લે, શર્ટનાં બટન બંધ કરી લે, શૂઝ પહેરી લે, શૂઝની દોરી બાંધી લે, ટાઈમ ટેબલ પ્રમાણે પાઠ્ય પુસ્તકો તથા નોટબુક્સ ગોઠવી લે, દફ્તર ગોઠવી લે અને એ પ્રમાણે સ્કૂલે લઈ જાય. સ્કૂલેથી આવીને પુસ્તકો જગ્યા પર વ્યવસ્થિત મૂકી દે વગેરે.

આમ કરવાથી એનો આત્મવિશ્વાસ વધશે તથા પોતાની જવાબદારી સમજશે. વ્યક્તિત્વના વિકાસના આ પાયાના ગુણો છે જે માતા-પિતાની યોગ્ય માવજતથી વિકાસ પામશે.

## ૫. "ના" પાડતાં શીખો (Learn to say "NO")

બાળકની હંમેશાં માંગણીઓ હોય છે અને બાળક જાતજાતની માંગણીઓ કરતું જ હોય છે. જે કાંઈપણ નવું જુએ એ વસ્તુ બાળકને પોતાના માટે જોઈતી હોય છે. નવું રમકડું જુએ એટલે એ એને ખરીદવું હોય છે. માર્કેટમાં નવાં નવાં રમકડાં આવતાં જ હોય છે. ઇલેક્ટ્રોનિક રમકડાં તો નિત નવાં આવે છે. બાળકના મિત્ર પાસે રમકડું હોય પણ પોતાની પાસે ન હોય તો એ રમકડું એને ખરીદવું હોય છે. બાળકની એક માંગણી પૂરી કરો એટલે બીજી માંગણી તો ઊભી જ હોય છે. એક વડીલ ના પાડે તો બીજા વડીલ પાસે માંગણી થાય છે. માતા ના પાડે તો બાળક પિતા માસે માંગણી કરે છે. એ બંને ના પાડે તો દાદા-દાદી, નાના-નાની કે અન્ય વડીલો પાસે માંગણી કરે છે.

(૧) બાળક હોશિયાર છે. એને ખબર હોય છે કે કયા વડીલ એની માંગણીઓ પૂરી કરશે. એટલે એ વડીલો પાસે જ એ માંગશે. (૨) બાળકને એ પણ સમજ હોય છે કે કયા સમયે માંગણી કરવી. પિતા થાકીને ઘરે આવ્યા હોય ત્યારે કે ઘરમાં સગાવહાલાં કે મહેમાનની હાજરીમાં માંગણી કરવી. જેથી માતા-પિતા કે વડીલો ના ન પાડી શકે. (emotional blackmailing).

માતા-પિતા તથા વડીલોએ બાળકની અયોગ્ય તથા બિનજરૂરી માંગણીઓ પૂરી ન કરવી જોઈએ. મક્કમતાથી ના પાડવી જોઈએ. કોઈપણ એક વડીલ ના પાડે ત્યારે બીજા બધા જ વડીલોએ ના પાડવી જોઈએ. એક વડીલને જો ખબર ન હોય તો બાળકને સમજાવીને કહેવું જોઈએ કે બીજા વડીલ જોડે સલાહ મસલત કરીને જવાબ આપીશ. હા કે ના ત્યારબાદ જ કહેવી. માતા, પિતા કે અન્ય વડીલોમાં બાળક વિશે વિચારો કે વર્તણૂકમાં મતભેદ ન હોવો જોઈએ. જો કોઈ બાબતમાં મતભેદ હોય તો બાળકની ગેરહાજરીમાં આપસમાં ચર્ચા કરી એક નિર્ણય પર આવવું ખૂબ જ અગત્યનું છે. ત્યારબાદ નક્કી કર્યા પ્રમાણેનું વલણ માતા, પિતા તથા દરેક વડીલોએ મક્કમતાથી અપનાવવું અગત્યનું છે.

ના પાડવાને લીધે શરૂઆતમાં બાળક હતાશ થશે, એને ગુસ્સો આવશે, કોઈક બાળક ધાંધલ ધમાલ કરશે, જમવાનું બંધ કરશે કે નહીં જમે વગેરે. બાળક પોતાની રીતે બધો જ પ્રયત્ન કરશે માતા-પિતા કે વડીલોને મનાવવા માટે. જેથી કરીને પોતાની માંગણી પૂરી થાય. લાગણીશીલ વડીલની લાગણી દુભાવશે (Emotional blackmailing). આ પરિસ્થિતિમાં માતા-પિતા તથા વડીલોએ મક્કમ વલણ અપનાવવું જરૂરી છે. ગુસ્સે થયા વગર, શાંતિથી પરંતુ મક્કમતાથી ના પાડવી અગત્યની છે જેથી બાળકને સમજાય કે માતા-પિતા કે અન્ય વડીલો એની માંગણી પૂરી નહીં કરે.

ના પાડવાથી અને પોતાનું ધાર્યું ન થાય એ સંજોગો કે પરિસ્થિતિનો સામનો કરવાની આદત કે વલણ બાળકમાં ધીમે ધીમે આવતું જશે. બાળકની સહનશક્તિ વધશે. હતાશાની લાગણી પર કાબૂ મેળવતાં શીખશે. આવેગ પર કાબૂ મેળવશે. બાળકના વ્યક્તિત્વમાં આ એક જમા પાસું બનશે જે ભવિષ્યમાં બાળક માટે ઢાલરૂપી કામ આવશે. બાળક પરિપક્વ (Matured) વ્યક્તિત્વ ધરાવશે અને પુખ્તવયે પરિપક્વ વ્યક્તિત્વ ધરાવશે અને સફળતાની કેડીઓ પર ચાલશે.

### ૬. અન્ય બાળકો જોડે સરખામણી ટાળો (No Comparison) :

માતા-પિતા તથા વડીલો પોતાના બાળકની સરખામણી અન્ય બાળકો જોડે કરતાં જ હોય છે. બાળકની સરખામણી હંમેશાં એનાથી ચડિયાતા કે વધારે હોશિયાર બાળક જોડે જ થતી હોય છે. "જો આ બાળક ભણવામાં કેટલો હોંશિયાર છે. તું એની જેમ ભણ અને વધારે માર્ક્સ મેળવ." "તારાં નાના ભાઈ/બહેન ભણવામાં આગળ છે, તારાથી સ્માર્ટ છે. એમની પાસેથી કાંઈક શીખ."

આ સરખામણી નિરર્થક છે. આ અયોગ્ય છે. માતા-પિતા કે વડીલો આ પ્રકારની સરખામણી કરી બાળકના આત્મસન્માનને ઠેસ પહોંચાડે છે. આડકતરી રીતે બાળકનું અપમાન કરે છે.

આ જ બાળક જો પોતાના માતા-પિતાની કે વડીલોની સરખામણી એમનાથી આગળ રહેલી વ્યક્તિ જોડે કરશે, મૂકેશ અંબાણી જોડે કરશે, રાજકીય નેતા, રાજ્યના પ્રધાન કે મંત્રી જોડે કરશે, માતાની સરખામણી રસોઈમાં બાજુની આન્ટી જોડે કરશે તો માતા-પિતાને કેવું લાગશે? બાળકનો પણ હેતુ સારો છે કે માતા-પિતા કે વડીલો આગળ આવે.

માતા-પિતા અને વડીલોનો હેતુ હોય છે કે બાળક અભ્યાસમાં આગળ આવે. પરંતુ કહેવાની રીત અયોગ્ય છે. પદ્ધતિ અયોગ્ય છે, નકારાત્મક છે.

બાળકને કહી શકાય કે "બેટા, તું મહેનત કરે છે એ યોગ્ય છે પરંતુ થોડીક વધારે મહેનત કરીશ તો પરિણામ સારું આવશે." આમાં માતા-પિતા બાળકના કરેલા કાર્યની / મહેનતની નોંધ લે છે તથા હકારાત્મક પદ્ધતિથી પ્રોત્સાહન આપે છે.

અન્ય મુદ્દાઓની છણાવટ હવે પછીના લેખમાં કરશું.

*(ક્રમશઃ)*

*મનોસ્મૃતિ પોલી ક્લિનિક,*
*'પ્રભુકૃપા', એલ.બી.એસ. માર્ગ,*
*સર્વોદય હોસ્પિટલ અને હોટલ રાધાકૃષ્ણની બાજુમાં,*
*ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬. ફોન : (૦૨૨) ૨૫૧૪૮૮૫૯*

*ગ્રુમિંગ માઇન્ડ્સ, ૯૦૯ જી સ્ક્વેર,*
*કલ્યાણ જ્વેલર્સની ઉપર, રેલ્વે સ્ટેશન તથા ઘાટકોપર મેટ્રો*
*સ્ટેશનની પાસે, ઘાટકોપર (ઇસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.*
*ફોન : (૦૨૨) ૨૫૦૧૦૦૦૯*

*ઘમંડ ના કરો. યાદ રાખજો : આખી દુનિયાને જોનારી આંખ, આંખમાં પડેલ કચરો નથી જોઈ શકતી.*

સફળતા

# જીવનની પ્રાથમિકતાઓ : Priorities of Life

• જાદવજી કાનજી વોરા •

સામાન્ય રીતે રોટી, કપડા અને મકાન એ દરેક વ્યક્તિ માટે જીવનની મુળભૂત જરૂરિયાતો - પ્રાથમિકતાઓ છે. પણ અત્રે આપણે આ ત્રણ જરૂરિયાતો પૂર્ણ થયા બાદ જીવનના ધ્યેયને હાંસલ કરવા માટે અનેક વિકલ્પો વચ્ચે પસંદ કરવાના યોગ્ય તર્કવિતર્ક - માર્ગ - અગ્રતાક્રમો વિશે વાત કરવાની છે. સ્પર્ધાત્મક અને દોડધામભરી ટૂંકી જિંદગીમાં જો આપણે કરવાના અનેકવિધ કાર્યોમાંથી યોગ્ય કાર્યની પસંદગી કરવામાં ન આવે તો મોટેભાગે આપણો બહુમૂલ્ય સમય તથા શક્તિ વ્યર્થ ચાલ્યા જતા હોય છે. આપણી સમક્ષ રહેલા ઘણા બધા કામોમાંથી આપણે કયા કામને પ્રાથમિકતા આપવી, એ ઘણું મહત્ત્વનું છે. આ પસંદગીમાં જો આપણે કાચા પુરવાર થઈએ તો એવું થવાની શક્યતા વધી જાય છે જ્યારે આપણે ઓછા મહત્ત્વના કામની પસંદગી કરીને વધારે અગત્યનું કામ કોરાણે મૂકી દેતા હોઈએ છીએ.

સાર્થક, સફળ અને હેતુપૂર્ણ જીવન જીવવા માટે કોઈ પણ વ્યક્તિને પોતાના ધ્યેય વિશેની સ્પષ્ટતા હોવી અનિવાર્ય છે. જો તેનું ધ્યેય સુનિશ્ચિત હોય તો એ વ્યક્તિ સામાન્ય રીતે ક્યારેય પણ પોતાના સમયને વ્યર્થ ગુમાવતો નથી અને તે ચોક્કસ સમયે પોતાના નિશ્ચિત કામમાં જ વ્યસ્ત રહેતો હોય છે. આવા મનુષ્યને સમયનો અભાવ પણ નડતો હોતો નથી કે સમય વ્યર્થ રીતે પસાર કરવા માટે પણ કોઈ નિરર્થક પ્રવૃત્તિ શોધવી પડતી નથી. જીવનમાં સફળતાને પામવા માટે પોતાના ધ્યેય પ્રત્યે માત્ર એકાગ્રતા જ નહીં પણ નિરર્થક પ્રવૃત્તિઓની બાદબાકી પણ એટલી જ જરૂરી છે. આ સંદર્ભમાં ગ્રીસના મહાન તત્ત્વજ્ઞાની સોક્રેટીસના જીવનનો એક વિખ્યાત પ્રસંગ છે. સોક્રેટીસની વિચારશીલ વાતો અને પ્રભાવશાળી વ્યક્તિત્વથી યુવાનો હંમેશાં તેમના તરફ આકર્ષાયેલા રહેતા. એક વખત એક યુવાને તેમને કહ્યું, ‘અરે સોક્રેટીસ, મેં તમારા ખાસ મિત્ર વિશે એક ગંભીર અને ગુપ્ત વાત સાંભળી છે. તમે એ જાણો છો ખરા? હું તમને કહું?’ ત્યારે સોક્રેટીસે તેને કહ્યું, ‘હું તારી વાત ચોક્કસ સાંભળીશ પણ એ પહેલા તારે મારા ત્રણ પ્રશ્નોના જવાબ આપવા પડશે. જો તારા ઉત્તરો યોગ્ય હશે તો પછી હું તે તારી પાસેથી જરૂર સાંભળીશ.’

આ સાંભળીને કોઈક ગુપ્ત વાત કહેવા માટે આવેલો મિત્ર થોડો ઝંખવાયો ખરો, પણ કહ્યું કે, ‘ભલે, તમારા પ્રશ્નો કહો, એ પછી એ વાત કરું.’ સોક્રેટીસે તેને શાંતિથી પૂછ્યું, ‘શું તેં નજરોનજર એ જોયેલું છે? શું તારી વાતમાં મારા મિત્રની પ્રશંસા છે? શું તારી વાતથી મને કોઈ લાભ થવાનો છે ખરો?’ જ્યારે આ ત્રણેય પ્રશ્નોના જવાબ “ના” માં આવ્યા ત્યારે સોક્રેટીસે તેને કહ્યું, ‘જે વાત સત્ય નથી, સારી નથી તથા લાભદાયી પણ નથી, તો તે સાંભળવી શાને? આવી વ્યર્થ, નકામી અને નિંદાખોર વાતો પાછળ તમારો અને મારો સમય શા માટે બરબાદ કરવો?’ સાર્થક અને સફળ જીવન જીવવા માટે કોઈ પણ વ્યક્તિના જીવનની પ્રાથમિકતાઓ સુનિશ્ચિત હોય તો એ વ્યક્તિ સામાન્ય રીતે ક્યારેય પણ પોતાના સમયને વ્યર્થ ગુમાવતો નથી.


બેન્જામિન ફ્રેંકલીને એક વખત કહ્યું હતું કે, ‘જીવનનો સૌથી મોટો વૈભવ એ સમયની મોકળાશ છે. આરામ કરવા માટે, વિચાર કરવા માટે તથા જીવનમાં પોતાની શક્તિ મુજબ ઉત્કૃષ્ટ કાર્યો કરવા માટે સમયની મોકળાશ હોવી જરૂરી છે. જે માત્ર એક જ માર્ગે આવી શકે. તમે તમારા જીવનનાં કાર્યોનાં અગ્રતાક્રમો (Priorities) નું આયોજન કરો. એ અંગે પૂરતો વિચાર કરો અને પછી કાર્ય કરો. તમારાં બધાં જ કાર્યોને યોગ્ય સંદર્ભમાં મૂકો. આમ કરશો તો તમારા જીવનમાં નવી ચેતના આવશે. જીવનમાં વર્ષોનો વધારો થશે અને વર્ષોમાં નવજીવનનો સંચાર થશે.’

જીવનમાં ખૂબ જ સફળતા પામેલા અને સમૃધ્ધિના શિખરે આળોટતા એક ઉદ્યોગપતિ સામાન્ય રીતે હંમેશાં બહુ જ નિરાંતભર્યા દેખાતા અને કેટલાય સામાજિક કાર્યક્રમોમાં પણ હાજરી આપતા હતા. આ જોઈને એક નવયુવાનને નવાઈ લાગતાં તેણે તેમને આટલી ભવ્ય સિધ્ધિ હાંસલ કરી હોવા છતાં પણ હંમેશાં જાણે કે તેમની પાસે ખાસ કોઈ કામ જ ન હોય અને ઘણી બધી નવરાશ હોય એમ લાગતું હોવાનું કારણ પૂછ્યું. ત્યારે તેમણે આપેલો જવાબ આપણે સહુએ આપણા જીવનમાં ઉતારવા જેવો છે. તેમણે કહ્યું કે, “I always decide upon my priorities of life and then, work upon them.” ‘હું હંમેશાં મારા જીવનના કાર્યોના અગ્રતાક્રમોનું આયોજન કરું છું અને પછી એ પ્રમાણે જ કાર્ય કરું છું.’ પોતાની વાત વિશે ખુલાસો કરતા તેમણે કહ્યું કે, ‘સવારના હું જ્યારે મારી ઑફિસે જાઉં ત્યારે કેટલાય કાગળોના ઢગલા મારા ટેબલ ઉપર પડ્યા હોય છે. એ બધા કાગળો - કામોને

(અનુ. : જુઓ પાના નં.-૩૫ ઉપર)

વિવિધતા

# મહેસૂલી તંત્રના અન્યાય સામે દીવાની અદાલતે આપેલ ન્યાયીક ચુકાદો ન્યાય મેળવવામાં ત્રણ દાયકાથી પરેશાની વેઠતો ખેડૂત



શશીકાંત ઠક્કર, એડવોકેટ

કચ્છના ઇનામ નાબૂદી ધારાની કલમ-૧૦ હેઠળ તા. ૩૦-૧૨-૧૯૮૫થી અગાઉના ૩ વર્ષ ખેતીની જમીન પડતર રહી હોવાના બહાને સરકાર ખાતામાં એકતરફી ચડાવી દેવાના કિસ્સામાં ભુજ તાલુકાના નાના રેહા ગામના ખેડૂતને ભુજની સિનિયર સિવિલ જજની અદાલત દ્વારા ન્યાય આપવામાં આવ્યો છે અને મામલતદારથી માંડી ગુજરાત મહેસુલ પંચ સુધીના તમામ મહેસૂલી અધિકારીઓના ચુકાદાઓ રદ કરી મહેસૂલી તંત્રના આપખુદી વલણને જોરદાર તમાચો મારવામાં આવ્યો છે.

ભુજ તાલુકાના નાના રેહા ગામની ખેતીની જમીન જૂના સ.નં.૨૦૫ વાળી તા. ૨૦-૦૮-૧૯૭૫ના દસ્તાવેજથી કાનજી રામજીએ ખરીદ કરેલી. તેમની પાસેથી તા. ૨૭-૧૦-૧૯૮૬ના દસ્તાવેજથી અરજદાર હિંમતલાલ રતનશીએ ખરીદ કરેલી. આ જમીનના નવા સ.નં. ૬૭ થયા જે જમીન માલીકને કોઈ નોટીસ આપ્યા વિના ઇનામધારાની કલમ-૧૦ હેઠળ પડતર ગણીને સરકાર ખાતામાં દાખલ કરી દેવામાં આવેલ. આથી અરજદારે જ.મ.કા.ક. ૩૭(૨) હેઠળ મામલતદારને આ જમીન તેમની ખાનગી માલિકીની હોવાનું ઠરાવી આપવા અરજી કરેલી, જે હક્કચોક્કસી કેસ નં. ૮/૮૭થી ચલાવી તા. ૧૯-૯-૧૯૯૧ના હુકમથી નામંજુર કરવામાં આવેલી. આ હુકમ સામે નાયબ કલેક્ટર સમક્ષ અપીલ નં. ૧૦/૧૯૯૨ કરવામાં આવતાં તે તા. ૧૭-૦૪-૧૯૯૫ના હુકમથી નામંજુર થયેલ. આ સામે કલેક્ટરશ્રી સમક્ષ અપીલ નં. ૬૬/૯૬ થતાં તે પણ તા. ૩૦-૦૯-૧૯૯૬ના હુકમથી નામંજુર થઈ. આથી ગુજરાત મહેસુલ પંચ અમદાવાદ સમક્ષ અપીલ નં. ૨/૯૮ વાળી કરવામાં આવી જે પણ તા. ૨૯-૦૩-૨૦૦૭નાં નામંજુર કરવામાં આવી. આમ, મહેસૂલી તંત્રમાં ૨૦ વર્ષ સુધી કાર્યવાહી ચાલ્યા છતાં ન્યાય ન મળ્યો.

આથી અરજદારે ત્યારબાદ સી.પી.સી. ૮૦ હેઠળ સરકારને નોટીસ આપી દીવાની અદાલતમાં દાવા નં. ૩૦૦/૨૦૦૭ વાળો દાખલ કર્યો. આ દાવામાં સરકાર પક્ષે મામ.શ્રીની ઉલટ તપાસમાં ઇનામધારો અમલમાં આવ્યાનાં ત્રણ વર્ષ અગાઉ આ જમીન પડતર હતી તેનો કોઇ આધાર પુરાવો રજૂ ન થયો અને સરકારમાં આ જમીન દાખલ કરતાં અગાઉ જમીન માલિકને કોઈ નોટીસ અપાઇ ન હોવાનું મામલતદારે સ્વીકારતાં અને આ જમીન સરકાર ખાતામાં દાખલ કરતા અગાઉ ખાનગી માલિકીની હોવાનું પણ કબૂલ કરાતાં અને દાવા સમયે પણ ખાનગી માલિકના કબ્જામાં અને ખેડ હેઠળ હોવાનું પુરવાર થતાં નામદાર દીવાની અદાલતે મહેસૂલી તંત્રના ઉપરોક્ત તમામ ઠરાવો ગેરકાયદેસર ઠરાવ્યા હતા અને સરકારશ્રીના તા. ૧૩-૦૫-૧૯૭૦ના ઠરાવ અનુસાર આ જમીન નિયમિત કરવાપાત્ર હોવાથી અરજદાર મામલતદારને ૬ અઠવાડિયામાં અરજી કર્યેથી અને ચુકાદામાં જણાવેલ રકમ અને આકારની રકમ ચૂકવેથી નિયમિત કરી આપવાની કાર્યવાહી ૬ માસની સમય મર્યાદામાં પૂરી કરવા હુકમ કર્યો છે અને તે દરમિયાન આ જમીનના કબ્જા ભોગવટામાં અંતરાય ન કરવા પણ હુકમ કર્યો છે. આ ચુકાદો તા. ૩૦-૧૧-૨૦૧૮ના આપવામાં આવ્યો છે. આમ, ૨૦ વર્ષ મહેસૂલી તંત્રમાં અને ૧૧ વર્ષ દીવાની અદાલતમાં લડત ચલાવનાર અરજદારને ૩૧ વર્ષે ન્યાય મળ્યો છે.

આ કામે અરજદાર તરફે ઍડવોકેટ શ્રી કે.એમ. ગણાત્રાએ દીવાની કોર્ટમાં દલીલો કરી હતી ત્યારે મહેસૂલી આધારો ઍડવોકેટ શ્રી શશીકાંત ઠક્કર દ્વારા પૂરા પાડવામાં આવ્યા હતા.

અત્રે એ ઉલ્લેખ જરૂરી છે કે જે તે સમયના મહેસૂલી તંત્રએ કચ્છ જિલ્લાના ગામેગામના આશરે ૨૫,૦૦૦ જેટલા સર્વે નંબરોની જમીન કોઈ કાનૂની કાર્યવાહી વિના ઇનામધારાની કલમના ઓઠા હેઠળ સરકારના ખાતામાં દાખલ કરી દીધી છે. વાસ્તવમાં આ ધારા હેઠળ પણ માત્ર ઇનામદારની જે જમીન તા. ૩૦-૧૨-૧૯૫૮ પહેલાના સળંગ ત્રણ વર્ષ પડતર હોય તેજ સરકાર દાખલ કરી શકાય છે અને તેનું વળતર ઇનામદારને કાયદા મુજબ આપવાનું રહે છે. (ઇનામદાર સિવાયના કોઈ ખેડૂતની માલિકીની જમીન આ કાયદા હેઠળ સરકાર દાખલ કરવાની કોઈ જોગવાઈ નથી.) આવી કોઈ કાર્યવાહી જે તે સમયે ન થયેલ હોવાથી આ બાબત મોટો ઉહાપોહ થયેલો અને તેના પરિણામે સરકારે તા. ૩૦-૦૫-૧૯૭૦ના ઠરાવથી આવી જમીનો નિયમિત કરી આપવાનો સ્પષ્ટ હુકમ કરેલ હોવા છતાં જિલ્લાના તંત્રએ ચોક્કસ પસંદગીના કેસો સિવાય આવી ખોટી રીતે સરકાર દાખલ થયેલ

જમીનો જે તે જમીન માલિકના ખાતામાં દાખલ કરી આપવાની કાર્યવાહી હાથ ધરતું નથી અને તેના પરિણામે લોકોને વર્ષોથી પરેશાની, વિલંબ અને બિનજરૂરી ખર્ચના ખાડામાં ઉતરવું પડે છે. તે તો ઠીક, પરંતુ આવી કેટલીય જમીનો ભૂ માફિયાઓએ પચાવી પણ પાડી છે અને નબળા ખેડૂતો પાસેથી નગણ્ય કિંમતે દસ્તાવેજો પણ કરાવી લીધા છે. તેમ છતાંય તંત્રના પેટનું પાણી હલતું નથી. ખુદ કલેક્ટરે સને ૧૯૯૭માં સ્થળ નિકાલ કાર્યક્રમના સંદર્ભે ઍડવોકેટ શ્રી શશીકાંત ઠક્કરને તા. ૨૬-૧૧-૧૯૯૭ના લેખિત પત્રથી ઉપરોક્ત ઠરાવનો ચુસ્ત અમલ કરવા બધા અધિકારીઓને સૂચના આપ્યાનું જણાવ્યું હોવા છતાં પણ તેનો અમલ થતો નથી અને વર્ષોથી આ પ્રશ્ન કિસાનસંઘ દ્વારા અને અન્યથા જાહેર રીતે ચર્ચાતો હોવા છતાં કચ્છની ચૂંટાયેલી નેતાગીરી પણ સમગ્ર કચ્છને સ્પર્શતા આ પ્રશ્ન બાબતે કોઈ પહેલ કરવાનું મુનાસિબ ગણતી નથી, એમ શ્રી શશીકાંતભાઈ ઠક્કર, ઍડવોકેટની એક પ્રેસનોટમાં જણાવાયું હતું. ■

## જીવનની પ્રાથમિકતાઓ

(અનુ. : પાના નં.-33 ઉપરથી ચાલુ)

હું ચાર ભાગોમાં વહેંચી નાખું છું. અમુક પેપરોનો કોઈ અર્થ ન હોવાથી તેમાં કાંઈ કરવા જેવું જ નથી હોતું. I immediate destroy it. હું તેનો તરત જ નિકાલ કરી નાખું છું. અમુક પેપરો કોઈકને 'Delegate it' સોંપી દેવા જેવા હોય તેને કરવા માટે તરત જ યોગ્ય વ્યક્તિને સોંપી દઉં છું. બાકી રહેતા કાર્યોમાંથી કેટલાક પછીથી કરવા જેવા હોય તેને 'Delay it' પછીથી કરવા માટે રાખી દઉં છું. હવે બાકી રહેલા માત્ર થોડાક કાર્યો એવા હોય છે જે મારે એ વખતે જ કરવા જેવા હોય, તે હું તરત જ 'Do it' કરી દેતો હોઉં છું. જો આ Four D 'ચાર-ડી'ની થીયરી — Destroy it, Delegate it, Delay it, Do it –ને જીવનમાં યોગ્ય રીતે અપનાવવામાં આવે તો સંભવતઃ જીવનમાં કોઈ જ કાર્યો બાકી કે અધૂરા રહેતા નથી અને આપણે સદાય માનસિક તથા શારીરિક શાતા અને નિરાંતનો અનુભવ કરતા હોઈએ છીએ.'

જીવનના અગ્રતાક્રમો વ્યવસ્થિત રીતે અગાઉથી નક્કી કરેલા હોય તો એ વ્યક્તિ જીવનમાં પોતાના ધ્યેયને સરળતાથી હાંસલ કરે છે અને તે પોતાના જીવનમાં ક્યારેય પણ હારનો અનુભવ કરતો નથી અને સફળતાની દેવી સદાય તેના ચરણ ચૂમતી હોય છે.

*૨૦૪, બીપીએસ પ્લાઝા, દેવીદયાલ રોડ,*
*બી.ઈ.એસ.ટી. ડેપોની બાજુમાં,*
*મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. મો. ૯૮૬૯૨ ૦૦૪૪૬*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## રાજ્યકક્ષાએ આયોજિત ખેલ મહાકુંભમાં બહેરા-મૂંગા શાળા - સોલાની વિદ્યાર્થિની કુ. માનસી ડી. મારૂ ચેસ સ્પર્ધામાં પ્રથમ

શ્રી કે.એસ. દેઢિયા મૂક બધિર વિદ્યામંદિર - સોલાની વિદ્યાર્થિની કુ. માનસી ડી. મારૂ ખેલ મહાકુંભમાં રાજ્યકક્ષાએ ચેસ સ્પર્ધામાં પ્રથમ આવી સંસ્થાનું ગૌરવ વધારેલ છે. કુ. માનસીએ ગત વર્ષે પણ તૃતીય નંબરે આવી ઇનામ, સર્ટિફિકેટ તથા મેડલ મેળવ્યા હતા.

કુ. માનસીને ખૂબ ખૂબ હાર્દિક અભિનંદન.

## કચ્છથી ૨૦ કાંકરેજ ગાય ૧૧ લાખમાં ખરીદી, આદિવાસીઓના આંગણે બાંધી!

જેણે જ્ઞાતિ - જાતિ - સંપ્રદાયથી ઉપર ઉઠીને પોતાનું સમગ્ર જીવન પ્રકૃતિ, સંસ્કૃતિ, ગાય અને રાષ્ટ્રને સમર્પિત કર્યું છે અને પોતાની આંતરસુઝ અને જાતપરિશ્રમથી દેશને જળક્રાંતિ, ગીર ગાય ક્રાંતિ, ગાય આધારિત કૃષિ ક્રાંતિ, કાંકરેજ ગોક્રાંતિ અને ગોવેદ આપ્યા છે, એવા ભારતમાતાના સપૂત મનસુખભાઈ સુવાગિયાએ કચ્છના કારમા દુષ્કાળમાં રબારી ગોપાલકો અને ગાયોને સહયોગી થવા નવતર પ્રયોગ કર્યો છે. જળક્રાંતિ ટ્રસ્ટ દ્વારા જમીન વિહોણા ૨૦ રબારી પરિવાર પાસેથી ૧૫થી ૨૦ હજાર રૂપિયાની કિંમતની ગાયના ૫૧,૦૦૦ રૂપિયાની ૧ લેખે ૨૦ કાંકરેજ ગાયો તથા એક નંદી ખરીદીને જળક્રાંતિ ટ્રસ્ટે દત્તક લીધેલા આદિવાસી ગામ - ભેખડિયા તા. કવાંટ, જિ. છોટા ઉદેપુરના ખેડૂતોના આંગણે બંધાવી છે. આદિવાસી વિસ્તારની બે ખાસિયત શિક્ષિતો - સવર્ણો ધનવાનોને પ્રેરણાદાયી છે. ગુજરાતની ડાંગથી આબુ રોડની પૂર્વ સરહદે ૪૦૦૦ આદિવાસી ગામો છે. તેના સીમાડે મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાનના ૬૦૦૦ મળીને ૧૦ હજારથી વધુ આદિવાસી ગામો છે પણ ક્યાંય પાંજરાપોળ કે વૃદ્ધાશ્રમ નથી. એકથી સાત વિઘા જમીન ધરાવતા અને ઝૂંપડામાં રહેતા આદિવાસીઓ મા-બાપની અજોડ સેવા કરે છે અને પોતાનો ગૌવંશ આજીવન આંગણે પાળે છે.

*આ જગતમાં કોઈ એવો ગરીબ નથી કે જે બીજાને મદદ ન કરી શકે અને કોઈ એવો પૈસાદાર નથી કે જેને બીજાની મદદની જરૂર ન પડે.*

# શબ્દ શોધ : ૭૯

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

• પ્રદીપ જોશી - આદિપુર •

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ૪ | | ૫ | ૬ |
| | ■ | | ■ | ૭ | | ■ | ૮ | |
| ■ | ૯ | | | | ■ | ૧૦ | | ■ |
| ૧૧ | | ■ | ■ | ૧૨ | | ■ | ૧૩ | ૧૪ |
| ૧૫ | | ■ | ૧૬ | | ■ | ૧૭ | | |
| ■ | ૧૮ | ૧૯ | ■ | ૨૦ | ૨૧ | | ■ | |
| ૨૨ | ■ | ૨૩ | | | | | ■ | |
| ૨૪ | ૨૫ | | ■ | ૨૬ | | ■ | ૨૭ | ■ |
| ■ | ૨૮ | | | ■ | ૨૯ | | | |

## આડી ચાવીઓ

૧. રૂ (૩)
૩. પ્રશ્ન પત્ર (૫)
૭. “ _____ માં બળવું” એટલે અદેખાઇ કરવી (૨)
૮. કચ્છનું _____ પર્યટક સ્થળ બની ગયું છે (૨)
૯. વેરણછેરણ, ગમે તેમ (૪)
૧૦. બાળ, બાળક (૨)
૧૧. ઠીક, સરસ (૨)
૧૨. _____, વિષ્ણુ, મહેશ (૨)
૧૩. આસક્તિ, લગનીવાળી, પ્રીતિ (૨)
૧૫. હત્યા (૨)
૧૬. પરમાત્મા, પરમેશ્વર (૨)
૧૭. માયા, લાગણી (૩)
૧૮. બાણ (૨)
૨૦. પ્રાતઃકાળ (૩)
૨૩. નવરાત્રિ પૂર્વે કચ્છમાં માતાના મઢ જતા પદયાત્રીઓમાં ગુંજતો એક નાદ (૫)
૨૪. દશરથ રાજાના વેવાઇ (૩)
૨૬. ફતેહ (૨)
૨૮. બાંધેલો લોટ (૩)
૨૯. તાજું જન્મેલું (૪)

## ઊભી ચાવીઓ

૧. કવિતાનો રચયિતા (૨)
૨. સઘળું, તમામ (૩)
૩. બ્રાહ્મણોની વિવિધ જ્ઞાતિઓનું એક સંગઠન (૮)
૪. સોળે સાન, વીસે _____ (૨)
૫. બ્રાહ્મણોના ઈષ્ટદેવ (૫)
૬. કાળ કેટલા? (૨)
૯. વશિષ્ઠ ઋષિના પત્ની (૪)
૧૧. જરાક, લગીરેક (૨)
૧૪. સમજ, જ્ઞાન (૪)
૧૭. ઈચ્છા (૩)
૧૯. રેણું, ધૂળનો બારીક કણ (૪)
૨૧. બારી (૪)
૨૨. માલવપતિ _____ (૨)
૨૫. નાકને કચ્છીમાં શું કહેવાય? (૨)
૨૭. પરવાનગી (૨)

## શબ્દશોધ : ૭૮નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ભુ | જ | ■ | સ્વા | ■ | ભાં | ■ | આ | ભ |
| જં | ■ | મ | હા | સા | ગ | ર | ■ | રૂ |
| ગ | મ | ન | ■ | હુ | ■ | મા | રી | ચ |
| ■ | ન | ■ | વ | ડી | લ | ■ | ત | ■ |
| વા | હ | ■ | ન | ■ | વ | ■ | ભા | ત |
| ઘ | ર | ■ | રા | હુ | લ | ■ | ત | મા |
| ણ | ■ | આ | જ | ■ | વી | સ | ■ | શા |
| ■ | ■ | રો | ■ | શિ | ■ | મા | ■ | ■ |
| જ | વા | હ | ર | લા | લ | ન | હે | રુ |

### શબ્દ શોધ : ૭૭ / ૭૮ નો ઉકેલ મોકલાવનારના નામ

- અભય સી. મહેતા - મુંદ્રા
- નીલેશ વી. શાહ - ભુજ
- ધનસુખ કે. પટેલ - ગાંધીધામ
- અશ્વિન પી. ઠક્કર - નખત્રાણા
- રમીલા જે. ગોર - ભુજ
- સુવાસ ડી. ગોર - ભુજ
- દિલીપ કે. શાહ - ભુજ
- આર. કે. સૈયદ - મુંદ્રા
- રશ્મિ એસ. સાવલા - ભુજ
- મહાભાઈ આર. વોરા - ભુજ
- કાવ્ય બિહાગ અંતાણી - ગાંધીનગર

વિવિધતા

# હાસ્ય મજાક સાથે જ્ઞાન વૃધ્ધિ

## એ...એ...એ... કાપ્યો છે.....




ભાવના એ. ઝવેરી

જલેબી ઉંધીયું ○ ○




**લીલો બોક્ષ**

ટોપી ચશમા ○ ○




**ગુલાબી બોક્ષ**

સેલ્ફી ○ ○




**બ્લ્યુ બોક્ષ**

જાન્યુઆરી મહિનો આવે, ઠંડીની મોસમ હોય, બોર-ચિક્કી-શેરડી- અડદિયા - લીલોતરી શાકની લિજ્જત હોય. તેમાં પણ મકરસંક્રાંતિ આવતી હોય, પછી તો પૂછવું જ શું? અગાસી સાફ કરવાની, મ્યુઝીક સિસ્ટમ ગોઠવવાની, ઊંધીયુ-જલેબીની જયાફત... ઓ..હો... મોઢામાં પાણી આવે છે..હોં...!! કુટુંબીઓ, દોસ્તાર, બહેનપણીના ગ્રુપ ભેગા થાય ને આખો દિવસ જલસો કરવાનો. રાત્રે ફાનસ ને ગુબ્બારો પણ કરવાનો... આ સંક્રાંતની સમી સાંજે એવું તે શું સરપ્રાઇઝ પ્લાન કરીએ કે બધાને મજા આવી જાય....

આપના માટે તૈયાર છે ખજાનામાંથી કાઢેલ ગેમ "કાપ્યો છે..." આ ગેમમાં મસ્તી - તોફાન સાથે જીવનમાં ઉતારવા જેવો શુભ સંદેશ પણ સમાયેલો છે...

**રમાડનારે :** આપેલ ચિત્રની કલર પ્રિન્ટ કરાવી રાખવી અને રમતના નિયમ અને જવાબ કેમ આપવાના તે કાગળની ઝેરોક્ષ કરાવી રાખવી.

- **આપેલ ચિત્ર વિશેની સમજ :**

ત્રણ કલરના દરેક બોક્ષમાં પાંચ પતંગ આપેલ છે. ડાબી બાજુમાં વાનગી, એસેસરીઝ, સેલ્ફી — એમ છ રાઉન્ડ આપેલ છે. આમ પતંગના ૩ x ૫ = ૧૫ અને ૬ રાઉન્ડ = ટોટલ = એકવીસ (૨૧) નંબર લખવાના.

રમનાર દરેકને ચિત્રની કલર ઝેરોક્ષ અને નિયમની ઝેરોક્ષ તથા પેન આપો. તેમને ૧થી ૯૦ અંકમાંથી મનપસંદ નંબર લખવાના. હાઉસીના બોર્ડ અને નંબરથી આ ગેમ રમાડી શકાશે.

સંક્રાંત ફેસ્ટીવલ પ્રમાણે તેના નિયમ અને જવાબ પણ સ્પેશિયલ અને ટ્વીસ્ટ આપેલા છે. તો ચાલો, પતંગ ઉડાડવા, કાપવા, ચગાવવા થઈ જાવ તૈયાર...

નંબર આવે તે રીતે લખેલા નંબર પર રાઉન્ડ કરતા જાવ અને નિયમ પ્રમાણે થાય તો જવાબ પણ કેમ આપવા તે જે-તે નિયમ સાથે આપેલ જ છે.

**૧.** લીલા બોક્ષના પાંચેય પતંગના નંબર થઈ જાય તે વિનર.

**જ.** પતંગના નામ બોલવાના. આ બધા પતંગ લુંટવા જેવા હતા તેથી મેં તો લુંટી લીધા.

**૨.** ગુલાબી બોક્ષના પાંચેય પતંગના નંબર થઈ જાય તે વિનર.

**જ.** પાંચેય નામ — મારા મનમાં આકાશમાં ઉડતા આ પતંગ મેં કાપી નાખ્યા છે.

**3.** બ્લ્યુ બોક્ષના પાંચેય પતંગના નંબર થઈ જાય તે વિનર.

**જ.** પાંચેય નામ — આ બધા પતંગ દરેકે જીવનમાં રોજ ચગાવવાના છે.

**૪.** લીલા બોક્ષના નંબર + જલેબી-ઊંધીયાના નંબર.

**જ.** આ બધા પતંગ લૂંટ્યા બાદ જલેબી - ઊંધીયું ખાવાની ઔર

મજા આવે.

**૫.** ગુલાબી બોક્ષના નંબર + ટોપી-ચશ્માના નંબર.

**જ.** ટોપી અને ચશ્મા પહેરીને જ આ બધા પતંગ કાપવા પડે.

**૬.** બ્લ્યુ બોક્ષના નંબર + સેલ્ફીના નંબર.

**જ.** આ બધા પતંગ ચગાવ્યા બાદ સેલ્ફી લેવાનો આનંદ અનેરો છે.

**૭.** ડાબી બાજુના ૬ રાઉન્ડના નંબર થાય તે વિનર.

**જ.** જલેબી - ઊંધીયું ખાવાનું, ટોપી - ચશ્મા પહેરી બાદમાં સેલ્ફીનો વારો.

**૮.** ત્રણેય બોક્ષમાંથી ગમે તે બે-બે નંબર. કુલ ૬ નંબરો થાય તે વિનર.

**જ.** જેમકે આનંદ - હાસ્ય લૂંટ્યા, મોહ-લોભ કાપ્યા, દયા-સંપ ચગાવ્યા.

**૯.** ત્રણેય બોક્ષમાંથી ૩-૩ નંબર થાય તે વિનર.

**જ.** ઉપરની જેમ જે-તે નામ બોલવાના રહેશે.

**૧૦.** જેના બધા જ નંબર થઈ જાય તે બીગ વિનર.

**જ.** તેને જોશથી ઊભા થઈ બોલવાનું "કાપ્યો છે..., લૂંટ્યો છે... ચગાવ્યો છે...."

- **ટ્વીસ્ટ :**

નિયમ મુજબ જે વિનર થાય તેને પતંગને લગતા પિક્ચરના ગીતની કડી ગાવાની રહેશે. તમારી યાદી માટે ગીતો આપેલા છે.

૧. ઉડી ઉડી જાય... ઉડી ઉડી જાય... દિલકી પતંગ દેખો ઉડી ઉડી જાય...

૨. આ ગઈ રે, ઋત છા ગઈ રે... પીલ પીલી સરસોં ફૂલ ખીલે, પીહુ પીહુ પપીહા...

૩. ઢીલ દે ઢીલ દે દે રે ભૈયા... ઉસ પતંગ કો ઢીલ દે...

૪. ના કોઇ ઉમંગ હૈ, ના કોઈ તરંગ હૈ... મેરી જિંદગી હૈ ક્યા બસ એક કટી પતંગ હૈ...

૫. ગલીમેં મારે ફીરે, પાસ આને કો મેરે, કભી ફરકતા નૈન મેરે તું...

૬. ચરખી વાલે... ઓ જરા ઢીલ દે... મેરી બાંકી પતંગ કટ ના જાયે રે...

૭. મેરી પ્યારી પતંગ ચલી બાદલો કે સંગ, જરા ધીરે ધીરે, જરા હોલે ઢીલ દે...

૮. ચલી ચલી રે પતંગ મેરી ચલી રે... ચલી બાદલો કે પાસ હોકે ડોર પે સવાર...

૯. યે દુનિયા પતંગ, બદલે યે રંગ... કોઇ જાને ના ઉડાનેવાલા કૌન હૈ...

- **ગીફ્ટ :**

તમે સંક્રાંતને લગતી નાની-નાની ગીફ્ટ જેવી કે પતંગ, ફિરકી, ફાનસ, લેડીઝ-જેન્ટ્સ એસેસરીઝ, ચિક્કી, સ્વીટ બોક્ષ વિ. આપી શકો. ગીત ગાય તેને ૧૧/- ૨૫/-ના કવર આપી નવાજો... ખુશ કરો...

**નોંધ :** મેં અહીં નિયમો ઘણા આપ્યા છે. આમાંથી તમે ગ્રુપ અને સમયને ધ્યાનમાં રાખી નિયમ લઈ શકો છો.

**સંદેશ :** આપણા ઘરે ગેસ્ટ આવે તે મીઠું સંભારણું લઇને જાય... ચાર જણા પાસે તમારી વાતો શૅર કરે તે તમારી ફળશ્રુતિ છે. આશા છે કે તમને આ ગેમ રમવી - રમાડવી ગમશે જ. તમે રમજો... તો મને પણ લખ્યાનો સંતોષ થશે.

**॥ હેપ્પી મકરસંક્રાંતિ ॥**



*રમત રમતમાં ખબર પડી ના*
*સરી ગઈ એક સાલ*

*એમ હસતા રમતા જીવન વીતે*
*જાણે આજ ને કાલ.*

*જીવનની શતરંજ બિછાવી*
*કાળે માંડ્યો ખેલ*
*પાસા ફેંકી જોઈએ કાં પાસ કાં ફેલ*

*સવાલ છે તો જવાબ પણ છે*
*દીધા વિના નહીં ચાલે*

*ચડતા પડતા જીવતરનો ક્યાસ*
*લીધા વિના નહીં ચાલે.*

*રમીએ ઘર ઘર (હાઉસી)*
*કક્કો બારાખડી (અંતાક્ષરી)*

*જીવન રમત તો રમતા જીવીએ*
*હસતા રહીએ ફરી ફરીને...*

*મળતા રહીએ આ 'કચ્છશ્રુતિ'ની*
*શબ્દોની સંતાકૂકડીને સંગ...*

***જિંદગીમાં હાર ત્યારે નથી થતી કે તમે હારી જાવ છો, હાર તો ત્યારે થાય છે કે જ્યારે તમે હાર માની લો છો.***

# પ્રતિભાવ

## ભુજ સ્થિત શ્રી રામજી રવજી લાલન કોલેજના મારા સુખદ સંસ્મરણો પ્રતિભાવ સ્વરૂપે

• લચ્છુ બોરા •

તા. ૩૦-૧-૧૯૪૮ના રોજ પૂ. ગાંધીજીની હત્યા બાદ ત્રીજે દિવસે કરાંચી છોડ્યું. નવલખી - કંડલા મારફતે ભુજની ડોસાભાઈ લાલચંદ ધર્મશાળા ખાતે આસરો લીધો. ધોરણ-૪ અને ૫ ભુજની મિડલ સ્કૂલમાં અભ્યાસ પૂરો કર્યો. ધોરણ-૬ અને ૭ ઑલ્ફ્રેડ હાઈસ્કૂલમાં અભ્યાસ કર્યો.

મેટ્રિક પાસ કરી એટલે ૧૯૫૨માં સારા ક્રિકેટર હોવાના નાતે કચ્છ "સી" સ્ટેટના સચિવાલયમાં ક્લાર્ક તરીકે નોકરીએ નિયુક્ત થયા. ૧૯૫૪માં લાલન કૉલેજમાં ભણવાનું શરૂ કર્યું. ફર્સ્ટ ઇયર આર્ટસમાં એડમિશન મેળવ્યું. તે વર્ષે અંગ્રેજી નાટકમાં ભાગ લીધો. વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમમાં કુ. ડોલી શાહ સાથે (જય જય ગરવી ગુજરાત) ગાયું. પછી બીજે વર્ષે ઈન્ટરમીડિયેટ બાદ જુનિયર બી.એ. (અર્થશાસ્ત્ર, પોલીટીકલ સાયન્સ) વિષય સાથે પ્રવેશ મેળવ્યો. આ ધોરણમાં મૃદુલાબેન અંતાણી સાથે સંપર્ક થયો. તેમની સાથે વાર્ષિક કાર્યક્રમમાં 'જય જય ગરવી ગુજરાત' તેમજ ડ્યુએટ ગીત ગાયા. મારા મોટા ભાઈ કિશનચંદ બોરા આ સમગ્ર કાર્યક્રમમાં હાર્મોનિયમ વગાડતા હતા.

આ ગાળા દરમિયાન ક્રિકેટ ટીમની જો વાત કરીએ તો મારા મોટા ભાઈ ૨ વર્ષ કૉલેજ ક્રિકેટ ટીમના કેપ્ટન રહ્યા અને ભાવનગરની શામળદાસ કૉલેજ તેમજ મોરબીની એન્જિનિયરીંગ કૉલેજ સાથેની મેચોમાં સારો દેખાવ કર્યા છતાં બંને મેચો હાર્યા હતા.

ત્યારબાદ ક્રિકેટ ટીમની કેપ્ટનશિપની જવાબદારી મારા શિરે આવી અને પહેલા જ વર્ષે જ્યુબિલી ગ્રાઉન્ડ ખાતે જામનગરની ડી.કે.વી. કૉલેજ સાથે મેચ રમાઈ. જામનગરની ટીમમાં દોલતસિંહ જાડેજા (MP), કે જેઓ ટેસ્ટ ખેલાડી અજય જાડેજાના પિતાશ્રી થાય તે પણ પ્લેયર તરીકે રમવા આવેલા. આ મેચનું ઉદ્‌ઘાટન કચ્છ રાજ્યના કાર્યપાલક એન્જિનિયર શ્રી પી.કે. વોરાએ કર્યું હતું. આ મેચ જીત્યા બાદ બીજો રાઉન્ડ જામનગરની મેડિકલ કૉલેજ સાથે ક્રિકેટ રમવા આખી ટીમને ભુજથી જામનગર પ્લેનમાં હું લઈ ગયો હતો. કૉલેજની ટીમને પ્લેનમાં લઈ જવી એ એક મોટી વાત કહેવાતી. આ મેચ જીતી આવ્યા બાદ ત્રીજો રાઉન્ડ જે સેમિફાઇનલ હતું તે રાજકોટની ધર્મેન્દ્રસિંહ કૉલેજ સાથે ભુજમાં રમાઈ. આ મેચમાં ફક્ત ૮ રનથી અમે હાર્યા હતા. આ સમગ્ર કૉલેજની ક્રિકેટ ટીમના પ્રદર્શનને ધ્યાનમાં લઈ, કૉલેજના પ્રિન્સિપલ ભાવેશ સાહેબ તરફથી ટીમના બધા ખેલાડીઓને "બ્લેઝર" આપવામાં આવેલ હતું. મને તેમજ શ્રી શિરીષભાઈ મહેતાને અમદાવાદ ખાતે ગુજરાત યુનિવર્સિટી ક્રિકેટ ટીમની પસંદગી માટે લાલા અમરનાથની ટ્રેનિંગ માટે મોકલવામાં આવ્યા હતા.

કેન્દ્ર સરકાર તરફથી રાજકોટ ખાતે જામનગરના પ્રિન્સ શ્રી દુલીપસિંહજીના કોચિંગ હેઠળ મને કચ્છ રાજ્ય તરફથી નિયુક્ત કરવામાં આવેલ (૧૯૫૫). આ કોચિંગ લીધા બાદ ક્રિકેટ રમવા માટે મને નોકરીમાંથી સાંજે ૪ વાગે રજા આપવામાં આવતી હતી. હું જ્યુબિલી ગ્રાઉન્ડ ઉપર નેટની પાછળ ઊભો રહીને કૉલેજના ક્રિકેટરો તેમજ સચિવાલયના અધિકારીઓ, જેમાં ચીફ કમિશ્નર શ્રી ગાડગે સાહેબ, ખાબડે સાહેબ, પાટીલ સાહેબ તેમજ અન્ય અધિકારીઓને કોચિંગ આપતો હતો. તે સમયે મારી ઉંમર ફક્ત ૨૦ વર્ષની હતી.

રેલવે તરફથી કૉલેજના વિદ્યાર્થીઓ માટે ભારતમાં કોઈ પણ ફરવાલાયક સ્થળે જવા માટે ૮૦% ભાડામાં કન્સેશન આપવાની જાહેરાત થતાં હું, ભૂષણ ઓઝા, ઘનશ્યામ ઠક્કર, ઉપાધ્યાયભાઈ તેમજ જુસુફ ભા જમ્મુ-કાશ્મીરના પ્રવાસે જઈ આવ્યા હતા.

હું ક્રિકેટ અને સંગીત ઉપરાંત કૉલેજની વાર્ષિક એથ્લેટ્સની રમતોમાં પણ ભાગ લેતો. આ રમતોમાં રનિંગ, લોન્ગ જંપ, હાઈ જંપ, ભાલા ફેંક તેમજ પુટિંગ ધ શોટમાં ભાગ લેતો. જો કે પુટિંગ ધ શોટ જે એક રમતમાં મારા મોટા ભાઈ ચેમ્પિયન રહેતા હતા. વોરા સાહેબ સાથે મને, કુ. નિવેદીતા વોરા તેમજ ગઢ્ઢેબેનને મોરબી ખાતે ભાગ લેવા મોકલવામાં આવેલ હતા. આ સમગ્ર રમત-ગમતના દેખાવથી લાલન કૉલેજના વાર્ષિક મેગેઝીનમાં મારો 'કૉલેજ ચેમ્પિયન'



કૉલેજની મુલાકાતે આવેલા એક સમયના – ભારતના નાણાંમંત્રી
શ્રીમતી તારકેશ્વરી સિંહા સાથેની તસવીર....



ડૉ. જયંત ખત્રી (ડાબી તરફ)
આ લેખના લેખકને ઈ.સ. ૧૯૬૪માં ટ્રોફી અર્પણ કરી રહ્યા છે.



કૉલેજના પ્રિન્સિપાલની ઉપસ્થિતિમાં
અભિનેતા બલરાજ સહાની સાથે ઈ.સ. ૧૯૬૩માં સ્નેહ મિલન...



'દર્શક' સાહેબ (જમણી તરફ) એક કાર્યક્રમ દરમિયાન
ઈનામનું વિતરણ કરતા દૃષ્ટિગોચર થાય છે.



ફતેહસિંહ રાવ (ગાયકવાડ) સાથે એક સમૂહ તસવીર (૧૯૬૩-૬૪)



કૉલેજકાળ દરમિયાનની એક યાદગાર ગ્રુપ તસવીર...

તરીકેનો ફોટો પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. મારા આ લાલન કૉલેજના કાર્યકાળ દરમિયાન દેસાઈ સાહેબ, ડૉ. એન.ઝેડ. પટેલ, ભાવેશ સાહેબ પ્રિન્સિપાલ તરીકે હતા.


કિશનભાઈ અને મારી કેપ્ટનશિપ હેઠળ કૉલેજ ક્રિકેટ ટીમના ખેલાડીઓના નામ નીચે મુજબ છે : અનંત દવે (MP), કનુ વૈદ્ય, બહાદુરસિંહ જાડેજા, શિરીષ મહેતા, ધીરજ મહેતા, કિશોર મહેતા, જે.બી. મહેતા, વલ્લભ ઠક્કર, ડી.કે. યાદવ, રાયકુંડલિયા, અશ્વિન વોરા, રમજુ સમેજા, જાફરભાઈ, બુચભાઈ અને જયરામભાઈ.

પ્રોફેસર ચાવડા સાહેબ સાથે દેશલપુર ગામ ખાતે કાયલા ડૅમ પર સ્ટડી ટૂર પણ યોજાઈ હતી. કૉલેજ તરફથી આ એક સુંદર પિકનિક ગોઠવવામાં આવી હતી. આ આખા દિવસની પિકનિકમાં ડાન્સ, મ્યુઝીક, રમત-ગમત સાથે ખૂબ મજા કરી હતી.

કિશનભાઈ બોરા જે સારા ગાયક, હાર્મોનિયમ પ્લેયર હતા, લાલન કૉલેજમાં ભજવાયેલ હિંદી - ઉર્દુ નાટક 'તૈમુરલંગ'નો મુખ્ય ભાગ તેમણે સુંદર રીતે ભજવેલ હતો. સાંસ્કૃતિક, વાર્ષિક કાર્યક્રમ પત્યા પછી કૉલેજના પ્રાંગણમાં રાત્રિના સમયે સુંદર મજાના ફિલ્મી ગીતો સાથેના એક કાર્યક્રમનું આયોજન થયું હતું.

હાલમાં મારી ઉંમર ૮૪ વર્ષની છે. બ્રહ્માકુમારીઝ, જલારામ મંદિર, સિનિયર સિટીઝન કાઉન્સિલ - ગાંધીનગર વગેરે સાથે વિવિધ પ્રવૃત્તિઓમાં કાર્યરત છું. કચ્છ મિત્ર મંડળમાં પ્રસંગોપાત મુકેશના ગીતો તથા ભજનો ગાઈને આનંદમગ્ન રહું છું.

*નિવૃત્ત નાયબ સચિવ, સચિવાલય, ગાંધીનગર.*
*મો. ૯૯૨૫૫ ૯૫૧૪૮*



ચંદ્રવદન મહેતા 'સારસ'

## ગુરૂ સાક્ષાત....

### (ભુજ સ્થિત શ્રી રામજી રવજી લાલન કૉલેજની લેખમાળા અન્વયે પ્રતિભાવ)

વાત આજથી ૫૫ વર્ષ પહેલાની છે. સને ૧૯૬૩માં મેટ્રિક પાસ થઈને ભુજની રામજી રવજી લાલન કૉલેજમાં પ્રિ-યુનિવર્સિટી આર્ટસ પ્રથમ વર્ષમાં દાખલ થયો હતો.

૨૦ વર્ષની અલ્લડ જિંદગી અને તેમાં પણ કૉલેજની દુનિયા! એ સમયે સાઈકલ હોવી એ બહુ મોટી વાત ગણાતી.

મારે સવારે કૉલેજ અને બપોરે જી.ઈ.બી.માં મીટર રીડરની નોકરી કરવાની હતી. સાઇકલ અનિવાર્ય બની હતી. સદ્‌ભાગ્યે ભુજમાં શ્રી શામજીભાઈ કંસારા સાઇકલના ઇમાનદાર વેપારી હતા. મેં તેમને વાત કરી ત્યારે તેમણે હરક્યુલસ અને ફિલીપ્સ બે જાતની સાઈકલો બતાવી હતી. તે પૈકી એક સાઇકલ રૂા. ૧૪૦/-માં વેચાતી આપી હતી. શામજીભાઈએ મને ચાર હપ્તામાં પૈસા આપવાની છૂટ પણ આપી હતી. મેં તે સમયે ફિલીપ્સ સાઇકલ લીધી હતી.

હવે દરરોજ સાઇકલથી આવવા જવાનું થયું. મારી સાથે મેમણ નામના મિત્ર સહાધ્યાયી દરરોજ સાથે આવ-જા કરે.

એક વખત અમે લાલન કૉલેજથી વળતા સીટી પોલીસ સ્ટેશન (હાલના નૂતન સ્વામિનારાયણ મંદિર) સામેથી પસાર થતા હતા ત્યારે અમને પોલીસવાળા ભાઈએ વ્હીસલ મારીને ઊભા રહેવાનો આદેશ કર્યો. મેં સાઇકલને બ્રેક મારીને ઊભી રાખી.

"તમને ખબર નથી કે ડબલ સીટ સાઈકલ ચલાવવી એ ગુનો બને છે? ક્યાંના છો? ક્યાંથી આવો છો?" વગેરે કડક ભાષામાં સવાલો થયા. વિગતે વાત કરી... અમે લાલન કૉલેજમાં અભ્યાસ કરીએ છીએ. કૉલેજ પછી નોકરીએ જવાનું હોય તેથી ડબલ સીટ કરવી પડે છે... પરંતુ અમારા એ બધા કાલાવાલા કબૂલ થયા નહીં.

દંડનો હુકમ થયો. પણ બે દિવસ પછી ભરી જશું એવી ખાતરી આપી... બલે જાવ...

અમે પોલીસને છેતરીને નામ લખાવ્યા... સાહેબ, મારું નામ એન.બી. નાયક અને મારી પાછળ બેઠેલા ભાઈ તે શ્રી જે.એન. શુક્લ.

કૉલેજ તો દરરોજ જાઓ છો ને? સવાલ સામે અમે હા કહી. ત્યારબાદ અમને છોડી દીધા...

બરાબર બે દિવસ પછી અમારા પ્રિ-આર્ટસ રૂમની પૂર્વ દિશાએ આવેલા વર્ગખંડની બારીમાંથી એ બંને પોલીસવાળાને મેં આવતા જોયા. મેં મેમણને વાત કરી. મેમણે કહ્યું, 'ફજેતી

થશે. ભાગો... ભાગો...' અમે વર્ગખંડ છોડી સામેના રૂમમાં છુપાઈ ગયા. કૉલેજનો સમય પૂરો થયો એટલે સૌ બહાર આવ્યા.

હકીકતમાં શ્રી એન.બી. નાયક અમારી કૉલેજના પ્રિન્સિપાલ, અને એકવડા બાંધાના હતા જ્યારે શ્રી જે.એન. શુક્લ અમારા અંગ્રેજીના ગુરૂજી અને ખૂબ સારી બોડીવાળા.

પોલીસે આવીને કૉલેજના પટાવાળા પાસે એન.બી. નાયક અને જે.એન. શુક્લ નામના બે વિદ્યાર્થી ક્યાં છે? તે અંગે પૂછપરછ કરી. પટાવાળા બહુ સમજુ હતા. તેણે તો નાયક સાહેબની ચેમ્બર જ બતાવી દીધી અને નાયક સાહેબને કહે કે આ પોલીસવાળા તમારા નામની તથા શુક્લ સાહેબની પૃચ્છા કરે છે. નાયક સાહેબ તો અચંબામાં પડ્યા. તેમણે શુક્લ સાહેબને બોલાવ્યા. પછી પોલીસને કહ્યું કે, 'બોલો શાની ઈન્કવાયરી છે?'

પોલીસવાળા કહે, 'આજથી ત્રણ દિવસ પહેલાં કૉલેજના બે વિદ્યાર્થી ડબલ સીટમાં સાઈકલ સવારી કરીને જતા હતા. જે ગુનો બનતો હોઈ અમે તેમને પકડ્યા હતા અને દંડ કર્યો હતો. તે બંને આ કૉલેજના વિદ્યાર્થીઓ હતા. તેથી બે દિવસ પછી દંડ ભરી જવાની છૂટ આપી હતી. હવે અમારે તેમનું નિવેદન લેવું છે અને દંડની વસુલાત કરવી છે.

નાયક સાહેબ આખી વાત સમજી ગયા અને ખડખડાટ હસી પડ્યા. તેઓ કહે, 'વિદ્યાર્થીઓ તમને ઉલ્લુ બનાવી ગયા. એન.બી. નાયક તો મારું નામ છે અને જે.એન. શુક્લ તો તમારી સામે ઊભા છે. તેઓ આ કૉલેજમાં અંગ્રેજી વિષયના પ્રોફેસર છે. તમને એવું લાગે છે કે હું પ્રિન્સિપાલ થઇને સાઈકલ ચલાવીને શુક્લ સાહેબને પાછળ બેસાડું?!! સાહેબની ચેમ્બરમાં હાસ્યનું મોજું ફરી વળ્યું હતું.

ત્યારબાદ પોલીસવાળાઓએ એવો શેરો ભર્યો કે : 'લાલન કૉલેજમાં આ નામના કોઈ વિદ્યાર્થીઓ નથી પણ કોઈ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ હોવા જોઈએ એવું અમારું માનવું છે. તેથી હાલે આ કેસ ફાઈલ કરવામાં આવે છે.'

અમને અન્ય વિદ્યાર્થીઓ પાસેથી આ બધી વિગત સાંભળીને આનંદ થયો તેમજ તે રાતનાં નિંદર પણ મીઠી આવી હતી.

ત્યારબાદ થોડા દિવસ માટે અમારો કૉલેજ જવાનો રૂટ વાયા મોટા બંધથી થઈ ગયો હતો!!

લાલન કૉલેજનો આ હાસ્યરસિક કિસ્સો અત્રે રજૂ કરેલ છે જે લાલન કૉલેજની યાદોના મીઠા સંભારણા રૂપે છે!

*૮૯, સંસ્કાર નગર, ભુજ.*
*મો. ૯૯૭૮૦ ૫૨૮૦૦*

***(નોંધ : શ્રી ચંદ્રવદનભાઈ મહેતા ભુજની લાલન કૉલેજના પૂર્વ વિદ્યાર્થીએ ઈ.સ. ૨૦૦૬-૨૦૦૭માં સાહિત્ય રસિકો માટે 'સાંધ્યદીપ' સંસ્થાનો પ્રારંભ કર્યો હતો. ઈ.સ. ૨૦૦૯માં કચ્છ ફિલાટેલિક એસોસિએશનના પ્રમુખપદે રહ્યા હતા. હાલના સાંધી દાદા-દાદી પાર્કના નામ માટે વિજેતા રહ્યા હતા. તે ઉપરાંત ઈ.સ. ૨૦૦૫માં હાસ્ય ક્લબ શરૂ કરી હતી.***
***પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ)***

★

**'કચ્છશ્રુતિ' માસ ડિસેમ્બર-૨૦૧૮નો અંક**

'કચ્છશ્રુતિ' ડિસેમ્બર-૨૦૧૮નો માહિતીથી ભરપૂર તથા મુખપૃષ્ઠ વૈશ્વિક મંદબુધ્ધિ બાળક દિન, બાળકોના સુંદર ચિત્રોવાળો અંક મળ્યો. કચ્છશ્રુતિના અંકમાં દરેક વખતે વિવિધતાથી ભરેલ લેખ - કાવ્યો પ્રકાશિત કરવામાં આવે છે. એ ઘણું જ ઉત્તમ છે. ખાસ કરીને કચ્છના વિકાસ અંગે લગતી બાબતો માટે તંત્રીશ્રી અશોકભાઈ મહેતા, આપશ્રી લખતા રહો છો એ અત્યારના સમયે ઘણું જ જરૂરી છે. આપને તથા આપના સહ કાર્યકરોને ધન્યવાદ. કચ્છશ્રુતિ માસિક ઉત્તરોત્તર ઘણી જ પ્રગતિ કરે. શુભેચ્છા.

***મહાભાઈ આર. વોરા - ભુજ, કચ્છ***

## અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા

ઓપન ડોર રીપોર્ટ ઓન ઈન્ટરનેશનલ એજ્યુકેશનલ એક્ષચેન્જ દ્વારા જારી કરાયેલા એક અહેવાલ અનુસાર હાલમાં અમેરિકામાં ૧,૯૬,૨૭૧ ભારતીય વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. દર વર્ષે આ વિદ્યાર્થીઓની સંખ્યામાં સતત વધારો થતો રહે છે. અમેરિકામાં ભણતા વિદેશી વિદ્યાર્થીઓમાં ભારતીયોની સંખ્યા ૧૮ ટકા છે. તેનો નંબર ચીન પછી બીજા ક્રમાંકે આવે છે. એ જ રીતે ભારતમાં ભણતા અમેરિકન વિદ્યાર્થીઓની સંખ્યા ૪૭૦૪ની થઈ છે, જે અગાઉના વર્ષની સરખામણીમાં ૧૨.૫ ટકા વધુ છે.

## મૃત્યુનું કહેણ

*અણચિંતવ્યું મૃત્યુ આવી ઊભું, કહે તું ચાલ મારી સાથે*
*કાળ તો ક્યારનોય ભમે છે તારી માથે.*

*તૈયારી નથી કરી મેં તારી સાથે ચાલવાની, અડધી વીતી ગઈ છે આ રાત*
*મૃત્યુ કહે સમય થાય જેનો પૂરો, તેને ઉઠાવી લઉં હું રાત વરાત*
*એમાં ન નીરખવી મારે નાત કે જાત.*

*કહેવાઈ ગયું મારાથી મૃત્યુને કે, મારી સાથે છે જગતનો નાથ*
*તેનો શાને હું છોડું સંગાથ?*

*ફરી કહેવા લાગ્યો મને, તેણે તો મને મોકલ્યો છે,*
*તારી પ્રતીક્ષા કરે છે જગતનો તાત*

*તુરત જ કહ્યું મેં ચાલ, ચાલ અત્યારે જ આવું છું હું તારી સાથે*
*છેવટ તેં તો મને કેવો કર્યો મહાન?*

*જગનો નિયંતા જ મૃત્યુને મોકલે, એવું સમજતાં આજે*
*મારું ઉગ્યું સુવર્ણ પ્રભાત.*

★

## ભુજવાસીઓએ ઉજવી દુષ્કાળગ્રસ્ત દિવાળી

માણી ભુજવાસીઓએ દિવ્ય દિવાળી
થયેલી ઠેરઠેર રોશની નિરાળી.

પુષ્પમાળાઓને વેણીઓ વેચતા
નિરખ્યા અમે બાગોના માળી.

ઝગમગી મૂર્તિઓ મંદિરોએ અનુપમ
ઉમટેલા દર્શનોએ નટનારી.

મહાદેવના નાકે માનવ મહેરામણ ઉમટેલો
ભીડમાં ભીંસાતા ભારી.

ખીચોખીચ ભરાઇને બેઠેલા શહેરીજનો
છે પુરાતન હમીરસરની પાળી.

આતશબાજીએ તો અજવાળ્યા અનેકોને
છોને આ રાત હતી કાળી.

સુનમુન બેઠેલા અનેક પક્ષીઓ વૃક્ષો પર
નહોરથી પકડીને ડાળી.

ક્યાંક તણખો ભરાયો ફટાકડાનો વસ્ત્રોમાં
બહેનો, દીકરીઓને દોડતાં ભાળી.

એટમ બોમ્બોના અઢળક ધડાકાઓએ
કેટલાકના કાનોમાં ધાક બેસાડી.

હમીરસરને ખાલીખમ નિરખતાં
આજ રોશની રડી અશ્રુ ખાળી.

બે કર જોડી વિનવ્યા ભુજવાસીઓએ શ્રી હરિને
પ્રભુ! હમીરસરને ના રાખશો ખાલી.

***પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ***
***મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬***

## ઉપેક્ષા...

ચાલ્યો જતો હતો બચાવી નજર
કાં આંતર્યો તમે?

લગાવી ઔષધ જખમ પર
કાં ખોતર્યો તમે?

હતી લાગણી-વાણી માપસર
કાં વેતર્યો તમે?

લઈ સરોવર આપી સમંદર
કાં છેતર્યો તમે?

હથોડી ટાંકણે વિના કસૂર,
કાં કોતર્યો તમે?

દેખાડી વાવ, કૂવે નિરાધાર,
કાં સેતર્યો તમે?

માંડ ઢબુરી વેદના અંતર,
કાં સંકોર્યો તમે?

હતો વિવાદે સાવ બેખબર,
કાં ઉશ્કેર્યો તમે?

આંધી સમુંદર અજાણ્યે બંદર,
કાં ઉતાર્યો તમે?

કરી વિનવણી લેવા નાવ અંદર,
કાં નકાર્યો તમે?

આવ્યો મુશાયરે ન માન-આદર,
કાં ધિક્કાર્યો તમે?

સૌને રૂબરૂ પણ 'અલ્પ'ને ફોન પર,
કાં નોતર્યો તમે?

***– નવીન ત્રિપાઠી 'અલ્પ'***

## દર્દ (તસ્બીહ)

ખોફ સ્મિત પર રેડતાં, હાસ્ય રડતું થઈ ગયું,
ફોડલાઓ ફેલતાં, દર્દ વધતું થઇ ગયું.

માત્ર મતલબ ખીલતો જુઠના બુરખા તળે,
ખેલ એ ખેલ્યા પછી, વ્હેણ ગમતું થઈ ગયું.

આગના તણખા ઝરે ને પવન મારે ફૂંક જ્યાં,
ઘાવ ગોઝારા થતાં, આભ ઢળતું થઈ ગયું.

પ્રેમ ઝુલે ઝુલતાં, ગીત એના ગાજતાં,
આંખ ભૂંડી થઈ જતાં, ઝેર મલકતું થઈ ગયું.

બેબસીમાં ક્યાં જવું, એ જ સમજાતું નથી,
ભીડ દે અંદર 'કમર'! દર્દ વધતું થઈ ગયું.

*– હુસેન ખત્રી 'કમરે' કચ્છી*

***ફૂટ નોટ :*** 'તસ્બીહ' એ કવિશ્રી ચિનુ મોદીએ ૧૯૭૮માં ગઝલ - સ્વરૂપમાં કરેલો પ્રયોગ, 'ઈશ્વરને નામે વાણી' એ એમની જાણીતી તસ્બીહ છે. તેમાં મત્લાના શેરમાં કવિ પોતાનું નામ કે તખલ્લુસ મૂકી શકે. એ નામ કે તખલ્લુસવાળી પંક્તિમાં શેરમાં 'સાની' પંક્તિ તરી આવે.

આ પંક્તિ પાંચમાં શેરમાં 'ઉલા' ઉલા પંક્તિ તરીકે આવે. આ રચનામાં મત્લાથી માંડી મક્તા સુધી એક જ ભાવઉર્મિ કે વિચાર વણાયેલ હોય. આવી રચના તે તસ્બીહ. તસ્બીહ એ કવિશ્રી ચિનુ મોદીની ગુજરાતી ગઝલને દેણ છે.

## તું મોબાઈલમાં મસ્ત રહેજે (હઝલ)

ઝાઝું જીવનાર, તું મોબાઈલમાં મસ્ત રહેજે,
થજે ભલે ખુવાર, તું મોબાઈલમાં મસ્ત રહેજે.

નથી સમય છતાં, પડ્યો રહે છે પારકી પંચાતમાં,
તને હવે કોણ ઉગારનાર? તું મોબાઈલમાં મસ્ત રહેજે.

ચેટિંગ કરી કરી ચીટિંગ કરી તેં તારા ઈશ્વર સાથે,
ઉઠા ભણાવનાર, તું મોબાઈલમાં મસ્ત રહેજે.

આંખની શરમ ગઈ, રહ્યો તું તારા કાનના હવાલે,
ઓ, દિલના ખોનાર, તું મોબાઈલમાં મસ્ત રહેજે.

ટુ કે ફોર વ્હીલર પર, સવારી-લવારી તારી ચાલુ જ છે,
તને હવે કોણ બચાવનાર? તું મોબાઈલમાં મસ્ત રહેજે.

*નિખિલ એચ. ઠક્કર - ભુજ*
*મો. ૯૪૨૭૨ ૦૯૨૦૯*

## ...મંદી

આલમ આખી આપે છે ગાળો ગંદી ગંદી
મંદી તું ક્યારે પડીશ મંદી?

ભુજમાં મંદી, ભરૂચમાં મંદી, છે ભીવંડીમાં મંદી
મંડી આખીમાં મંદી, છે કડકડતી ઠંડીમાં મંદી
બીમાર બિચારા બાપાની બંડીમાં મંદી
ભૂખ ભૂંડી કરતી નથી ભાઈબંધી... મંદી તું ક્યારે...

કારખાને મંદી ને મિલે છે મંદી,
પાનખરમાં કેમ ખિલે છે મંદી?
રંજમાં રહે છે, રહેનાર આનંદી... મંદી તું...

શેરમાં મંદી, પ્લોટમાં મંદી, પપ્પાની પાકીટમાં મંદી
વેપારી કહે માર્કેટમાં મંદી, વકીલ કહે મારપીટમાં મંદી
કંકર એટલા પૂજ્યા શંકર, પૂજ્યા નવસો નંદી... મંદી તું...

સાંભળીને વખાણ કરાવ્યું લખાણ
જ્યાં જ્યાં કર્યું રોકાણ ત્યાં થઈ મોકાણ
કોઈક તો કરો જાણ, લાદી કોણે પૈસા પર પાબંદી... મંદી તું...

સૌ કોઈ કહે છે, છે વૈશ્વિક મંદી
પણ 'સોમૈયા' કહે છે, છે સ્વૈચ્છિક મંદી

મંદીના મારથી બંદી બધા, થઈ ગયા સ્વચ્છંદી
મંદી તું ક્યારે પડીશ મંદી.

*અરવિંદ સોમૈયા - નખત્રાણા*

## જીવિત વ્યક્તિને સહારો

*ઉંદર પથ્થરમાંથી બનાવેલ હોય તો લોકો તેને પૂજે છે.*
*પરંતુ તે જીવતો હોય તો લોકો તેને ભગાડી મૂકશે.*

*સાપ અગર પથ્થરમાંથી બનાવેલ હોય તો લોકો તેને પૂજે છે*
*પરંતુ તે જીવિત સાપ હોય તો લોકો તેને મારી નાખ્યા વગર નહીં રહે.*

*માં પણ પથ્થરની હોય તો લોકો તેને પૂજે છે*
*પરંતુ તે જીવતી હોય તો લોકો તેને કિંમતી સમજતા નથી.*

*એ સમજમાં નથી આવતું કે જિંદગીથી આટલી નફરત કેમ?*
*અને પથ્થરોથી આટલી મહોબ્બત કેમ?*

*જે રીતે મૃતકને કંધો આપવાનું ઈન્સાન સમજે છે*
*એ રીતે જીવિત વ્યક્તિને સહારો આપવાનું પુણ્ય સમજાશે ત્યારે*
*જિંદગી આસાન બની જશે....*

## પાણી બચાવવાની વાત

*પાણીની સમસ્યાનો ઉકેલ પાણી બચાવવાની વાત*
*સરકારશ્રીનું સૂચન સાંભળો પાણી બચાવવાની વાત.*

*શ્રીમદ્ ભગવત ગીતાની મનમાં ઉતારીએ વાત,*
*યજ્ઞો થાય છે ત્યારે જે વસ્તુની આહૂતિ અપાય*
*તેનું વાયુ સ્વરૂપે વાયુમંડળમાં એકત્ર થાય.*
*જે સૂર્યના તાપથી વાદળ બનતાં ભૂમિ પર વરસાવે વરસાદ...૧*

*વિકાસની આંધળી દોડમાં પર્યાવરણમાં અશુધ્ધિ થાય*
*આ પ્રદૂષણ એકદમ આપણા દેહમાં પ્રસરી જાય*
*પર્યાવરણની શુધ્ધિની વાત આજે સમજી અપનાવાય*
*પર્યાવરણની શુધ્ધિ માટે ધ્યાનથી સાંભળો વાત... ૨*

*આપણા પૂર્વજો પાણી બચાવવાના ઉપાયો વારસામાં આપી ગયા*
*આપણે તે મૂલ્યવાન ઉપાયોને આજે સદંતર ભૂલી ગયા*
*આપણા પૂર્વજો અનેક વખત દુષ્કાળનો સામનો કરી ગયા*
*આપણા પૂર્વજોની વાત આજે યાદ કરવા જેવી છે વાત... ૩*

*પાણી બચાવવા વરસાદ પહેલાં તળાવ કૂવાની સફાઈ કરાય*
*તેથી વરસતા વરસાદનું વધારે પ્રમાણમાં પાણી સંગ્રહી શકાય.*
*શુધ્ધ પાણી વધારે સમય સુધી રહેતાં ઉપયોગમાં લઈ શકાય*
*પાણી બચાવવા દુષ્કાળનો સામનો કરવા સમજીએ પૂર્વજોની વાત... ૪*

*આધુનિક ટેકનોલોજી દ્વારા ગટરના પાણીનું શુધ્ધિકરણ કરતાં*
*બાગ બગીચા ખેતીવાડીમાં આ પાણીનો વધારે ઉપયોગ કરતાં*
*પાણીની સમસ્યાઓમાંથી ઉગરતાં શુધ્ધ પાણીની બચત થતાં*
*પાણી બચાવવાની સમસ્યા હલ થતાં સમજાશે સચોટ વાત... ૫*

*પાણી માટેની લાચારી ભલભલાને ડગમગાવી દે તેવી છે*
*પાણીને વાણી વિચારીને વાપરવાની વાત સમજવા જેવી છે.*
*પાણીમાં જ કરોડો જીવ છે પાણીના વેડફાટમાં જીવહિંસા રહેલી છે*
*પાણીના બચાવ માટે વરસાદ પડે તેને ગણવો જોઈએ પ્રભુનો મહાપ્રસાદ... ૬*

**મહાભાઈ આર. વોરા - ભુજ, કચ્છ**

## ઘોરડોમાં ટોયોટાનું સર્વિસ કેન્દ્ર

રણોત્સવ દરમ્યાન ત્રણ મહિનાથી વધુના સમયગાળામાં ટોયોટા બ્રાન્ડની ઈનોવા, ફોર્ચ્યુનર, ક્રેટા કે અન્ય કાર લઈને મોટી સંખ્યામાં આવતા પ્રવાસીઓની સવલત જાળવવા ૧૯૫ દેશોમાં કારનું ઉત્પાદન કરતી ટોયોટા કંપનીએ પોતાનું સર્વિસ સ્ટેશન શરૂ કરવું પડ્યું છે. આ રીતે કચ્છમાં ઘોરડો જેવા ગામ-શહેર વિનાના સ્થળે દુનિયામાં સંભવતઃ પ્રથમ સર્વિસ મથક સ્થપાયેલ છે.

*Mahalaxmi*
**INFRACONTRACT PVT. LTD.**
*Mining for Better Tomorrow*

• CORPORATE OFFICE •
B-21, Corporate House, Opp. Pakvan-2,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Phone : 079-26856711, 26856712
Fax : +91-79-26856713
CIN No. : U14200GJ2010PTC060146 Dt. 05-04-2010

• REGD. OFFICE •
102, Shanti Chambers, Nr. Bank of Baroda,
Station Road, Bhuj, Kutch, Gujarat, INDIA.
Phone : (02832) 256059
E-mail :mahalaxmi@miplgroups.com
E-mail : mahalaxmi_1994@hotmail.com
Website : www.miplgroups.com

**Mr. Prafulchandra Tank**
M. : +91 98250 53258
**Mr. Kishan P. Tank**
M. : +91 99258 11599

K C I **KARMA**
**CHEMICAL INDUSTRIES**

**Manufacturer of : BASIC DYES**
**RHODAMINE B 540%**
Basic Violet 10 & Other Qualities
**BASIC RHODAMINE B BASE**
BASIC DYES FOR
**Paper, Textile Printing & Leather**

• FACTORY •
67/6, Phase-1, G.I.D.C. Vatva, Ahmedabad-382 445. Ph. : (079) 25890110

• RESIDENCE •
21-22/D, Ramkrishna Society, Nr. Aavkar Hall,
Maninagar,Ahmedabad-380 008.
Ph.: (079) 25462812
E-mail : karmachemical@gmail.com
tankishan5115@gmail.com

## સગપણ નોંધ

- **શનિવાર, તા. ૨૨-૧૨-૨૦૧૮**

શ્રીમતી મીતા તથા શ્રી મનોજ શાંતિલાલ મુળજી સાવલાના સુપુત્ર **ચિ. શૈલ**ની સગાઈ શ્રીમતી રશ્મિ તથા શ્રી રાજેન્દ્ર ગાલાની સુપુત્રી સાથે કુટુંબીજનો તથા મિત્ર સમુદાયની સાથે રંગેચંગે ઉજવાઈ ગયેલ છે.

*યુગલને ખૂબ ખૂબ અભિનંદન.*

## અવસાન નોંધ

- **શુક્રવાર, તા. ૨૧-૧૨-૨૦૧૮**

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ભૂતપૂર્વ ઉપપ્રમુખ શ્રી કરશનભાઈ નારણભાઈ પટેલના **માતુશ્રી ગૌરીબેન નારણભાઈ પટેલ (ધોળુ)**નું ધોળકા મધ્યે દુઃખદ અવસાન થયેલ છે.

*સદ્‌ગતશ્રીના આત્માની શાંતિ માટે પ્રાર્થના.*

# પુષ્પાબેન શાહના પેઇન્ટિંગ્સનું એક્ઝિબિશન



**શ્રીમતી પુષ્પાબેન શાહ**

દોશી હુસેન ગુફા ખાતે શ્રીમતી પુષ્પાબેન શાહના પેઇન્ટિંગ્સનું એક પ્રદર્શન તાજેતરમાં યોજાઈ ગયું. આ પ્રદર્શનની મુલાકાત, દરરોજ સેંકડો વિદ્યાર્થીઓ અને આ કળામાં રસ લેનાર લોકોએ લીધેલ હતી.

પુષ્પાબેન શાહના પેઇન્ટિંગ્સ ''વારસા''માં મળતી આઈટમો આધારીત હતા. કૂંજો, જગ, ઘડિયાળ વગેરેના પેઇન્ટિંગ્સ ખૂબ જ ધ્યાનાકર્ષક હતા.

પેઇન્ટિંગ કળામાં માહેર એવી ૮ વ્યક્તિઓનું ગ્રુપ કે જેને ''એન્ટરેલીંગ એઇટ''ના નામે ઓળખવામાં આવે છે, એ દરેકના પેઇન્ટિંગ્સ અહીં મૂકવામાં આવેલ હતા.

શ્રીમતી પુષ્પાબેન શાહ મૂળ કચ્છના રામાણિયા ગામના વતની છે. ૧૯૬૦ના દાયકામાં તેઓ મુંબઈ આવ્યા. એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી તેઓએ B.Sc. કર્યું. નાનપણમાં તેઓને પેઇન્ટિંગનો શોખ બિલકુલ ન હતો.

૧૯૯૩માં તેઓ ''લલીત કલા આર્ટ ગેલેરી''માં પેઇન્ટિંગ જોવા ગયા. આ વસ્તુ તેમના મન પર અસર કરી ગઈ અને તેમને લાગ્યું કે મારે પણ આ કળા શીખવી છે. આ કળામાં રસ દાખવી તેઓએ પ્રથમ ચિત્રો દોરવાની શરૂઆત કરી. તેના પર વિવિધ રંગોથી પેઇન્ટિંગની શરૂઆત કરી.

તેઓનો વસવાટ અમદાવાદ ખાતે થઈ ચૂકેલ હોવાથી અહીં તેમણે પેઇન્ટિંગના ક્લાસ ભર્યા. પ્રથમ તેઓએ કાંતિભાઈ પંચાલ (પ્રિન્સિપાલ, સી.એન. ફાઇન આર્ટસ) પાસે રહીને જરૂરી જ્ઞાન મેળવ્યું અને પોતાની પ્રેક્ટિસ ચાલુ રાખી. ત્યારબાદ આ કળાના માહેર એવા શ્રી વિનોદ પટેલના ક્લાસ ભર્યા અને છેલ્લે તેઓએ શ્રી ભાવેશ ઝાલાના ક્લાસીસ ભરી પોતાની કળામાં ખૂબ જ ધગશપૂર્વક આગળ વધતા રહ્યા અને આ ક્ષેત્રે પારંગત થયા.

તેઓના આ પ્રકારના પ્રદર્શન અવારનવાર આ અગાઉ પણ અમદાવાદમાં યોજાઈ ગયેલ છે.

તેમના પતિ શ્રી કે.આર. શાહ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પૂર્વ માનદ્ મંત્રી છે અને ધંધાકીય રીતે તેઓએ વિવિધ ક્ષેત્રોમાં પોતાનો ધંધો વિકસિત કરેલ છે. તેઓ પેટ્રોલ પંપના ધંધામાં પણ સફળતાપૂર્વક આગળ વધી રહ્યા છે.

પેઇન્ટિંગ એ ખૂબ જ ખર્ચાળ શોખ છે કે જે સમાજના ઉપલા વર્ગને જ પરવડી શકે અને તેને ચાલુ રાખી શકે. જો કે આ પેઇન્ટિંગ્સના દરેક પીસ રૂા. ૫,૦૦૦/-થી રૂા. ૫૦,૦૦૦/- સુધીમાં વેચાઈ પણ શકે છે.

એક કચ્છી હોવાના નાતે આપણે પુષ્પાબેન શાહને ખૂબ ખૂબ અભિનંદન આપીએ અને કચ્છી સમાજના પરિવારો માટે પણ તેઓશ્રી આવું એક પ્રદર્શન ગોઠવે તેવી અભિલાષા પણ વ્યક્ત કરીએ. ■

*'મદદ' એ ખૂબ મોંઘી ભેટ છે, તેથી દરેક પાસેથી તેની અપેક્ષા રાખશો નહીં કારણકે ખૂબ જ ઓછા લોકોના હૃદય શ્રીમંત હોય છે.*

# સ્વ. ઉર્મિલાબેન મજીઠિયા તથા સ્વ. નાનુભાઈ મજીઠિયા પરિવારનું ગૌરવ

## માનિની તેજસ મજીઠિયા તથા હેમાની તેજસ મજીઠિયા દ્વારા આરંગેત્રમની સફળતાપૂર્વક રજૂઆત

પૂ. શ્રી દ્વારકેશલાલજી મહંતશ્રી, મહામંડલેશ્વર મહંતશ્રી દિલીપદાસજી મહારાજ, ભારતીજી બાપુ, ડૉ. સંધ્યા પુરેચા અને ગુરુ શ્રીમતી બિજલ હરિયા વગેરેની ઉપસ્થિતિમાં આરંગેત્રમના એક ભવ્ય કાર્યક્રમનું આયોજન તા. ૨૭-૧૨-૨૦૧૮ના રોજ અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. આ અવસરે માનિની તેજસ મજીઠિયા અને હેમાની તેજસ મજીઠિયા (નાનુભાઈ વેલજીભાઈ મજીઠિયા પરિવાર - ઉર્મિન ગ્રૂપ) બંને જણ પોતાના આરંગેત્રમ નૃત્ય માટે ઉપરોક્ત ધર્મગુરુઓ અને મહાનુભાવોના વરદ્ હસ્તે આકર્ષક સર્ટિફિકેટ પ્રાપ્ત કરવા વિશેષ હક્કદાર બન્યા હતા.

### માનિની તેજસ મજીઠિયા



ગુરુ બિજલ હરિયાના માર્ગદર્શન હેઠળ માનિની છેલ્લા સાત વર્ષથી પરંપરા એકેડેમિ ઑફ પરફોર્મિંગ આર્ટસ ખાતે ભારત નાટ્યમની તાલીમ મેળવવા કાર્યરત રહી હતી. આ રીતે માનિનીએ નૃત્ય પ્રત્યે સારી કેળવણી હાંસલ કરી છે. ભારત નાટ્યમ્ અને આરંગેત્રમના અભ્યાસ સાથે સુસંગત તાલીમના માધ્યમથી માનિનીએ આ પ્રકારના નૃત્યનું માત્ર જ્ઞાન મેળવ્યું છે એવું નથી પરંતુ આત્મવિશ્વાસ, દ્રઢ નિશ્ચય જેવા ગુણો પણ આત્મસાત્ કર્યા છે. આ વિષય સંબંધિત તેનાં જિજ્ઞાસુવાળા પ્રશ્નોનું તેના ગુરુ દ્વારા ખૂબ સારી રીતે સમાધાન થયું હતું.

આ બધી તાલીમ બાદ આરંગેત્રમ કરવાની આખરી ઘડી આવી ગઈ અને એ અવસરે માનિની ભારે ઉત્તેજિત થઈ ગઈ હતી. તેમ છતાં તેણીએ નૃત્યના સ્ટેપ્સ સારી રીતે કરવાની પ્રક્રિયા ચાલુ રાખી હતી. હકીકતમાં તે સમયે દરેક ક્ષણો તેના માટે ખૂબ ઉત્તેજનાસભર હતી. સભાગૃહમાં બિરાજમાન કેટલીય પરિચિત વ્યક્તિઓ સ્ટેજ પર માનિનીને નૃત્ય કરતા નિરખી રહ્યા હતા ત્યારે તેણી ખૂબ ભાવનાવશ થઈ ગઈ હતી. તેમ છતાં સભાગૃહમાં જાણે કોઈ પ્રેક્ષકો જ નથી અથવા તો નૃત્ય ક્લાસમાં પ્રેક્ટિસ થઈ રહી છે તેમ સમજીને તેણે સંગીત પર ધ્યાન કેન્દ્રિત કરીને પોતાનું નૃત્ય પરફોર્મ કર્યું હતું. આ દરમિયાન દરેક ક્ષણે તેનો આત્મવિશ્વાસ દઢ થતો ગયો અને તેનો પ્રયોગ (Show) પૂરો થયો ત્યાં સુધી ખૂબ જ એકાગ્રતાપૂર્વક નૃત્ય કરેલ હતો.

માનિની એઆઈએસ (Ahmedabad International School)માં ક્લાસ-૧૧નો અભ્યાસ કરે છે. અભ્યાસ અને નૃત્યના શોખ વચ્ચે માનિનીએ પોતાની આત્મશક્તિની સંપૂર્ણપણે જાળવણી કરી છે. તેણી પોતાની પ્રારંભિક ડીપીએસ (Delhi Public School)ની ફૂટબોલ ટીમની સભ્ય હતી અને રાજ્ય સ્તરે ખેલ મહાકુંભમાં ફૂટબોલ ટીમમાં રમી હતી.

માનિની પોતાના દાદા-દાદી (સ્વ. ઉર્મિલાબેન તથા સ્વ. નાનુભાઈ મજીઠિયા) પ્રત્યે અતિ પ્રેમભાવ ધરાવે છે. પોતાની પ્રગતિ માટે સદાય તેમની અને સમગ્ર પરિવારની આભારી છે, એમ જણાવે છે.

### હેમાની તેજસ મજીઠિયા



એઆઈએસ (Ahmedabad International School)માં ક્લાસ-૮માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની હિમાની પણ ભારત નાટ્યમ્ માટે ગુરુ બિજલ હરિયાના માર્ગદર્શન અને આશીર્વાદથી પ્રભાવિત છે. ૬ વર્ષની વયથી પોતાના આનંદના આંતરિક સ્ત્રોત તરીકે નૃત્યને તેણીએ સહર્ષ સ્વીકાર કરેલ છે. નૃત્ય ઉપરાંત રાગ અને શ્લોકનું પણ તેણી એટલું જ જ્ઞાન ધરાવે છે.

આરંગેત્રમની તાલીમ અને ડાન્સના માધ્યમથી શિસ્તપાલન અને સમય મેનેજમેન્ટ જેવા વિષયની ઘણી જાણકારી હિમાનીએ

પ્રાપ્ત કરી છે. ભવિષ્યમાં સફળતાની વધુ ઊંચાઈએ જવા માટે આ પ્રકારની દરેક જ્ઞાનવૃધ્ધિ તેને મદદકર્તા થશે. આ સમગ્ર જાણકારી અને માર્ગદર્શન માટે ગુરુ-શિષ્ય પરંપરાની પ્રણાલી તેણીએ સાર્થક કરી જાણી છે.

જેની આતુરતાપૂર્વક રાહ જોવાતી હતી - તે આરંગેત્રમ સ્ટેજ પર રજૂ કરવાની અંતિમ ઘડી તા. ૨૭મી ડિસેમ્બર, ૨૦૧૮ આવી પહોંચી હતી. તે સમયે સ્ટેજની પાછળ, ગ્રીન રૂમમાં તથા સ્ટેજ પર ખૂબ ઉત્તેજના વ્યાપી ગઈ હતી. સ્ટેજ પર પૂજા - અર્ચના કર્યા બાદ તેના ગુરુ દ્વારા તેણીને ઘૂંઘરું આપવામાં આવ્યા હતા. જ્યારે સ્ટેજ પર પોતાના નૃત્યના સ્ટેપ્સ કર્યા ત્યારે તેણીની આંખમાં હર્ષના અશ્રુ ઉભરાઈ આવ્યા હતા. પરંતુ આખરી સ્ટેપના બીટ સુધી ખૂબ ઉત્સાહપૂર્વક અને સચેત રહીને પોતાના નૃત્યની સુંદર રીતે પ્રસ્તુતિ કરી હતી.

હિમાનીએ પોતાના શૈક્ષણિક અભ્યાસમાં અગ્ર સ્થાને રહીને તથા ખેલકૂદ પ્રવૃત્તિમાં ભાગ લઇને અમદાવાદમાં સ્ટેજ કલાકાર તરીકે વિવિધ પ્રકારના નૃત્યોની રજૂઆત કરી છે. એટલું જ નહીં પરંતુ જયપુર અને દિલ્હીમાં રાષ્ટ્રીય સ્તરે નૃત્યસ્પર્ધામાં પણ ભાગ લીધો છે. આ પ્રકારની તાલીમ અને સફળતા માટે તેણી પોતાની પ્રાથમિક ડીપીએસ (Delhi Public School)નો ખાસ આભાર માને છે. હિમાની ક્લારિપાયટ્ટુની (કેરાલા રાજ્યની પ્રાચીન સમયની આર્ટ - કલા) પણ તૈયારી કરી રહી છે. હિમાની પોતાની સર્વાંગી ઉચ્ચ કારકિર્દી, પ્રેમ ભાવના તથા માર્ગદર્શન માટે પોતાના દાદા-દાદી, પરિવારજનો અને મિત્રવર્ગને યશ આપે છે.

હિમાની પણ પોતાની કારકિર્દીની શ્રેષ્ઠ સફળતા માટે દાદા-દાદી (સ્વ. ઉર્મિલાબેન તથા સ્વ. નાનુભાઈ મજીઠિયા)ના છૂપા આશીર્વાદ કામ કરી રહ્યા છે એમ દૃઢપણે માને છે.

*રજૂઆત : દિનેશ આર. મહેતા - અમદાવાદ*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

## ડિસેમ્બર – ૨૦૧૮

★ **બુધવાર, તા. ૫-૧૨-૨૦૧૮**

- રાજકોટ સ્થિત ધર્મેશ પીઠવાના અમદાવાદ ખાતેના ઠાકોરભાઈ દેસાઇ હોલ ખાતેના ૫ / ૭ / ૯ ડિસેમ્બરના યાદશક્તિ વધારવાના ફ્રી સેમિનારના લગભગ ૩૦૦ પાસ કચ્છી સમાજના પરિવારોમાં વહેંચવા માટે આવી ગયા કે જે અલગ અલગ વ્યક્તિઓને આપીને તેના વિતરણનું કામ હાથ પર લીધું.
- કચ્છશ્રુતિ માટે વર્ષ ૨૦૧૯ના અનુસંધાને જાહેરાતો મેળવવા વિવિધ મહાનુભાવોને પત્ર લખવાનું શરૂ કર્યું.

★ **શુક્રવાર, તા. ૭-૧૨-૨૦૧૮**

- ઠાકોરભાઈ હોલ ખાતેના ધર્મેશ પીઠવાના યાદશક્તિ વધારવાના સેમિનારમાં શ્રી કચ્છી સમાજના અનેક લોકોએ હાજરી પુરાવી. આ કાર્યક્રમ ખૂબ જ ઉત્તમ પ્રકારનો રહેવા પામેલ.

★ **શનિવાર, તા. ૮-૧૨-૨૦૧૮**

- આજે કોર ગ્રુપ સમિતિની મીટિંગ મળેલ હતી. આ મીટિંગમાં માત્ર શ્રી ભરતભાઈ ઓઝા, શ્રી દીપકભાઈ ચૌહાણ તથા શ્રી અશોક મહેતા ઉપસ્થિત રહી શકેલ હોવાથી, આ મીટિંગ મુલત્વી રાખવામાં આવેલ હતી. આ મીટિંગમાં તા. ૨૬-૧-૨૦૧૯ના રોજ યોજવામાં આવનાર સરસ્વતી સન્માનના કાર્યક્રમ અંગે થોડી ચર્ચા કરવામાં આવેલ હતી.

★ **શનિવાર, તા. ૧૫-૧૨-૨૦૧૮**

- સમાજની ઓફિસ પર આજે કોર ગ્રુપ સમિતિની એક મીટિંગ મળેલ હતી. આ મીટિંગમાં શ્રી ભરતભાઈ ઓઝા, શ્રી જગદીશભાઈ ઠક્કર, શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી અતુલ સોની, શ્રી અશોક મહેતા, શ્રી દિનેશ મહેતા તથા શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર ઉપસ્થિત રહેલ હતા. બાકી રહેતી ઉઘરાણીના કામો તથા કચ્છશ્રુતિ માટે જાહેરાતો મેળવવાના કામો સભ્યો વચ્ચે ચર્ચા કરીને ડિસ્ટ્રીબ્યુટ કરવામાં આવ્યા.

★ **શનિવાર, તા. ૨૯-૧૨-૨૦૧૮**

- વર્ષ ૨૦૧૯ માટે કચ્છશ્રુતિ માટે મેળવેલ જાહેરાતોનું લીસ્ટ બનાવ્યું. જેઓએ ફરીથી અથવા નવી જાહેરાતો આપી તેઓને આભાર પત્રો લખ્યા. જાહેરાતો માટે સંપર્ક કરવા, વિવિધ પાર્ટીઓ સાથે ફોન પર વાતચીત ચાલુ રાખી.

★ **રવિવાર, તા. ૩૦-૧૨-૨૦૧૮**

- કચ્છશ્રુતિ માટે વર્ષ ૨૦૧૯ માટેની જાહેરાતો માટે વિવિધ મહાનુભાવો સાથેનો સંપર્ક ચાલુ રાખ્યો.

★ **સોમવાર, તા. ૩૧-૧૨-૨૦૧૮**

- જાહેરાતના અનુસંધાને પંદરેક જેટલા પત્રો પોસ્ટ દ્વારા મોકલી આપ્યા. અત્યાર સુધી આવેલ જાહેરાતોનું લીસ્ટ બનાવ્યું. ■


VINAYAK500®
ટી.એમ.ટી. સળીયા
...કરીએ
વિશ્વાસનું નિર્માણ
IS : 1786
AN ISO 9001-2008 COMPANY
VINAYAK TMT BARS PVT. LTD.
Available Grades Fe 500 / Fe 500 D
8 mm - 32 mm available
on demand Quality, Supply and Service
S.K. Mishra (AGM Mkt.) +91 99099 43194
Jayesh Bhalerav (Mkt. Manager) +91 99099 30148
E-mail : sales@vinayaktmtbars.com / www.vinayaktmtbars.com

CIMS

# સીમ્સ હોસ્પિટલ

વિશ્વાસ




**ગુજરાતની પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ જેમાં ફુલી ડિજીટીલાઈઝ આઈસીયુઓ અને ઓપરેશન થીયેટર, ૨ સીટી સ્કેન, ૧ એમઆરઆઈ અને ૩ કાર્ડિયાક કેથલેબ સુવિધાઓથી ઉપલબ્ધ**

- પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"
- GE Centricity® સોફ્ટવેર દ્વારા ઇમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઇથી નિદાન.
- સંપૂર્ણપણે ડિજિટલાઇઝ્ડ આઇસીયુ અને ઓપરેશન થિયેટર્સ.

## મલ્ટી-સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર

- એનેસ્થેસિયાલોજીસ્ટ
- આર્થોસ્કોપી અને સ્પોટ મેડિસીન
- બ્લડ બેંક
- પિડિયાટ્રીક બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડિયોલોજી
- કોર્ડિયો થોરાસિસ સર્જરી
- સીટી કોરોનરી એન્જીયો
- કોસ્મેટોલોજી
- ક્રિટિકલ કેર
- ડેન્ટીસ્ટ્રી
- ડર્મેટોલોજી
- એન્ડોકાઈનોલોજી
- ઈએનટી
- ફેમિલી મેડિસીન
- ફીઓટલ મેડિસીન
- ગેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ગેસ્ટ્રો એન્ડ ઈન્ટેસ્ટીનલ સર્જરી
- જનરલ સર્જરી
- જેનેટિક્સ
- ગાયનેકોલોજી, એબ્સ્ટ્રેટીક એન્ડ આઈવીએફ
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- હાઈ રીસ્ક પ્રેગ્નેન્સી યુનિટ
- હિમેટો - ઓન્કોલોજી
- ઈન્ફેક્શન એન્ડ આઈવીએફ ડિસીઝ
- ઈન્ટરનલ મેડીસીન
- જોયન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- નિયોનટોલોજી એન્ડ પીડિયાટ્રીક્સ
- નેફ્રોલોજી
- ન્યુરોલોજી
- ન્યુરો સર્જરી
- ઓબેસીટી મેનેજમેન્ટ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કો સર્જરી
- ઓપ્થેલ્મોલોજી
- ઓર્થોપેડીક્સ
- ઓન્કોલોજી
- પેઈન ક્લિનીક
- પેથોલોજી એન્ડ માઈક્રોબાયોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- ફિઝીયોથેરાપી એન્ડ રી-હેબીલીટેશન
- પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ
- પલ્મોનોલોજી
- રેડિયોલોજી
- રેડિયેશન થેરાપી
- રીનલ ટ્રાન્સપ્લાન્ટ
- રુમેટોલોજી
- સ્લીપ મેડિસીન
- સ્પાઈન સર્જરી
- ટ્રોમા કેર
- યુરોલોજી
- વાસ્ક્યુલર સર્જરી



**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે.**

**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક ટ્રાન્સકેથેટેર એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા 5 TAVI (ટ્રાન્સ એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન) ટૂંક સમયમાં કરવામાં આવ્યા છે.**

**ભારતની એક માત્ર હોસ્પિટલ જે નીચેના ૭ સર્ટિફિકેટથી સન્માનિત છે**

JCI (USA) | NABH | NABH ER | Ethics Committee | NABL | ACC | Green OT

**24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00**

CIMS® Care Institute of Medical Sciences — Earning Trust with World-Class Practices


શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઈમેલ : info@cims.org | www.cims.org

એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઈમરજન્સી : +91-97234 50000

www.facebook.com/cimshospitals (Follow our facebook page for daily medical updates in English, Hindi & Gujarati)

www.cims.org

CIMS Hospital India App on:


PRECISION
IN BEARING CAGES
PERFECTION
IN AUTOMOTIVE COMPONENTS
BRASS
CAGES
CYLINDRICAL ROLLER CAGES
SPHERICAL ROLLER CAGES
DEEP GROOVE CAGES
ANGULAR CONTACT CAGES
THRUST ROLLER CAGES
TAPER ROLLER CAGES
STEEL
CAGES
DEEP GROOVE CAGES
TAPER ROLLER CAGES
SPHERICAL ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES
ANGULAR CONTACT CAGES
THRUST ROLLER CAGES
POLYAMIDE
CAGES
DEEP GROOVE CAGES
ANGULAR CONTACT CAGES
TAPER ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES
STAMPED
COMPONENTS
AUTOMOTIVE INDUSTRY
BEARING & SEALING
ELECTRICAL & APPLIANCE INDUSRTY
SPECIAL APPLICATION
DEFECT FREE PRODUCTS THROUGH TPM CULTURE
CUSTOMER DELIGHT | EMPLOYEE EMPOWERMENT | INNOVATION
INDIA
Harsha Engineers Ltd.
Sarkhej-Bavla Road, PO Changodar, Ahmedabad-382213, Gujarat.
Phone. +91 2717 618200 E-mail: marketing@harshaengineers.com
CHINA
Harsha Engineering
Components (Changshu) Co., Ltd.
Building 25, Maqiao Industrial Square,
Changshu Economic Development Zone,
Changshu, Jiangsu, PR China.
Phone: +86-0512-52264781
E-mail: mktg@harshaengineers.cn.com
ROMANIA
Harsha Engineers SRL
Str. Hermann Oberth nr.23 Hala 4
Ghimbav 507075 Brasov Romnania
Phone: +40372779900
E-mail: romaniamktg@harshaengineers.com
HARSHA
ENGINEERS
www.harshaengineers.com

REGD. NO. GAMC/1028/2018-20 VALID UPTO 31-12-2020 • R.N.I. 46515/87, DATE : 16-3-88
PUBLISHED ON 10TH OF EVERY MONTH • POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH


**ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.**
મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. Tel. 26400969 (M) 70432 16674

**બેંકની વિવિધ સગવડો**

- FDR વ્યાજ upto 8.60% @ with monthly Interest.
- C/A (ચાલુ ખાતા) Flexi Deposit માં વ્યાજ 5.50% @
- S/B (બચત ખાતા) Flexi Deposit માં વ્યાજ 6.00% @
- RTGS / NEFT / DD / IBC Cheque Book Charges : Nil
- ATM Card ■ Lockers ■ Free SMS Alert
- રૂા. ૨.૫૦ કરોડ સુધીની તાત્કાલિક લોન સ્કીમ – No Process Fees
- રૂા. ૧૦ લાખ સુધીની લોન/ CCમાં મોર્ટગેજ ખર્ચ : NIL

બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૬

**RADHA VALLABH GROUP**

Bonafide Brokers | Nelco Agency
Aryan Agency | Jaya Marketing

A-410, City Center, Opp. Idgah Police Chowky,
Prem Darwaja Road, Ahmedabad.
Phone : 22124412, 22120234, 22160418 (Resi.) 22865419
Web : www.bonafidebrokers.com

Chamanbhai : M. 99250 70719 Amitkumar : M. 98790 24849
Nileshbhai : M. 98250 70719 Hirenkumar : M. 98799 97777



**DEEP Industries Limited**
Oil & Gas Exploration Production & Services

- EXPLORATION AND PRODUCTION OF OIL AND GAS BLOCKS
- EXPLORATION AND PRODUCTION OF COAL BED METHANE
- NATURAL GAS COMPRESSION SERVICES
- OIL & GAS PROCESSING EQUIPMENT
- WORK OVER AND DRILLING RIGS
- HIGH PRESSURE MOBILE AIR COMPRESSION
- NATURAL GAS BASED POWER GENERATION
- GAS DEHYDRATION UNIT

CONTACT DETAILS
Deep Industries Limited
Address : 12A & 14, Abhi Shree Corporate Park, Ambli Bopal Road, Ambli, Ahmedabad-380 058, Gujarat, INDIA.
Phone # : +91-2717-298510 Fax # : +91-2717-298520
Website : www.deepindustries.com E-mail : info@deepindustries.com

MEET RUDANI +91 9726066655
MILAP PATEL +91 9737524821

**RUDANI INNOVATION INDUSTRIES**

INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...

47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle,
Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

Modular Kitchens | European Style Wardrobes | Pantry
SUJAKO



**SILICON®**
ZERO MAINTENANCE LAMINATE



RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

Customer Care: 09376327182, 09375021100
Email: info@silicon-group.com; coordinator@silicon-group.com
Web.: www.silicon-group.com

**જાહેરાત આવકાર્ય**

**જાહેરાત આવકાર્ય**


Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad
on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. • Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta • Price : Rs. 18.00 • Lifetime Subscription : Rs. 1500/- (15 Years)